# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

samaymirror@gmail.com

Year-3, Issue-163 ■ DATE : 24-4-2025 ■ THURSDAY ■ Page-10 ■ ચૈત્ર વદ ૧૧, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001


**સુવિચાર**

જીવન એ વર્તમાન ક્ષણમાં જીવવા વિશે છે, ભૂતકાળને જવા દો અને ભવિષ્ય વિશે ઓછી ચિંતા કરો!

**અગમ નિગમ અને અધ્યાત્મ પૂર્તિ**




## ધ વર્લ્ડ એરાઉન્ડ

# તુર્કીના ઈસ્તંબુલમાં ૬.૨ની તિવ્રતાનો ભૂકંપ : કેન્દ્રબિંદુ સમુદ્રમાં

**નવી દિલ્હી :** તુર્કીના ઇસ્તંબુલમાં આજે ૬.૨ની પ્રારંભિક તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, એમ દેશની કટોકટી વ્યવસ્થાપન એજન્સીએ જણાવ્યું છે. જો કે, ભૂકંપના કારણે કોઈ તાત્કાલિક નુકસાન કે જાનહાનિના અહેવાલ મળ્યા નથી. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપની તીવ્રતા ૬.૨ હતી અને તેની ઊંડાઈ માત્ર ૧૦ કિમી હતી. ભૂકંપનું કેન્દ્ર મારમારાના સમુદ્રમાં ઇસ્તંબુલથી લગભગ ૪૦ કિમી દક્ષિણપશ્ચિમમાં નોંધાયું હતું. અહેવાલો અનુસાર, આ ભૂકંપના આંચકા આસપાસના અનેક પ્રદેશોમાં પણ અનુભવાયા હતા. તુર્કી બે મુખ્ય ફોલ્ટ લાઇન પર આવેલું હોવાથી અહીં ભૂકંપો અવારનવાર આવતા રહે છે. ઉલ્લેખનીય છે કે ૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ તુર્કીમાં ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ અને તેના થોડા કલાકો બાદ આવેલા બીજા શક્તિશાળી આંચકાએ દક્ષિણ અને દક્ષિણપૂર્વ તુર્કીના ૧૧ પ્રાંતોમાં હજારો ઇમારતોને નષ્ટ અથવા ક્ષતિગ્રસ્ત કરી દીધી હતી, જેના કારણે ૫૩,૦૦૦થી વધુ લોકોના મોત થયા હતા. આ ઉપરાંત, પડોશી સીરિયાના ઉત્તરીય ભાગોમાં પણ ૬,૦૦૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# પહેલગામ હુમલા માટે પાકિસ્તાનનો આભાર માનતા યુવાનની ધરપકડ

**રાંચી :** પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ બોકારો પોલીસે એક યુવકની ધરપકડ કરી છે. હુમલા બાદ યુવકે સોશિયલ મીડિયા પર પાકિસ્તાનનો આભાર માન્યો હતો. યુવકનું નામ મો. નૌશાદ છે. તેના પિતાનું નામ મોહમ્મદ મુશ્તાક છે. ચાસ પોલીસ સ્ટેશનની પોલીસે તેને મિલ્લતનગરથી ધરપકડ કરી છે. બોકારોના યુવકે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું- આભાર પાકિસ્તાન, આભાર લશ્કર-એ-તૈયબા, અલ્લાહ તમને હંમેશાં આશીર્વાદ આપે, આમીન, આમીન. જો છજ્જ, ઈઉંડ, બજરંગ દળ અને મીડિયાને નિશાન બનાવવામાં આવે તો અમને વધુ ખુશી થશે. આ કેસમાં પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ નવીન કુમાર સિંહે જણાવ્યું હતું કે, 'યુવકે આવી પોસ્ટ કેમ કરી તે અંગે પૂછપરછ ચાલી રહી છે.' આ પોસ્ટ વાઈરલ થયા પછી તરત જ હોબાળો મચી ગયો. લોકોએ આરોપીઓની ધરપકડની માગ કરી. આ મામલે રાંચીના ધારાસભ્ય અને ભાજપ નેતા સીપી સિંહે બોકારોના પોલીસ અધિક્ષકને ફરિયાદ કરી. જે બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને આરોપી મો. નૌશાદની ધરપકડ કરી. પોલીસનું કહેવું છે કે આરોપીઓ સામે રાજદ્રોહ જેવી ગંભીર કલમો હેઠળ કેસ નોંધી શકાય છે અને પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. દરમિયાન, એસપી મનોજ સ્વર્ગિરીએ કહ્યું, 'કાયદા સાથે રમત રમનારાઓને બક્ષવામાં આવશે નહીં. પોલીસ દેશ વિરોધી પ્રવૃત્તિઓ પર નજર રાખી રહી છે.'

# POKમાંથી પાકિસ્તાની સેનાએ મુઠ્ઠીઓ વાળી : તમામ પોસ્ટ ખાલી

**પહલગામ :** ગરમીની સીઝનમાં પાકિસ્તાન હંમેશાથી જમ્મુ કાશ્મીરમાં આતંકી ઘુસાડવાની કોશિશ અને આતંકી હુમલા વધારે છે. પહલગામમાં થયેલો હુમલો આ જ પ્રકારનું એક કાવતરું છે. મોટા ભાગે ટૂરિસ્ટને ટાર્ગેટ નથી બનાવતા, પણ આ વખતે આ પણ થયું. પીએમ મોદીએ બે વાર પાકિસ્તાનને સર્જિકલ એટેક અને એર સ્ટ્રાઈક દ્વારા સાન ઠેકાણે લાવી. પાકિસ્તાનને એ વાતનો ડર હતો કે જો કોઈ હુમલો થાય છે તો તેને વળતો જવાબ જરૂર મળશે. તેથી પહલગામ હુમલા બાદ પીઓકેમાં સન્નાટો છવાયેલો છે. પાક ફૌજ પોતાની પોસ્ટ છોડી પોતાના બંકરોમાં છુપાઈ ગયા છે. હવે પોસ્ટ પર તૈનાત રહેનારા પાક સૈનિકો દેખાતા નથી. LOC પર ભારતીય સેનાએ રેડ એલર્ટ જાહેર કરી દીધું છે. પાકિસ્તાની સેનાએ એલઓસી પર ચાર વર્ષથી ચાલી રહેલા સીઝફાયરને આ મહિનામાં તોડી નાખ્યું. તે પણ એક દિવસમાં બે વાર ફાયરિંગની ઘટનાને અંજામ આપીને. ભારતીય સેનાએ પણ પાકિસ્તાન સેનાની ફાયરિંગનો જડબાતોડ જવાબ આપીને. ગુપ્તચરના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાની સેનાએ આખા એલઓસી પર હાઈ એલર્ટ જાહેર કરી દીધું છે. આ હાઈ એલર્ટ તે દિવસે જાહેર કર્યું હતું જે દિવસે તેમણે સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હતું. પાક ફૌજે તમામ જવાનોને એલર્ટ કર્યા હતા કે ખૂબ જ સાવધાનીપૂર્વક અને ખુદને ખુલ્લા વિસ્તારથી દૂર રાખો. ભારતીય સેનાની તૈનાતી LOC પર ખૂબ મજબૂત છે. સામાન્ય દિવસમાં પણ સેના એલર્ટ પર રહે છે. પણ રેડ એલર્ટ બાદ વધારે સખ્તી દર્શાવે છે. જેટલી પણ ફોર્સ રિઝર્વમાં હોય છે, તેમના માટે વૉર્નિંગ ઓર્ડર જાહેર કરી દીધા છે. જેથી જરૂર પડે તો તેમને પણ તૈનાત કરી દેવામાં આવે.

# જમ્મુ કાશ્મીર સરકારે મૃતકોના પરિજનોને દસ-દસ લાખની સહાય જાહેર કરી



**જમ્મુ :** જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલ) મોટો આતંકવાદી હુમલો થયો હતો. જેમાં ૨૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન જમ્મુ-કાશ્મીર સરકારે પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા તથા ગંભીર રીતે ઈજાગ્રસ્તોને ૨-૨ લાખ રૂપિયા તેમજ સામાન્ય ઘાયલોને ૧-૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનું એલાન કર્યું છે. નિર્દોષ નાગરિકો સાથે ક્રૂરતાના આ બર્બર અને મૂર્ખતાપૂર્ણ કૃત્ય માટે આપણા સમાજમાં કોઈ સ્થાન નથી. અમે તેની કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. અમે ગુમાવેલા અનમોલ જીવન માટે શોક વ્યક્ત કરીએ છીએ.મુખ્યમંત્રીએ કહ્યું કે કોઈપણ વળતર પ્રિયજનોના નુકસાનની ભરપાઈ ન કરી શકે, પરંતુ સમર્થન અને એકજુટતાના પ્રતીકના રૂપમાં, જમ્મુ-કાશ્મીર સરકાર મૃતકોના પરિવાર માટે ૧૦-૧૦ રૂપિયાના વળતરની જાહેરાત કરીએ છીએ. મુખ્યમંત્રીએ ગંભીર રૂપથી ઈજાગ્રસ્તો માટે ૨ લાખ રૂપિયા અને સામાન્ય ઘાયલોને ૧ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરીએ છીએ. ઉમર અબ્દુલાએ કહું કે મૃતકોના પાર્થિવ શરીરને સન્માનજનક રીતે તેમના ઘર સુધી પહોંચાડવા માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ મેડિકલ સુવિધા પુરી પાડવામાં આવી રહી છે અમારી સંવેદનાઓ આઘાતમાં ડૂબેલા પરિવારો સાથે છે. આ દુખની ઘડીમાં તમારી સાથે ઉભા છીએ.

## ઉતાવળે

- આતંકી ઘટનાને પગલે PM મોદીના દિલ્હી–કાનપુર સહિતના અનેક કાર્યક્રમ રદ
- આતંકી હુમલા બાદ પહેલગામમાં રસ્તાઓ પર સન્નાટો, તમામ દુકાનો, રેસ્ટોરન્ટ, બજારો સહિત તમામ સ્થળો સજ્જડ બંધ
- અમેરિકાના ફ્લોરિડામાં ઘટના : ફળિયામાં લટાર મારતા બે મગર પૈકી એકએ ઘરમાં ઘુસવા ડોરબેલ દબાવી : વીડિયો વાયરલ

# પહેલગામ હુમલાની જવાબદારી લેનારું ઘોરખોદીયું TRF સંગઠન સોશિયલ મીડિયાથી મજબૂત બન્યું

## કટ્ટર ધાર્મિકતાના આધારે કામ કરતું સંગઠન કઠમુલ્લાની દેન છે

**સમય મિરર | નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ દુનિયાભરમાં રોષ છે. આ ઘટનાને સાંપ્રદાયિક હુમલો ગણવામાં આવી રહ્યો છે. આતંકી હુમલાની સમગ્ર જવાબદારી TRFએ લીધી છે. આ TRF LeT એટલે કે લશ્કર-એ-તૈયબાનો એક ભાગ ગણવામાં આવે છે.

TRF ના સ્થાપક વડા શેખ સજ્જાદ ગુલ ઉર્ફે શેખ સજ્જાદ માનવામાં આવે છે. ૧૪ જૂન ૨૦૧૮ના રોજ શ્રીનગરમાં પ્રખ્યાત પત્રકાર શુજાત બુખારી અને તેમના બે અંગત સુરક્ષા રક્ષકોની હત્યામાં પણ શેખ સજ્જાદનું નામ સામે આવ્યું હતું. આતંકવાદી પ્રવૃત્તિઓમાં તેની સંડ-ોવણીને કારણે, ભારતીય ગૃહ મંત્રાલયે વર્ષ ૨૦૨૨માં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અધિનિયમ હેઠળ સજ્જાદ ગુલને આતંકવાદી જાહેર કર્યો હતો. TRF સાથે સંકળાયેલા આતંકવાદીઓમાં સાજિદ જટ્ટ અને સલીમ રહેમાની જેવા નામોનો પણ સમાવેશ થાય છે. તે બધા સીધા લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા રહ્યા છે. ભારત દ્વારા ૨૦૨૩માં TRFને સત્તાવાર રીતે આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું છે.

સૈફુલ્લાહ કસુરી ઉર્ફે સૈફુલ્લાહ સાજિદ જટ્ટને પહેલગામ હુમલાનો માસ્ટરમાઈન્ડ કહેવામાં આવી રહ્યો છે. તેમને અલી, હબીબુલ્લાહ અને નૌમાન જેવા ઘણા અન્ય નામોથી પણ ઓળખવામાં આવે છે. સૈફુલ્લાહ લશ્કર-એ-તૈયબાનો ડેપ્યુટી ચીફ પણ છે. ગુપ્તચર એજન્સીઓ અનુસાર, સૈફુલ્લાહ પાકિસ્તાનના પંજાબ પ્રાંતનો રહેવાસી છે. સૈફુલ્લાહ લશ્કર-એ-તૈયબાના સ્થાપક આતંકવાદી હાફિઝ સઈદનો વિશ્વાસુ સાથી છે. સૈફુલ્લાહ ૪૦-૪૫ વર્ષનો હોવાનું કહેવાય છે અને તે બે દાયકાથી જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ છે.

આ ૫ ઓગસ્ટ ૨૦૧૯ની વાત છે. સંસદે જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫અની કેટલીક જોગવાઈઓ દૂર કરવા માટે ભારતીય બંધારણમાં સુધારો કર્યો. આ પછી જ



ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)ની રચના થઈ. શરૂઆતમાં TRF એક ઓનલાઈન યુનિટ તરીકે કાર્યરત હતું. છ મહિનાની અંદર, લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ તેમજ અન્ય ઘણા જૂથોને એકીકૃત કરવામાં આવ્યા અને પ્રતિકાર મોરચો એક ભૌતિક આતંકવાદી જૂથ તરીકે ઉભરી આવ્યો. ૨૦૧૯માં તેની સ્થાપના થઈ ત્યારથી, આ આતંકવાદી જૂથે ઘણા હુમલાઓ કર્યા છે.

એવું માનવામાં આવે છે કે TRFની રચના-માં પાકિસ્તાનની સૌથી મોટી ગુપ્તચર એજન્સી ISIનો સૌથી મોટો હાથ છે. આ નવા આતંકવાદી સંગઠનની રચનાનો હેતુ લશ્કર-એ-તૈયબા પરથી આંતરરાષ્ટ્રીય ધ્યાન હટાવવાનો હતો. ખાસ કરીને વર્ષ ૨૦૧૮માં જ, પાકિસ્તાનને ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની ગ્રે લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું. આ પછી તેમને આર્થિક સંકટનો સામનો કરવો પડ્યો. તેથી, એક વ્યૂહાત્મક દાવપેચ તરીકે, પાકિસ્તાને TRF ની રચના કરી. તે સમયે, પાકિસ્તાન પર આતંકવાદી ભંડોળ અંગે ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સના પ્રશ્નોનું દબાણ હતું. ભારત દ્વારા ૨૦૨૩ માં TRF ને સત્તાવાર રીતે આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું છે.

TRF જમ્મુ અને કાશ્મીરનું વાતાવરણ બગાડવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો વ્યાપક ઉપયોગ કરી રહ્યું છે. તેથી તેને એક ચહેરા વગરનું અને ટેકનોલોજી-સેવી આતંકવાદી સંગઠન માનવામાં આવે છે. સોશિયલ મીડિયા દ્વારા પોતાના સંદેશાઓ ફેલાવીને, તે જમ્મુ અને કાશ્મીરના લોકોને સરકાર વિરુદ્ધ ઉશ્કેરે છે અને લોકોને આતંકવાદી સંગઠનોમાં જોડાવા માટે ઉશ્કેરે છે. એટલું જ નહીં, TRFની રણનીતિ પણ અગાઉના આતંકવાદી સંગઠનો કરતા અલગ છે. આ સંગઠનમાં આત્મઘાતી બોમ્બરોને તાલીમ આપવામાં આવતી નથી. તેના સભ્યોના ફોટા પણ સરળતાથી ઉપલબ્ધ નથી. આ બધા આતંકવાદીઓ ગ્રાઉન્ડ વર્કર્સનું એક વિશાળ નેટવર્ક બનાવે છે અને તેમના દ્વારા સરળ લક્ષ્યો બનાવે છે. આ સંગઠનના સભ્યોમાં એવા યુવ-ાનોનો સમાવેશ થાય છે જેઓ સુરક્ષા દળોના રડાર પર પણ નથી. આ કારણે, તેમને ટ્રેસ કરવું સરળ નથી. આતંકવાદીઓ સામે સતત કામ કરી રહેલા અધિકારીઓનું કહેવું છે કે કાશ્મીરમાં CRPF જવાનો અને સેના પર થયેલા હુમલાઓને શૂટ કરવા માટે TRF GoPro જેવા બોડી કેમેરાનો ઉપયોગ કરે છે. તેણે માત્ર કાશ્મીરી પંડિતોને જ નહીં પરંતુ શીખ, હિન્દુ, મુસ્લિમ અને વિવિધ ધાર્મિક માન્યતાઓ ધરાવતા લોકોને પણ નિશાન બનાવ્યા છે.

# એવો જવાબ આપીશું કે દુનિયા જોતી રહેશે : રાજનાથસિંઘની ગર્જના

## સમગ્ર દેશ આ કાયરતાપૂર્ણ કૃત્ય સામે એકજુટ છેઃ રક્ષામંત્રી

**સમય મિરર | નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા હુમલાની ઘટનામાં ૨૬ લોકો માર્યા ગયા છે. આ તમામની વચ્ચે ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહનું નિવેદન સામે આવ્યું છે.

હુમલા બાદ રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, હુમલામાં શામેલ એક પણ આતંકવાદીને છોડવામાં આવસે નહીં, હવે એવું કરશું કે દુનિયા જોતી રહેશે. ભારત ટુંક સમયમાં હુમલાનો જવાબ આપશે. હું દેશવાસીઓને આશ્વસ્ત કરવા માંગુ છું કે સરકાર દરેક જરૂરી પગલાં ભરશે. અમે ના ફક્ત આ કૃત્યને અંજામ આપનાર દોષીઓ સુધી પહોંચીશું પરંતુ પડદા પાછળના લોકો સુધી પણ પહોંચીશું... આરોપીઓને જલદી જોરદાર અને સ્પષ્ટ જવાબ મળશે, હું દેશને આશ્વસ્ત કરવા માંગુ છું. સરંક્ષણ મંત્રી રાજનાથ સિંહે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પરિણામોની ચર્ચા કરવા અને કેન્દ્રશાસિત પ્રદેશમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અને ત્રણેય સૈન્યના પ્રમુખ તથા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે સાથે ઈમરજન્સી બેઠક કરી હતી. આ બેઠક લગભગ અઢી કલાક સુધી ચાલી હતી. આ પહેલા આજે સંરક્ષણ મંત્રીને પહલગામ અને સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ વિશે આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને તેમના નૌકાદળના સમકક્ષ એડમિરલ દિનેશ ત્રિપાઠી દ્વારા માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ સંબંધિત તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

રાજનાથ સિંહે પહેલગામમાં થયેલા હુમલાને ''અત્યંત અમાનવીય'' ગણાવ્યો હતો જેણે ''આપણને બધાને ઊંડા શોક અને વેદના-માં મૂકી દીધા છે''. ''હું ભારતના દ્રઢ સંકલ્પને પુનરાવર્તિત કરવા માંગુ છું કે આતંકવાદ સામે અમારી પાસે શૂન્ય સહિષ્ણુતા નીતિ છે''

**૩૦ એપ્રિલથી શરૂ થઈ રહેલી**

# ચારધામ યાત્રાને લઈને ઉત્તરાખંડમાં સુરક્ષા વ્યવસ્થા વધારાઈ

**સમય મિરર | નવી દિલ્હી**



જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ ઉત્તરાખંડમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને કડક કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્ય પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી છે અને સમગ્ર રાજ્યને હાઈ એલર્ટ પર રાખ્યું છે. સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યો છે. સુરક્ષા તપાસ વધુ કડક બનાવવામાં આવી છે. ખરેખર, રાજ્યમાં ૩૦ એપ્રિલથી ચારધામ યાત્રા શરૂ થઈ રહી છે. ભારત અને વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો તેમાં ભાગ લેવાના છે. જેને લઈને સરકારે સુરક્ષા વધારી દીધી છે. દીપમ સેઠે રાજ્યમાં હાઈ એલર્ટ અંગે માહિતી આપી. તેમણે કહ્યું કે પહેલગામ ઘટના બાદ તરત જ સમગ્ર રાજ્યમાં સતર્કતા વધારી દેવામાં આવી છે. સરહદી વિસ્તારોમાં સઘન ચેકિંગ ચાલી રહ્યું છે. ભીડભાડવાળા સ્થળોએ પોલીસ પેટ્રોલિંગ અને દેખરેખ વધારવામાં આવી છે. વરિષ્ઠ અધિકારીઓને પોતે ફિલ્ડમાં જઈને પરિસ્થિતિ પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે. ડીજીપીએ એમ પણ જણાવ્યું હતું કે રાજ્યમાં પરિસ્થિતિ હાલમાં નિયંત્રણમાં છે પરંતુ કોઈપણ પ્રકારની ઢીલ ટાળવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. દહેરાદૂન અને હરિદ્વાર સહિત તમામ મોટા શહેરોમાં વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. રેલવે સ્ટેશનો, બસ સ્ટેન્ડ અને ભીડભાડવાળા વિસ્તારોમાં બોમ્બ સ્ક્વોડ અને ડોગ યુનિટ સાથે ખાસ સુરક્ષા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. દેહરાદૂન એસએસપી અજય સિંહે જણાવ્યું હતું કે રાજ્યની સરહદો પર કડક દેખરેખ રાખવામાં આવી રહી છે અને તમામ પોલીસ અધિકારીઓને એલર્ટ મોડમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ચાર ધામ યાત્રાને કારણે, આ દિવસોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉત્તરાખંડ પહોંચી રહ્યા છે. આ ઉપરાંત મેદાની વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયા બાદ પ્રવાસીઓ પણ પર્વતો પર પહોંચવા લાગ્યા છે. આવી સ્થિતિમાં, દરેકની સલામતી એક મોટો પડકાર બની ગયો છે. પોલીસ અને વહીવટીતંત્ર કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. દરેક વ્યક્તિએ સુરક્ષિત અનુભવવું જોઈએ. ડીજીપી દીપમ સેઠે જણાવ્યું હતું કે પ્રવાસીઓ અને સામાન્ય નાગરિકોની સુરક્ષા અમારી ટોચની પ્રાથમિકતા છે.

ડીજીપીએ કહ્યું કે ઉત્તરાખંડ પોલીસ સામાન્ય લોકોને પણ સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી રહી છે. રાજ્યમાં શાંતિ જાળવવા માટે એકતા અને જાગૃતિનો આ સમય છે. પહેલગામ હુમલાએ ફરી એકવાર સુરક્ષા એજન્સીઓને સતર્ક કરી દીધી છે.

# ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવાનું હંમેશા બંધ કરવાની સલાહ આપી

## કોહલી, કે.એલ. રાહુલ, પૂર્વ ક્રિકેટર શ્રીવત્સ ગોસ્વામી સહિતના ક્રિકેટરો ભડક્યા

**સમય મિરર | નવી દિલ્હી**

મંગળવારે કાશ્મીરના પહલગામના બૈસરન ઘાસના મેદાનમાં થયેલા આ હુમલ-ામાં ૨૭થી વધુ લોકો માર્યા ગયા હતા. તેમજ ડઝનથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જેમાં મોટાભાગના લોકો પ્રવાસી હતા. આ હુમલાને કાશ્મીરમાં થયેલો સૌથી ભયાનક આતંકવાદી હુમલો ગણાવવામાં આવી રહ્યો છે. આ ઘટના બાદ પૂર્વ ભારતીય ક્રિકેટર શ્રીવત્સ ગોસ્વામીએ કહ્યું કે, 'ભારતે ક્યારેય પાકિસ્તાન સાથે ક્રિકેટ ન રમવું જોઈએ. શ્રીવત્સ ગોસ્વામીએ સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટમાં લખ્યું, 'હું હંમેશા એ જ કહું છું. પાકિસ્તાન સાથે ક્રિકેટ ન રમવું જોઈએ. આજે પણ નહીં. ક્યારેય નહીં.' ગોસ્વામી સિવાય ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ પણ આ અંગે અવાજ ઉઠાવ્યો છે. તેણે ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું કે, ગુનેગારોને કડક સજા થવી જોઈએ. ગોસ્વામીની પોસ્ટ પરથી ખ્યાલ આવી રહ્યો છે કે, કેટલો ગુસ્સો છે. તેમણે આગળ લખ્યું, 'જ્યારે BCCI અને સરકારે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતને પાકિસ્તાન ન મોકલવાનો નિર્ણય લીધો, ત્યારે કેટલાક લોકોએ હિંમત કરીને કહ્યું કે 'રમત રાજકારણથી ઉપર હોવી જોઈએ'. ખરેખર? કારણ કે જ્યા હું ઉભો છું, ત્યાથી તો આ બધુ દેખાય છે કે, નિર્દોષ ભારતીયની હત્યા કરવી તેમની રાષ્ટ્રીય રમત બની ગઈ છે. અને જો તેઓ આજ રીતે રમશે તો, આપણે પણ તેમની જ ભાષામાં જવાબ આપવો જોઈએ, જે ભાષામાં તેઓ સમજે છે. બેટ અને બોલથી નહીં, પરંતુ સંકલ્પ, ગૌરવ અને શૂન્ય સહિષ્ણુતાથી. હું આક્રોશિત છું, હું ભાંગી પડ્યો છું.

ગોસ્વામીએ આગળ લખ્યું, 'થોડા મહિના પહેલા હું લેજેન્ડ્સ લીગ માટે કાશ્મીરમાં હતો. પહલગામની ગળીઓમાં ફર્યો, ત્યાંના લોકોને મળ્યો છું, તેમની આંખોમાં ફરી નવી આશાઓ જાગી છે જોઈ શકાતી હતી. એવું લાગ્યું કે શાંતિ પાછી આવી ગઈ છે. અને હવે ફરી આ ખૂનખરાબા. આ અંદરથી કંઈક ખાલી કરી નાખે છે. વારંવાર એ સવાલ ઉઠે છે કે, અમારી પાસે કેટલીવાર આશા કરવામાં આવશે કે, અમે ચૂપ રહીએ. કે જ્યારે અમારા લોકો મરી રહ્યા છે. બસ હવે બહુ થયું, આ વખતે નહીં.'

વિરાટ કોહલીએ પણ આ ઘટનાને હૃદયદ્રાવક ગણાવી હતી અને ગુનેગારોને કડકમાં કડક સજાની માંગ કરી. વિરાટ કોહલીએ ઇન્સ્ટાગ્રામ પોસ્ટ કરીને લખ્યું, 'પહલગામમાં નિર્દોષ લોકો પર થયેલા જઘન્ય હુમલાથી હું ખૂબ જ દુઃખી છું, શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના છે, હું જીવ ગુમાવનારા તમામ લોકોના પરિવારો માટે શાંતિ અને શક્તિ માટે પ્રાર્થના કરું છું અને આ ક્રૂર કૃત્ય માટે ન્યાયની કામના કરું છું.'

# પહેલગામ હુમલા માટે ભાજપની નફરતની રાજનીતિ જવાબદાર : સંજય રાઉત

## અમિત શાહ દેશના ઇતિહાસના સૌથી મોટા નિષ્ફળ ગૃહમંત્રીઃ શિવસેના (યુબીટી) સાંસદ રાઉત

**સમય મિરર | મુંબઈ**

શિવસેના-યુબીટી સાંસદ સંજય રાઉતે જમ્મુ અને કાશ્મીરના માં થયેલા આતંકવાદી હુમલાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, 'જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા માટે ભાજપ શાસનની નફરતની રાજનીતિ જવાબદાર છે, જેમાં ૨૬ લોકો માર્યા ગયા.'

આ સાથે જ પત્રકારે સાથે વાત કરતા સંજય રાઉતે કહ્યું કે, 'અમિત શાહ દેશના ઇતિહાસના સૌથી મોટા નિષ્ફળ ગૃહમંત્રી છે, તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.'

સંજય રાઉતે આ મામલે વધુમાં કહ્યું કે, 'પહલગામ આતંકવાદી હુમલા માટે મોદી સરકાર જવાબદાર છે. દેશમાં આંદોલન કરવાના બદલે અમિત શાહ, પીએમ મોદી અને તેમના પરિવારની સુરક્ષા ઘટાડવી વધુ સારું છે. તેમજ સેનામાં સૈનિકો માટે બે લાખ જગ્યાઓ ખાલી છે. ગૃહમંત્રી તે જગ્યાઓ ભરવા પણ તૈયાર નથી. ૨૦૦૦ પ્રવાસીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી. શું કેન્દ્ર સરકારને ખબર નહોતી કે ત્યાં સુરક્ષા વધારવી જોઈએ?'

સંજય રાઉતે ભાજપ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, 'જો આતંકવાદીઓ લોકોને મારતા પહેલા ધર્મ પૂછે છે, તો તેના માટે ભાજપની નફરતની રાજનીતિ જવાબદાર છે.' રાજ્યસભાના સભ્યએ દાવો કર્યો કે નફરતની રાજનીતિ એક દિવસ 'બૂમરેંગ' થશે. આ માટે બીજા કોઈ જવાબદાર નથી પણ પશ્ચિમ બંગાળથી જમ્મુ કાશ્મીર સુધી ફેલાયેલા નફરતનું પરિણામ છે.'

શાસક ગઠબંધનના નેતાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, 'તેઓ ૨૪ કલાક સરકારો બનાવવામાં અને પાડી નાખવામાં તેમજ વિપક્ષી નેતાઓને જેલમાં નાખવામાં વ્યસ્ત રહે છે. તેઓ લોકોનું રક્ષણ કેવી રીતે કરશે?'

રાઉતે દાવો કર્યો હતો કે બિહારની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સરકાર સર્જિકલ સ્ટ્રાઈક કરશે અને રાજકારણ કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ પર નિશાન સાધતા રાઉતે કહ્યું કે, 'નોટબંધી પછી પીએમ મોદીએ કહ્યું હતું કે આ કવાયત દેશમાં આતંકવાદનો અંત લાવશે. પરંતુ, આતંકવાદી હુમલાના કિસ્સાઓ વધી રહ્યા છે અને તેઓ સંસદમાં આતંક સંબંધિત ઘટનાઓ વિશે જૂઠું બોલી રહ્યા છે. તેઓ ઘટનાઓની માહિતી જાહેરમાં બહાર આવવા દેતા નથી.'

# આતંકી હુમલા બાદ એરલાઈન્સ કંપનીઓએ મુસાફરો માટે રાહતરૂપ નિર્ણય કર્યો

## શ્રીનગર માટેની ફ્લાઈટ્સનો કેન્સલેશન ચાર્જ માફ : શ્રી નગરથી દેશમાં વધુ ફ્લાઈટ્સ ઉડાવવાનો પણ નિર્ણય

**સમય મિરર | નવી દિલ્હી**

પહલગામમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં વિવિધ એરલાઈન્સ પરિવહનની સુવિધા સરળતાથી મળે રહે તે માટે ખડેપગે સજ્જ બની છે. એર ઇન્ડિયા એક્સપ્રેસ શ્રીનગરથી શ્રીનગર મુસાફરી કરતાં પ્રવાસીઓને અગવડ ન પડે તેનું ધ્યાન રાખતાં સેવા આપી રહી છે. એર એશિયાએ પણ એરલાઇન ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી શ્રીનગરથી શ્રીનગર માટેની ફ્લાઇટ્સનો કેન્સલેશન ચાર્જ માફ કરવાની જાહેરાત કરી છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને પણ વિવિધ એરલાઈન્સને શ્રીનગર સાથે કનેક્ટિવિટી વધારવા સલાહ આપી છે. શ્રીનગરમાંથી પ્રવાસીઓને પાછા ઘરે પહોંચાડવા માટે વધુ ફ્લાઈટ મૂકવા અપીલ કરી છે.

એર ઇન્ડિયા એક્સપ્રેસે ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી શ્રીનગરથી શ્રીનગર માટે ફ્લાઈટ બુકિંગ કરાવનારા મુસાફરોને પોતાનો પ્રવાસ રિશિડ્યુલ કરવાની સુવિધા સંપૂર્ણપણે ફ્રી છે. તેમજ ફેર ડિફરન્સ પણ આપવામાં આશે. વધુમાં બુકિંગ કેન્સલ કરાવનારાઓને પેમેન્ટ મોડમાં સંપૂર્ણપણે રિફંડ પ્રાપ્ત થશે. કંપનીની https://www.airindiaexpress.com/manage-booking પર અથવા એઆઈ સંચાલિત ચેટ આસિસ્ટન્ટ, ટિયાની મદદથી SrinagarSupport ટાઈપ કરી પોતાના બુકિંગ સંબંધિત પ્રક્રિયાઓ સરળતાથી પૂર્ણ કરી શકે છે.

એર ઇન્ડિયા એક્સપ્રેસ શ્રીનગરથી સીધા બેંગ્લુરૂ, દિલ્હી, હૈદરાબાદ, જમ્મુ અને કોલકાતા ફ્લાઈટનું સંચાલન કરે છે. સપ્તાહમાં લગભગ ૮૦ ફ્લાઈટનું સંચાલન કરવામાં આવે છે. એરલાઇન પોતાના સ્થાનિક નેટવર્કમાં અગરતલા, અયોધ્યા, ચેન્નઈ, ગોવા, કોચ્ચી, મુંબઈ, પટના, તિરુવનંતપુરમ અને વારાણસી સહિત ૨૬ સ્થળો પર વન-સ્ટોપ કનેક્ટિવિટી પ્રદાન કરે છે.

એર ઇન્ડિયાએ બુધવારે પહલગામમાં આતંકી હુમલા બાદ આજે ૨૩ એપ્રિલના રોજ શ્રીનગરથી બે વધારાની ફ્લાઇટ ઓપરેટ કરશે. જે શ્રીનગરથી દિલ્હી અને મુંબઈ માટે છે. અકાસા એરલાઈન્સે પણ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં દુઃખદ ઘટનાઓ પ્રત્યે શોક વ્યક્ત કર્યું છે. ઈન્ડિગોએ શ્રીનગરમાં વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખતાં રિશિડ્યુલ અને કેન્સલેશન કરાવવા પર છૂટને પ્રોત્સાહન આપ્યું છે. તેમજ વધારાની ફ્લાઈટ ઓપરેટ કરવાની જાહેરાત કરી છે. વધુ માહિતી માટે https://goindigo.in તથા +૯૧ ૧૨૪ ૪૯૭૩૮૩૮ - +૯૧ ૧૨૪ ૬૧૭૩૮૩૮ પર સંપર્ક કરી શકો છો. નોંધનીય છે, આ આતંકી હુમલામાં બે વિદેશી, બે સ્થાનિક સહિત ઓછામાં ઓછા ૨૮ લોકોના મોત થયા છે.

# શ્રીનગરની મસ્જિદોમાં એલાન થયું : હુમલાખોરો ઈસ્લામ અને કાશ્મીરિયતના દુશ્મન

**સમય મિરર | નવી દિલ્હી**

દક્ષિણ કાશ્મીરથી લઈને ઉત્તર કાશ્મીરમાં નિયંત્રણ રેખાને અડીને આવેલા નૌગામ (કુપવાડા) સુધી મંગળવારે સાંજે સ્થાનિક લોકો દ્વારા પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરતા કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી.

શ્રીનગરની મસ્જિદોમાં બૈસારન હુમલાની નિંદાનું એલાન થયું અને કહ્યું કે, હુમલાખોરો ઈસ્લામ અને કાશ્મીરિયતના દુશ્મન છે. બૈસારન હુમલા બાદથી સમગ્ર ઘાટીના લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. પહેલગામના સ્થાનિક લોકોએ પીડિતો સાથે એકજૂટતા વ્યક્ત કરવા માટે સાંજે કેન્ડલ માર્ચ કાઢી હતી. યુવાનો, દુકાનદારો અને હોટલ માલિકોએ તેમાં ભાગ લીધો હતો. આ લોકો 'અમે શાંતિ માટે ઉભા છીએ' અને 'પ્રવાસીઓ અમારા મહેમાનો છે' લખેલા પોસ્ટર લઈને માર્ચમાં સામેલ થયા હતા. પુલવામા, બડગામ, શોપિયાં, શ્રીનગર ઉપરાંત સ્થાનિક લોકોએ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા, બાંદીપોરા અને કુપવાડામાં પણ કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંગળવારે સાંજે ઈશાની નમાજ સમયે ઘાટીની લગભગ દરેક મસ્જિદના લાઉડસ્પીકર પર બૈસારન હુમલાની નિંદાનું એલાન થયું હતું. આ દરમિયાન લોકોને કાશ્મીરીયત અને ઈસ્લામના દુશ્મનોના આ નાપાક કૃત્ય સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા માટે બૈસારનના શહીદો અને તેમના પરિવારો પ્રત્યે પોતાની સહાનુભૂતિ વ્યક્ત કરવા માટે બુધવારના કાશ્મીર બંધને સફળ બનાવવાનું કહેવામાં આવ્યું હતું.

જમ્મુ-કાશ્મીરમાં પ્રખ્યાત પર્યટન સ્થળ પહલગામની મુલાકાતે આવેલા પ્રવાસીઓ પર આતંકવાદીઓએ મંગળવારે મોટો હુમલો કર્યો હતો. પાંચ આતંકવાદીઓ ત્યાંના રિસોર્ટમાં ઘૂસી ગયા અને એક પછી એક પ્રવાસીઓ પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. આતંકવાદીઓએ પ્રવાસીઓના નામ અને ધર્મ પૂછ્યા પછી તેમને ગોળી ધરબી દીધી. આતંકવાદીઓએ લગભગ ૨૦થી ૨૫ મિનિટ સુધી આ ખૂની ખેલ ખેલ્યો અને પછી જંગલ તરફ નાસી છૂટ્યા. આ હુમલામાં ૨૮ લોકોના મોત થયા છે. પહલગામમાં થયેલા આ ભયાનક નરસંહાર બાદ લોકોમાં ભયનો માહોલ છે.

# સમય મિરર

samaymirror@gmail.com

SAMAY MIRROR (MORNING DAILY)

RNI NO:-GUJGUJ/2022/84575

DATE : 24-4-2025 ■ THURSDAY


### પાકિસ્તાનના હુક્કા-પાણી સજ્જડ બંધ

# ભારતની પાકિસ્તાન પર ડિપ્લોમેટિક સર્જિકલ સ્ટ્રાઈક



**ભારતમાં પાકિસ્તાનનું દૂતાવાસ બંધ**

**સિંધુ જળ સમજૂતી રોકવામાં આવી**

**અટારી- વાઘા બોર્ડર ચેક પોસ્ટ બંધ, પાકિસ્તાની નાગરિકોને ભારતમાં નો એન્ટ્રી**



**તમામ પાકિસ્તાનીઓના વિઝા રદ્દ, તમામ પાકિસ્તાની નાગરિકોને 48 કલાકમાં ભારત છોડવાનું ફરમાન**

## પાકિસ્તાની દૂતાવાસનો વધારાનો સ્ટાફ એક સપ્તાહમાં ભારત છોડે : MEA

**સમય મિરર । નવી દિલ્હી**

જે પ્રકારે ધારણા રખાઈ રહી હતી તે પ્રમાણે જ ભારતે પાકિસ્તાન પર રાજનૈતિક સજીર્કલ સ્ટ્રાઈક કરી છે. બુધવારે ઉચ્ચ નેતાઓને બેઠક બાદ જાહેર કરવામાં આવ્યું હતું કે પાકિસ્તાન સાથે તમામ પ્રકારના સંબંધો કાપી નાખવામાં આવે આ બેઠક પહેલા રક્ષા મંત્રી રાજનાથજીએ સેનાની ત્રણેય પાંખો સાથે અઢી કલાક સુધી બંધ બારણે બેઠક કરી હતી ત્યારબાદ મોડી સાંજે કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (સીસીએસ)ની બેઠકમાં પાકિસ્તાન પાસે કૂટનૈતિક સર્જિકલ સ્ટ્રાઈકનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય પ્રમાણે ભારતમાં પાકિસ્તાનના દૂતાવાસને બંધ કરવા તેમજ રાજદ્વારીઓને એક સપ્તાહમાં ભારત છોડી જવા માટેનું ફરમાન કરવામાં આવ્યું છે. પાકિસ્તાની ઉચ્ચાયોગમાં હવે ૫૦ની બદલે 30નો સ્ટાફ જ રહેશે.

આ ઉપરાંત ભારતમાં રહેતા તમામ પાકિસ્તાની નાગરિકોએ ૪૮ કલાકમાં દેશ છોડી જવો તેવું ફરમાન પણ કરવામાં આવ્યું હતું. વધુમાં ભારત પાકિસ્તાન સરહદે અટારી બોર્ડરની ચેકપોસ્ટને તત્કાલ અસરથી બંધ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત પાકિસ્તાની નાગરિકોને ભારતના વિઝા આપવા માટે પણ તત્કાલ અસરથી રોક લગાવવામાં આવી છે. દિલ્હીમાં પાકિસ્તાની દૂતાવાસના કર્મચારીઓ પૈકી પાંચને હાંકી કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત સૌથી મોટો નિર્ણય જો કોઈ હોય તો એ સિંધુ નદીનું પાણી રોકવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૯૬૦માં લાગુ કરવામાં આવેલી સિંધુ નદીના પાણી ડિસ્ટ્રીબ્યુશનની સંધિ તત્કાળ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. આનાથી પાકિસ્તાનની ખેતીને મોટું નુકસાન થશે અને પાકિસ્તાનમાં પાણીની પણ ભારે કટોકટી સર્જાશે. ખૂન અને પાણી એક સાથે નહી ચલાવી લેવાય એવો આ સ્પષ્ટ અને કડક સંદેશ પાકિસ્તાનને ભારત તરફથી આપવામાં આવ્યો છે. પાકિસ્તાની નાગરિકોને પણ આ નિર્ણયથી ખ્યાલ આવશે કે ભારત શું શું કરી શકે છે. પાક સેનાથી અગાઉથી જ નારાજ જનતા આ તમામ નિર્ણયોથી સેનાના વધુ વિરોધમાં ઉતરી આવશે તેમ મનાઈ રહ્યું છે. બીજી તરફ ભારતે પાકિસ્તાનથી રાજદૂતને પરત બોલાવી લેવાની જાહેરાત પણ કરી છે. આનાથી એક સ્પષ્ટ સંદેશ પાકિસ્તાનને આપવામાં આવ્યો છે કે જ્યાં સુધી પાકિસ્તાન આતંકવાદીઓને સમર્થન આપવાનું બંધ નહી કરે ત્યાં સુધી તમામ પ્રકારની વાતચીત સજ્જડ બંધ કરવામાં આવી છે. આજે ગુરુવારે રક્ષા મંત્રી રાજનાથ સિંઘના નેતૃત્વમાં સર્વદલીય બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને અજિત ડભોલ પણ ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં વિપક્ષના તમામ નેતાઓ ઉપસ્થિત રહેશે એવી ધારણા રાખવામાં આવી રહી છે. આમ ભારતે સૌથી પહેલા પાકિસ્તાન પર રાજનૈતિક સ્ટ્રાઈક કરી છે. પાકિસ્તાન આ નિર્ણયોથી ભારે ભયભીત થયું છે અને વિચારી રહ્યું છે કે ભારતનું આગળનું પગલું કેવું ખતરનાક હશે. ભારત આ વખતે આરપારની લડાઈના મૂડમાં હોય તેવું જણાઈ રહ્યું હોવાનું આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો માની રહ્યા છે.

---

**બોડી કેમેરાઓથી સમગ્ર હુમલાનું રેકોર્ડિંગ કર્યુ હોવાનો ઘટસ્ફોટ**

## આતંકવાદીઓના પાકિસ્તાન કનેક્શનના પુરાવા મળ્યા

**સમય મિરર । શ્રીનગર**

પહેલગામ આતંકવાદી હુમલા અંગે ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે અને આ આતંકવાદી હુમલા અંગે એક મોટો ખુલાસો થયો છે, ૨૬ નિર્દોષ લોકોની નિર્દયતાથી હત્યા કરનારા ચાર આતંકવાદીઓની તસવીરો સામે આવી છે. મળતી માહિતી મુજબ, બે આતંકવાદીઓ પશ્તો ભાષામાં વાત કરી રહ્યા હતા. હુમલો કરનારા આ બે આતંકવાદીઓ પાકિસ્તાની હોવાનું કહેવાય છે, તેમની ઓળખ થઈ ગઈ છે. આમાંથી એક આતંકવાદી આસિફ શેખ જૈશ-એ-મોહમ્મદનો આતંકવાદી હોવાનું કહેવાય છે. ચારમાંથી ત્રણ આતંકવાદીઓના નામ પણ જાહેર કરવામાં આવ્યા છે. તેમના કોડ નામ હતા, આસિફ ફૌજીનું નામ મુસા,



સુલેમાન શાહનું નામ યુનુસ, અબુ તલ્હાનું કોડ નામ આસિફ, ત્રણેય આતંકવાદીઓના કોડ નામ હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓએ બોડી કેમેરા પહેર્યા હતા અને તેમણે સમગ્ર ઘટનાનો વીડિયો બનાવ્યો હતો. આતંકવાદીઓએ પહેલા પ્રવાસીઓને માથું નમાવવા કહ્યું અને પછી AK-47 અને અમેરિકન M-14 રાઈફલથી ગોળીબાર શરૂ કર્યો. તપાસ એજન્સીઓએ ત્રણ શંકાસ્પદોના સ્કેચ પણ જાહેર કર્યા હતા. આ પછી ચારેય આતંકીઓના ફોટા પણ સામે આવી ગયા છે.

પહેલગામ હુમલાની તપાસ કરી રહેલી ગુપ્તચર એજન્સીઓને ઘટના સ્થળ નજીક ખૂબ જ અદ્યતન શ્રેણીના સંદેશાવ્યવહાર સાધનો મળી આવ્યા છે, જે દર્શાવે છે કે આતંકવાદીઓને બહારથી ક્યાંકથી લોજિસ્ટિકલ સપોર્ટ અને સહયોગ મળી રહ્યો હતો. ગુપ્તચર એજન્સીઓએ દાવો કર્યો છે કે હુમલો કરનારા આતંકવાદીઓ પાકિસ્તાનમાં બેઠેલા કાર્યકરો સાથે સીધા સંપર્કમાં હતા અને ત્યાં બેઠેલા તેમના માસ્ટર બધી માહિતી લાઈવ મેળવી રહ્યા હતા.

---

## ઉત્તરી કાશ્મીરના ઉરીમાં ભારતીય સેનાએ બે ઘુસણખોર આતંકીને ઠાર કર્યા

### મોટી માત્રામાં હથિયાર, દારૂગોળો અને અન્ય યુદ્ધ સામગ્રી મળી

**સમય મિરર । શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં મંગળવારે પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાના પગલે, બુધવારે ઉત્તરી કાશ્મીરના ઉરીમાં ભારતીય સેનાના જવાનોએ ઘૂસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. સેના અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી ભારે માત્રામાં હથિયારો, દારૂગોળો અને અન્ય યુદ્ધ સામગ્રી જપ્ત કરવામાં આવી છે.

સેનાના જણાવ્યા અનુસાર, બુધવારે ઉત્તરી કાશ્મીરના ઉરી સેક્ટરમાં આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. જો કે, સેનાના સતર્ક જવાનોએ આ પ્રયાસને સફળ થવા દીધો ન હતો અને અથડામણમાં બે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. હાલમાં વિસ્તારમાં સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ છે.

આ ઉપરાંત, ભારતીય સેનાએ માહિતી આપતા જણાવ્યું હતું કે બુધવારે જ જમ્મુ-કાશ્મીરના બારામુલા જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) પર ઘૂસણખોરીના એક પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. ચિનાર કોર્પ્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ૨૩ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, લગભગ બે થી ત્રણ અજાણ્યા આતંકવાદીઓએ ઉરી નાલા, બારામુલા (ઉત્તરી કાશ્મીરમાં) માં સરજીવનના સામાન્ય વિસ્તારમાંથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. સેનાએ જણાવ્યું કે એલઓસી પર તૈનાત સતર્ક સૈનિકોએ ઘૂસણખોરોને પડકાર્યા અને તેમને રોક્યા, જેના પરિણામે ગોળીબાર થયો હતો. હાલમાં આ વિસ્તારમાં પણ ઓપરેશન ચાલુ છે.

---

**ઘાયલોની મુલાકાત લઈ દિલ્હી પરત ફર્યા**

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મૃતકોને શ્રદ્ધાંજલિ આપી

**સમય મિરર । નવી દિલ્હી**

મંગળવારે જમ્મુ-કાશ્મીરના પહલગામના બૈસરનમાં એક મોટો આતંકવાદી હુમલો થયો, ત્યાર બાદ પીએમ મોદી સાઉદી અરેબિયા દ્વારા આયોજિત સત્તાવાર રાત્રિભોજનમાં હાજરી આપી ન હતી. તેણે પોતાનો સાઉદી પ્રવાસ ટૂંકાવીને પાછા ફરવાનું નક્કી કર્યું. તેઓ પોતાનો સાઉદી પ્રવાસ અધવચ્ચે જ છોડીને નવી દિલ્હી પહોંચી ગયા હતાં.

પ્રધાનમંત્રી બે દિવસની મુલાકાતે સાઉદી ગયા હતા. આજે પ્રધાનમંત્રી સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠકમાં હાજરી આપી હતી. પ્રધાનમંત્રી મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે ટેલિફોન પર વાતચીત કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શ્રીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ શ્રીનગર પહોંચ્યા હતા. જ્યાં તેમણે પહેલગામ હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેઓ હોસ્પિટલમાં દાખલ ઘાયલોને પણ મળ્યા હતાં. અને બાદમાં પહેલગામની મુલાકાતે પહોંચ્યા હતાં. દિલ્હી પરત ફર્યા પછી સીસીએસની બેઠક માં હાજરી આપી હતી.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ એરલાઈન્સને શ્રીનગર જનારા અને ત્યાંથી આવતા મુસાફરો માટે વાજબી ભાડા રાખવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે એરલાઈન્સને નિયમિત ભાડા જાળવવા સૂચના આપી છે. ઉપરાંત, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પહેલગામ પીડિતો માટે ચાર ખાસ વિમાનોની વ્યવસ્થા કરી છે. કાશ્મીરથી દિલ્હી માટે બે ફ્લાઈટ્સનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જ્યારે કાશ્મીરથી મુંબઈ માટે બે ફ્લાઈટ્સનું સંચાલન કરવામાં આવ્યું હતું. નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

---

# ભારતની કટ્ટર ટક્કરની તૈયારીથી ના-પાક પાકિસ્તાનમાં ભયનો માહોલ

### ભારતની સંભવિત કાર્યવાહીના ભયે પાકિસ્તાની સેનાનો LOC-POC પર જમાવડો શરૂ : આતંકવાદીઓ કેમ્પ છોડી ભાગ્યા

**સમય મિરર । નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી ઘટના બાદ ભારતના પ્રતિભાવના સંકેતથી પાકિસ્તાન ડરી ગયું છે. ભારતમાં જે રીતે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. તે જોતાં એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારત પાકિસ્તાનમાં કંઈક મોટું કરી શકે છે. બીજી તરફ, ભારતની કાર્યવાહીથી ડરીને, પાકિસ્તાનના ટોચના નેતાઓએ નિવેદનો આપવાનું શરૂ કરી દીધું છે. ૨૦૧૬ અને ૨૦૧૯ માં, ભારતે આતંકવાદી હુમલાઓ પછી સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. બંને સર્જિકલ સ્ટ્રાઈકમાં ૫૦૦ થી વધુ પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા હતા.

જ્યારે પહેલગામમાં આતંકવાદી હુમલો થયો ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદીમાં હતા. મોદીએ ત્યાંની તેમની મુલાકાત રદ કરી અને તરત જ ભારત પાછા ફર્યા. રિપોર્ટ અનુસાર, પીએમ પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રને બદલે કોઈ બીજા માર્ગે દિલ્હી આવ્યા છે. મોદીના આ પગલાને પાકિસ્તાનને સીધી ચેતવણી તરીકે જોવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી દિલ્હીમાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિની બેઠક યોજશે. સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ સર્વોચ્ચ સ્તરની સમિતિ છે. આમાં સુરક્ષા સંબંધિત મોટા નિર્ણયો લેવામાં આવે છે.

આતંકવાદી હુમલા બાદ ગૃહમંત્રી અમિત શાહ તરત જ ખીણ પહોંચ્યા હતા. અમિત શાહ પોતે સમગ્ર મામલાની તપાસ કરી રહ્યા છે. કાશ્મીરમાં, શાહે LG મનોજ સિંહા અને વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ સાથે બેઠક યોજી છે. બેઠક બાદ શાહે કહ્યું છે કે કોઈને પણ બક્ષવામાં આવશે નહીં. શાહે કહ્યું છે કે આપણે આતંકવાદ સામે ઝૂકવાના નથી. શાહ પોતે પણ ઘટના સ્થળનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતાં. ખીણની વાસ્તવિકતાને ધ્યાનમાં લીધા પછી



જ આગળની રણનીતિ તૈયાર કરવામાં આવશે.

પહેલગામ ઘટના બાદ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ત્રણેય સેનાના વડાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં, ત્રણેય સેના પ્રમુખોએ કહ્યું છે કે તેઓ તૈયાર છે. આનો અર્થ એ થયો કે સરકાર આગળની કાર્યવાહી માટે જે પણ નિર્ણય લે છે, તેનું સરળતાથી પાલન કરી શકાય છે. બીજી તરફ પાકિસ્તાનમાં ભયનો માહોલ છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી ચૌધરી ફવાદ હુસૈને એક નિવેદનમાં કહ્યું છે કે જો ભારત હુમલો કરશે તો અહીંના તમામ પક્ષો સાથે મળીને તેનો વિરોધ કરશે. ફવાદ પહેલા પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું હતું કે આ હુમલામાં પાકિસ્તાનની કોઈ ભૂમિકા નથી. પાકિસ્તાન વાયુસેનાના વિમાનો આખી રાત પાકિસ્તાન સરહદની આસપાસ સક્રિય રહ્યા. પાકિસ્તાને ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે બે ફાઈટર જેટ તૈનાત કર્યા હતા.

નિયંત્રણ રેખા નજીક પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૪૨ આતંકવાદી લોન્ચ પેડ સક્રિય છે. આ લોન્ચ પેડ્સ પર ૧૧૦ થી ૧૩૦ આતંકવાદીઓ હાજર હોવાનું કહેવાય છે. કાશ્મીર ખીણમાં ૭૦ થી ૭૫ આતંકવાદીઓ સક્રિય છે. જમ્મુના રાજૌરીમાં ૬૦ થી ૬૫ આતંકવાદીઓ સક્રિય છે. આ બધા આતંકવાદીઓ પાકિસ્તાની છે.

મંગળવારે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે સમગ્ર દેશમાં ગુસ્સો છે. આ હુમલામાં અત્યાર સુધીમાં ૨૮ લોકોના મોત થયા છે જ્યારે ૧૭ લોકો ઘાયલ થયા છે. દરમિયાન, પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખાની પોતાની બાજુમાં હાઈ એલર્ટ જારી કર્યું છે. પાકિસ્તાની સેનાએ આ વર્ષે અત્યાર સુધીમાં ત્રણ વખત જમ્મુ-કાશ્મીરમાં યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. આ સમયગાળા દરમિયાન, ભારતીય સેના સાથેની એન્કાઉન્ટરમાં પાંચ આતંકવાદીઓ માર્યા ગયા.

તંત્રીલેખ



## પાકિસ્તાની સેના, કઠ-મુલ્લાઓ અને આતંકના આકાઓની સાંઠગાંઠ પહલગામ હુમલાથી ખુલ્લી પડી

ખાવા ખીચડુ નથી તો'ય પાકિસ્તાન અને તેના મુલ્લાં મૌલવીઓ સેના અને આતંકી સંગઠનો સાથે મળીને વિશ્વ ગુરુ બનવા તરફ અગ્રેસર થઈ રહેલા ભારતને પછાડવાના શેખચલ્લી જેવા સપના જોવે છે. વિશ્વભરના મુસ્લિમ દેશો પાસે દરરોજ સવાર પડે ને ભીખ માંગવાનો કટોરો લઈને ઊભા રહી જતાં પાકિસ્તાનના આકાઓને ભારતની પ્રગતિ અને આપસી ભાઈચારાની હંમેશાથી અદેખાઈ થતી આવી છે. સામી છાતીએ યુદ્ધ લડવાની ત્રેવડ ન હોવાથી પ્રોક્સી વોર થકી ભારતને નુકશાન પહોંચવાની હંમેશા ફિરાકમાં રહેતા પાકિસ્તાની સેનાએ અને સેનાના પીઠ્ઠુ સમાન આતંકીઓએ જો કે પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓને મારવાની ગુસ્તાખી કરીને ભયંકર ભૂલ કરી છે. આ અગાઉના તમામ યુદ્ધમાં ઊંધા માથે પછડાયા હોવા છતાં મિયાની તંગડી ઊંચી રહે એવી ફિરાકમા રહેતા પાકિસ્તાનને આવનારા થોડા કલાકો કે થોડા દિવસોમાં જ અત્યાર સુધીની ભયંકર ભીંસ પાડવાની ભારત તરફથી ભારે તૈયારીઓ થઈ રહી છે. વડાપ્રધાન મોદી સાઉદી ની બે દિવસીય મુલાકાત ટૂંકાવીને મારતે પ્લેને પરત ફર્યા પહેલા તેઓએ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને શ્રીનગર મોકલ્યા. પ્લેનમાં બેસતા પહેલા એરપોર્ટ પર થી પ્લેન તરફ જતાં અમિત શાહની બોડી લેન્ગવેઝ જોઈને કળી શકાતું હતું કે પહલગામ વારદાતને લઈને તેઓ ખૂબ ગુસ્સામાં છે. યુધ્ધે ચડવા જતાં લશ્કરી સેનાપતિ જેવો તેમનો જોમ જુસ્સો જોઈને જ નક્કી થઈ ગયું છે કે ભારત કંઈક મોટું ઓપરેશન કરવા જઈ રહ્યું છે.

હુમલાખોર હરખાયા આતંકવાદીઓની કાયરતાપૂર્ણ હરકત સામે દેશમાં ભારોભાર આક્રોશ છે. આ લખાય છે ત્યારે જાણવા મળી રહ્યું છે કે તંગબલ નામના સ્થળે સુરક્ષાદળોએ આતંકીઓને ઘેરી લીધા છે અને સામસામે ગોળીબાર ચાલુ છે. બીજી તરફ કેન્દ્રીય કેબિનેટની ઈમરજન્સી બેઠક પણ આ લખાય છે ત્યારે છેલ્લા દોઢ કલાકથી ચાલુ છે. આ બેઠકમાં પાકિસ્તાનને કાયમ યાદ રહી જાય અને ઈતિહાસમાં નોંધાય એવી કડક કાર્યવાહી નો નિર્ણય લેવાય એવી પૂરેપૂરી સંભાવના છે. દેશમાં આ કાયરતા પૂર્ણ હુમલાને લઈને પ્રચંડ આક્રોશ છવાયો છે. વિપક્ષના તમામ નેતાઓ સહિત મમદઅલી જીણાના વૈચારીક વારસદાર ગણાતા એવા ઔવેસીએ પણ આ હુમલાની કડક નીંદા કરી છે. આ ઉપરાંત જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલા, પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફતી સહિત તમામ સ્થાનિક નેતાઓએ એક સુરથી આ હુમલાને વખોડી કાઢ્યો છે. મહેબુબા મુફ્તીએ તો શ્રીનગરની સડકો પર મૌન રેલી યોજીને આ હુમલાને નિંદનીય ગણાવ્યો છે. સમુચા વિપક્ષે પાકિસ્તાન સામે કડકમાં કડક કાર્યવાહીની એક સુરે માંગ કરી છે. હુમલા બાદ સમગ્ર જમ્મુ-કાશ્મીર અને ખીણ વિસ્તાર બે દિવસથી સજ્જડ બંધ છે. પર્યટકોના સહારે જીવન નિર્વાહ કરતા શિકારા સંચાલકોથી માંડીને સ્થાનિક દુકાનદારો પણ આ બંધમાં જોડાયા હતાં. તેઓને ડર છે કે વર્ષો પછી પર્યટકો પર કરવામાં આવેલા આ હુમલાને લઈને પ્રવાસનની પાટે ચડેલી ગાડી ફરી પાછી ખડી જશે તો સ્થાનિક યુવાનો, મહિલાઓ, બેરોજગાર બની જશે.

જે પ્રકારે વડાપ્રધાન મોદીએ તેમના તમામ કાર્યક્રમો રદ કરીને કેબીનેટ સાથે એક મુદ્દાનો કાર્યક્રમ હાથ પર લીધો છે ત્યારે પાકિસ્તાન સામે કોઈ મોટી એક્શન લેવાની ઘડીઓ ગણાઈ રહી છે. આ અગાઉ પાકિસ્તાનની આવી નાપાક હરકતોને લઈને સર્જીકલ સ્ટ્રાઈક સહિતની નમુનારૂપ કામગીરી કરવામાં આવી હતી. આમ છતાં વિપક્ષ આ કામગીરી સામે આંગળી ઉઠાવતો રહ્યો હતો. અને સર્જીકલ સ્ટ્રાઈકના પુરાવાઓ માંગતો હતો. જેને લઈને પણ દેશભરમાં ભારે વિરોધનો સામનો વિપક્ષે કરવો પડ્યો હતો.

જમ્મુ-કાશ્મીરમાં ૩૭૦ની કલમની નાબુદી બાદ પાકિસ્તાનથી આવતું ફંડીંગ બંધ થઈ ગયું છે. આ ફંડીંગથી જ અત્યાર સુધી પાકિસ્તાનના યુવાનોને પથ્થરબાજીમાં જોતરવામાં આવતા હતાં. આવી પથ્થરપાજી પણ ૩૭૦ કલમ નાબુદ થયા બાદ થઈ ગઈ હતી. પાકિસ્તાન અત્યારે સખત નાણાભીડનો સામનો કરી રહ્યું છે. બીજીતરફ બ્લુચીસ્તાનમાં પણ પાકિસ્તાની સેનાનો વિરોધ થઈ રહ્યો છે. બ્લુચ લડવૈયાઓએ પાકિસ્તાની સેનાના જવાનોને લઈ જતી ટ્રેન પર કરેલા હુમલા બાદ આશરે દસેક હજાર જેટલા સૈનિકોએ સેના છોડી દીધી છે. તેવા સમાચાર પાકિસ્તાની સરકાર ભલે દબાવી રહી હોય પણ એ હકીકત અંતે ઉજાગર થઈ ગઈ છે. આમ પાકિસ્તાન અત્યારે જવાનોની તંગીથી પણ પીડાઈ રહ્યું છે.

પહેલગામ હુમલા બાદ ભારતની વળતી જવાબી કાર્યવાહી જો મીનીયુદ્ધ સ્વરૂપે આપશે તો પાકિસ્તાન પાસે નાણાની સાથો સાથ હવે સૈનિકોની પણ અછત સર્જાય છે. તેનું ગંભીર પરિણામ પાકિસ્તાને ભોગવવું પડશે. પહેલગામ હુમલાની નીંદા વ્વિના અનેક દેશોએ કરી છે. જેમાં ખાસ કરીને યુરોપ, અમેરિકા, ફ્રાંસ, સાઉદી અરેબિયા સહિતના મુસ્લિમ દેશોએ પણ આ હુમલાની નીંદા કરીને આતંકવાદ સામેની લડાઈમાં ભારતની પડખે ખભેખભો મીલાવીને ઉભા રહેવાની બાહેધરી આપી છે. આમ પહેલગામ હુમલા પછી પાકિસ્તાન માત્ર ભારત તરફથી જ નહીં પણ વિશ્વના વિરોધ વચ્ચે ઘેરાઈ ગયું છે. આવા સંજોગોમાં ભારતની કોઈપણ લશ્કરી કાર્યવાહીથી પાકિસ્તાનને વિશ્વના કોઈપણ દેશોનો ટેકો નહીં મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ તમામ પરિસ્થિતિઓથી વાકેફ મોદી સરકાર પાકિસ્તાન સામે કોઈ આતિયાંતીક પગલુ ભરી શકે છે. ભારતની કોઈપણ પ્રકારની કાર્યવાહીથી ભીખારી થઈ ગયેલું પાકિસ્તાન સાવ કંગાલ અવસ્થામાં આવી જશે. જેમાં બેમત નથી. આ લખાય છે ત્યારે જાણવા મળતી વિગતો મુજબ ભારત પાકિસ્તાનમાં જતો સિંધુ નદીનો જળ પ્રવાહ અટકાવવાની તૈયારી પણ કરી રહ્યું છે. આ ઉપરાંત જો વિદેશી નિતિના જાણકારોનું માનીએ તો ભારતમાંથી પાકિસ્તાનમાં નિકાસ કરતી જીવન રક્ષક દવાઓનો પુરવઠો પણ ભારત અટકાવી શકે તેમ છે. વળી પાકિસ્તાન સાથેના તમામ વ્યાપારિક લેવડ-દેવડ પર પણ રોક લગાવી શકે તેમ છે. આવા સંજોગોમાં માત્ર ચીન સિવાય પાકિસ્તાનને વિશ્વના કોઈપણ દેશોમાંથી કોઈ પણ પ્રકારની સહાય મળવી અસંભવ છે. પાકિસ્તાન પણ આ હકીકતથી સંપૂર્ણપણે વાકેફ છે. પાકિસ્તાનની આંતરિક રાજનીતીક પરિસ્થિતિ પણ બહુ સારી નથી. ઈમરાનખાન અને તેની પાર્ટીનો વિરોધ તો એ સહિજ રહી છે. સાથો સાથ બ્લુચ બળવાખોરો અને પીઓકેમાંથી પણ પાકિસ્તાની સેના વિરુદ્ધ વિરોધનો વંટોળ ઉઠી રહ્યો છે. આવા સંજોગોમાં જો યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાય તો ભારતનો હાથ ઉપર રહેશે જેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# માધવ સદાશિવ ગોળવલકરએ RSSને આખા દેશમાં પહોંચાડ્યો જે આજે વિશ્વનું સૌથી મજબુત સંગઠન છે

## ગાંધીએ ગોળવલકરને કહ્યું કે તેઓ એક નિવેદન બહાર પાડીને પોતાના ઉપર લાગેલા આરોપોનું ખંડન કરે અને દિલ્હીમાં થતી મુસલમાનોની હત્યાઓની સ્પષ્ટ શબ્દોમાં નિંદા કરે. ગોળવલકરને આ પ્રસ્તાવ મંજૂર નહોતો

પ્રસંગ રંગ
- પી.એન.જાડેજા

માધવ સદાશિવ ગોળવલકરનો જન્મ સન ૧૯૦૬માં નાગપુરની નજીક રામટેકમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેઓ એક દૂબળા-પાતળા વ્યક્તિ હતા, જેમણે બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાંથી જીવવિજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. ''ગોળવલકર હંમેશાં આર કરેલી સફેદ ધોતી અને કુર્તો પહેરતા હતા. તેમની આંખો મોટી, ઊંડી, ચમકદાર અને બોલકી હતી, પરંતુ તેઓ એક સંકોચશીલ વ્યક્તિ હતા.'' ''ઓછામાં ઓછી પાંચ ભાષાઓ અંગ્રેજી, હિન્દી, મરાઠી, બંગાળી અને સંસ્કૃત પર તેમનું પ્રભુત્વ હતું.''

''ગોળવલકર ખૂબ અભ્યાસુ હતા. તેમણે બીએચયુ લાઈબ્રેરીમાંથી હિંદુ ધર્મ અને અધ્યાત્મ સાથે સંકળાયેલાં દરેક અગત્યનાં પુસ્તકો વાંચ્યાં હતાં.'' બનારસમાં અભ્યાસકાળ દરમિયાન તેઓ પહેલી વાર આરએસએસના સંસ્થાપક કેશવ બલિરામ હેડગેવારને મળ્યા હતા, પરંતુ તેમને આરએસએસમાં લાવવાનું શ્રેય તે સમયે બીએચયુમાં ભણી રહેલા ભૈયાજી દાનીને આપવામાં આવે છે. સન ૧૯૩૯માં તેમને આરએસએસના સહ-કાર્યવાહ નીમવામાં આવ્યા. તે દરમિયાન તેમણે બાબારાવ સાવરકરે મરાઠીમાં લખેલા પુસ્તક 'રાષ્ટ્ર મીમાંસા'થી પ્રેરાઈને 'વી ઑર અવર નેશનહુડ ડિફાઈન્ડ' નામનું પુસ્તક લખ્યું હતું, જે માર્ચ ૧૯૩૯માં છપાયું હતું. પોતાના મૃત્યુના એક દિવસ પહેલાં આરએસએસના સંસ્થાપક કેશવ બલિરામ હેડગેવારે ગોળવલકરને એક કાગળ આપ્યો, જેના પર લખ્યું હતું, ''હું તમને જણાવવા માગું છું કે હવેથી તમે સંગઠનની બધી જવાબદારી સંભાળશો.''

ગોળવલકરના નામની જાહેરાતથી આરએસએસના ઘણા નેતા ચોંકી ગયા. તેમને એવી આશા હતી કે હેડગેવાર આ પદ માટે કોઈ વરિષ્ઠ અને વધુ અનુભવી વ્યક્તિને પસંદ કરશે.

''શરૂઆતમાં હેડગેવાર બાલાજી હુદ્દારને પોતાના ઉત્તરાધિકારી તરીકે જોતા હતા. તેમણે તેમને આરએસએસના સહકાર્યવાહ નિયુક્ત કર્યા હતા. તેઓ સંઘના સંસ્થાપકોમાં સામેલ હતા. વર્ષ ૧૯૩૬માં તેઓ અભ્યાસ માટે લંડન જતા રહ્યા હતા. ત્યાં તેઓ કોમ્યુનિસ્ટોના સંપર્કમાં આવ્યા. લંડનથી તેઓ સ્પેન ગયા હતા, જ્યાં તેમણે સ્પેનના ગૃહયુદ્ધમાં ભાગ લીધો હતો.''



''૧૯૩૮માં જ્યારે તેઓ સ્પેનથી ભારત પાછા ફર્યા, ત્યારે તેમની વિચારસરણી સંપૂર્ણ બદલાઈ ગઈ હતી. હેડગેવાર બ્રિટનના સમર્થક હતા, જ્યારે હુદ્દાર સંપૂર્ણપણે બ્રિટિશ સામ્રાજ્યવાદના વિરોધી બની ગયા હતા. અહીંથી હેડગેવાર અને હુદ્દાર વચ્ચે અંતર વધવાનું શરૂ થયું અને તેમણે ગોળવલકરને માત્ર આરએસએસના સહકાર્યવાહ જ ન બનાવ્યા, બલકે, તેઓ તેમને પોતાના ઉત્તરાધિકારી તરીકે જોવા લાગ્યા.'' સરદાર પટેલનું નિધન થયાના થોડાક મહિના પહેલાં કેબિનેટમાંથી રાજીનામું આપી ચૂકેલા શ્યામાપ્રસાદ મુખરજી નાગપુર પહોંચ્યા. ત્યાં તેઓ પ્લાસ્ટર વગરના ઘરમાં ગયા, જ્યાં ગોળવલકર તેમની રાહ જોતા હતા. ભારતની પહેલી સામાન્ય ચૂંટણીને હજુ એક વર્ષની વાર હતી. મુખરજીએ ગોળવલકરને એક નવી પાર્ટી શરૂ કરવામાં મદદ કરવાની વિનંતી કરી. ગોળવલકરે એમ કહીને તેમની વિનંતીનો અસ્વીકાર કર્યો કે, આરએસએસ કોઈ રાજકીય પાર્ટીની પાછળ ન ચાલી શકે. તેના થોડાક મહિના પછી ગોળવલકરે પોતાના નિર્ણય પર ફરીથી વિચાર કર્યો અને તેમણે મુખરજીને વાયદો કર્યો કે આ કામ માટે તેઓ પોતાના પાંચ વિશ્વાસુ કાર્યકર આપશે. આ પાંચ વ્યક્તિ હતી દીનદયાળ ઉપાધ્યાય, સુંદરસિંહ ભંડારી, નાનાજી દેશમુખ, બાપુસાહેબ સોહની અને બલરાજ મધોક. ત્યાં સુધી અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી એટલા અનુભવી નહોતા કે આ લિસ્ટમાં તેમનો સમાવેશ કરી શકાય. થોડાક મહિના પછી ૨૧ ઑક્ટોબર ૧૯૫૧એ આ જ પાંચ લોકોના નેતૃત્વમાં ભારતીય જનસંઘની સ્થાપના કરવામાં આવી, જેનું ચૂંટણીચિહ્ન દીવો હતું.

ભાગલા પહેલાં ગોળવલકર આરએસએસને દેશના ઘણા ભાગો સુધી પહોંચાડવામાં સફળ રહ્યા હતા. તેમને ઉત્તર ભારતનાં અનેક રજવાડાં, જેવાં કે, અલવર અને ભરતપુરમાંથી મદદ મળી રહી હતી. આરએસએસએ અલવરમાં ઘણી તાલીમ શિબિર યોજી હતી, જેમાંની એકને ગોળવલકરે જાતે સંબોધી હતી.આઝાદીના ૧૫ દિવસ પછી દિલ્હી શાંત હતું, પરંતુ ફરીથી ત્યાં સાંપ્રદાયિક હિંસા ફેલાવા લાગી હતી. આઠ સપ્ટેમ્બર ૧૯૪૭એ દિલ્હીને અશાંત ક્ષેત્ર જાહેર કરી દેવાયું હતું. ૯ સપ્ટેમ્બરે ગાંધી દિલ્હી પહોંચ્યા હતા. ૧૨ સપ્ટેમ્બરે ગાંધીની ગોળવલકર સાથે મુલાકાત થઈ હતી. આ મુલાકાતમાં ગાંધીએ ગોળવલકરને સ્પષ્ટ કહ્યું, 'આરએસએસના હાથ લોહીથી રંગાયેલા છે.' ગોળવલકરે કહ્યું કે, ''આરએસએસ કોઈનો દુશ્મન નથી. તે મુસલમાનોને મારવાનો હિમાયતી નથી. તેનો ઉદ્દેશ જ્યાં સુધી થઈ શકે હિંદુઓની રક્ષા કરવાનો છે.''

મહાત્મા ગાંધીના સચિવ રહેલા પ્યારેલાલ પોતાના પુસ્તક 'મહાત્મા ગાંધી, ધ લાસ્ટ ફેઝ'માં લખે છે, ''ગાંધીએ ગોળવલકરને કહ્યું કે તેઓ એક નિવેદન બહાર પાડીને પોતાના ઉપર લાગેલા આરોપોનું ખંડન કરે અને દિલ્હીમાં થતી મુસલમાનોની હત્યાઓની સ્પષ્ટ શબ્દોમાં નિંદા કરે. ગોળવલકરને આ પ્રસ્તાવ મંજૂર નહોતો.'' ''તેમણે કહ્યું કે, અમારું નિવેદન જાહેર કરવાની જગ્યાએ ગાંધી સ્વયં આ પ્રકારનું નિવેદન જાહેર કરે. ગાંધીએ કહ્યું કે તેઓ એવું જરૂર કરશે, પરંતુ જો તેઓ (ગોળવલકર) ખરેખર આ બાબતમાં ઈમાનદાર હોય તો તેમણે આ વાત પોતાના મોઢે કહેવી જોઈએ.''

ચાર દિવસ પછી ૧૬ સપ્ટેમ્બરે ગાંધીએ દિલ્હીના વાલ્મીકિ મંદિરમાં આરએસએસના કાર્યકરોને સંબોધતાં કહેલું, ''જો હિંદુ સમજે છે કે ભારતમાં મુસલમાનો માટે સમાનતાવાળી કોઈ જગ્યા નથી અને જો મુસલમાન એમ સમજે છે કે પાકિસ્તાનમાં હિંદુ ફક્ત શાસિત લોકોની જેમ જ રહી શકે છે, તો આ હિંદુ અને ઈસ્લામ, બંનેના પતનનું કારણ બનશે.'' પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક હિંસા વધી રહી હતી. તે સમયના ઉત્તર પ્રદેશના ગૃહ સચિવ રાજેશ્વર દયાળે પોતાની આત્મકથા 'અ લાઈફ ઑફ અવર ટાઈમ'માં લખ્યું, ''પશ્ચિમી રેન્જના ડીઆઈજી જેટલી તાળું મારેલા બે મોટા ટ્રંક લઈને મારી પાસે આવ્યા. જ્યારે ટ્રંકને ખોલવામાં આવ્યા તો તેમાં ઉત્તર પ્રદેશના પશ્ચિમી ક્ષેત્રમાં થયેલાં કોમી રમખાણો કરાવવાની આખી બ્લૂ પ્રિન્ટ હતી. હું આ બધા પુરાવા લઈને તરત પ્રીમિયર ગોવિંદવલ્લભ પંતના ઘરે ગયો.''

''મેં અને જેટલી બંનેએ આ બધાની પાછળ કામ કરી રહેલા ગોળવલકરની ધરપકડ માટે દબાણ કર્યું, જેઓ હજુ પણ એ વિસ્તારમાં હાજર હતા, પરંતુ પંતે ગોળવલકરનની તરત ધરપકડ કરવાના બદલે આખો મામલો મંત્રીમંડળની આગામી બેઠકમાં રજૂ કરવાનો નિર્ણય કર્યો.''

દયાળ લખે છે, ''ગોળવલકરને તેની જાણ થઈ ગઈ અને તેઓ એ વિસ્તારમાંથી તરત જતા રહ્યા હતા.'' વર્ષો પછી ગાંધી હત્યાના ષડ્યંત્રની તપાસ કરી રહેલા કપૂર પંચની સમક્ષ જેટલીએ રાજેશ્વર દયાળના દાવાની પુષ્ટિ કરી અને કહ્યું કે તેઓ અને દયાળ જીબી પંતને મળ્યા હતા. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮એ નાથુરામ ગોડસેએ મહાત્મા ગાંધીની હત્યા કરી દીધી. તે સમયે ગોળવલકર મદ્રાસમાં હતા. તેમણે પોતાના બધા કાર્યક્રમ રદ કરીને નહેરુ, પટેલ અને ગાંધીના પુત્રને શોકનો તાર મોકલ્યો.

ત્યાર પછી તેમણે આરએસએસની બધી શાખાઓને આંતરિક સૂચના મોકલી, 'આદરણીય મહાત્માજીના દુઃખદ અવસાનના લીધે બધી શાખાઓ ૧૩ દિવસનો શોક મનાવશે અને બધા દૈનિક કાર્યક્રમ બંધ રહેશે.' બીજા દિવસે તેઓ નાગપુર જવા રવાના થયા. મુંબઈમાં લગભગ ૧,૦૦૦ લોકોએ સાવરકરના ઘરે હુમલો કર્યો. આખા દેશમાં આરએસએસ અને હિંદુ મહાસભાનાં કાર્યાલયો પર ટોળાં હુમલા કરવા લાગ્યાં.

તપાસ પછી વિનાયક દામોદર સાવરકરને ગાંધી હત્યાકાંડમાં આરોપી બનાવવામાં આવ્યા હતા, તેમને પુરાવાના અભાવે છોડી મૂકવામાં આવ્યા હતા.

પહેલી ફેબ્રુઆરીએ ગોળવલકરે નિવેદન બહાર પાડ્યું, ''હું આશા રાખું છું કે લોકો આ દુર્ઘટનામાંથી પાઠ શીખશે અને પ્રેમ અને સેવાભાવથી કામ કરશે. હું મારા બધા સ્વયંસેવક ભાઈઓને સૂચના આપું છું કે ગેરસમજથી ઊભી થયેલી કોઈ પણ ઉશ્કેરણીજનક કાર્યવાહીમાં પણ તેઓ લોકોની સાથે પ્રેમભાવ જાળવી રાખે. હું દિવંગત આત્માને પ્રણામ કરું છું.'' તેના થોડા સમય પછી ગોળવલકરની ધરપકડ કરવામાં આવી. જ્યારે તેમની ધરપકડ કરવામાં આવતી હતી, ત્યારે આરએસએસના મુખ્ય કાર્યાલય ખાતે લગભગ ૧,૦૦૦ લોકો એકઠા થઈ ગયા હતા.

સરદાર પટેલે ચોથી ફેબ્રુઆરી ૧૯૪૮એ આરએસએસ પર પ્રતિબંધ લગાવી દીધો. છઠ્ઠી ઑગસ્ટ, ૧૯૪૮ સુધી ગોળવલકર જેલમાં રહ્યા. જ્યારે તેઓ જેલમાંથી બહાર આવ્યા, તેમને નાગપુરની હદમાં રહેવા માટે કહેવામાં આવ્યું. તેમણે સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુને સંઘ પરનો પ્રતિબંધ હટાવવા માટે અનેક પત્ર લખ્યા. સરદાર પટેલે ગોળવલકરને ૧૧ સપ્ટેમ્બર, ૧૯૪૮એ મોકલેલા પોતાના જવાબમાં લખ્યું, ''સંઘે હિંદુ સમાજની સેવા કરી છે, પરંતુ મુશ્કેલી એ વાતની છે કે, આરએસએસ બદલાની ભાવનાથી મુસલમાનો પર હુમલા કરે છે. તમારા દરેક ભાષણમાં સાંપ્રદાયિક ઝેર ભરેલું હોય છે.'' આનું પરિણામ એ આવ્યું કે દેશે ગાંધીનું બલિદાન આપવું પડ્યું. ગાંધીની હત્યા પછી આરએસએસના લોકોએ ખુશી મનાવી અને મીઠાઈ વહેંચી. આવી સ્થિતિમાં સરકાર માટે આરએસએસ પર પ્રતિબંધ મૂકવો જરૂરી થઈ ગયું હતું.''

દરમિયાનમાં, ગોળવલકરની ફરી એક વાર ધરપકડ કરીને પહેલાં નાગપુર અને પછી સિવની જેલમાં લઈ જવાયા. અંતે, ૧૨ જુલાઈ, ૧૯૪૯એ આરએસએસ પરનો પ્રતિબંધ હટાવી દેવાયો અને તેમને છોડી મૂકવામાં આવ્યા. ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦એ જ્યારે સરદાર પટેલનું મૃત્યુ થયું, ત્યારે ગોળવલકર નાગપુરમાં હતા.

## ઘરની બહાર નીકળતાં જ આ વસ્તુઓ જોવી મનાય છે શુભ, અટકેલા કામ થાય છે પૂર્ણ

હિન્દુ ધર્મમાં શુભ અને અશુભ વસ્તુઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે કોઈ કામ માટે ઘરની બહાર નીકળતા પહેલા કેટલીક વસ્તુઓ જોઈ લેવી શુભ હોય છે. તેમને જોઈને બધા કામ થઈ જાય છે.

આવો જાણીએ ઘરની બહાર નીકળતી વખતે કઈ વસ્તુઓ જોવાનું શુભ માનવામાં આવે છે. ઘરની બહાર નીકળતી વખતે આ વસ્તુઓ જોવી શુભ છે સફેદ બિલાડીને શુભ અને સૌભાગ્યનું પ્રતિક માનવામાં આવે છે. જો તમને ઘરની બહાર નીકળતી વખતે સફેદ બિલાડી દેખાય છે, તો તેનો અર્થ એ છે કે તમારા દિવસની શરૂઆત સારી થશે અને તમારા બધા કામ પૂર્ણ થશે.



પક્ષીઓને જોવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. જો તમે ઘરની બહાર નીકળતી વખતે કોઈ પક્ષી ઉડતું જુઓ છો, તો તેનો અર્થ એ છે કે તમને કોઈ સારા સમાચાર મળશે. જો પક્ષી તમારા માથા પર ઉડે છે, તો તેનો અર્થ એ છે કે તમને મોટો નફો મળશે.

સાધુઓને ત્યાગ અને સંતોષનું પ્રતીક માનવામાં આવે છે. જો તમે ઘરની બહાર નીકળતી વખતે કોઈ સાધુ જુઓ છો, તો તેનો અર્થ એ છે કે તમે દિવસભર શાંતિ અને સંતોષનો અનુભવ કરશો.

બાળકો સ્વભાવે નમ્ર, નિર્દોષ અને દિલથી સાચા ગણાય છે. જો તમે ઘરની બહાર નીકળતી વખતે કોઈ બાળકને હસતા જોશો તો તેનો અર્થ એ છે કે તમારા દિવસની શરૂઆત સારી થશે.

લીલો રંગ પ્રકૃતિ અને વૃદ્ધિનું પ્રતીક છે. જો તમને ઘરની બહાર નીકળતી વખતે લીલો રંગ દેખાય છે, તો તેનો અર્થ છે કે તમને દિવસભર સફળતા અને સમૃદ્ધિ મળશે. તમારા બધા પેન્ડિંગ કામ પૂરા થશે.

હિન્દુ ધર્મમાં ગાયને માતાનો દરજ્જો છે. જો તમે ઘરથી બહાર નીકળતી વખતે કોઈ ગાય જુઓ કે કોઈ ગાય પોતાના બચ્ચાને દૂધ પીવડાવતી હોય તો સમજી લેવું કે તમારો આખો દિવસ ખૂબ જ શુભ રહેવાનો છે. ઘોડો, હાથી, જોવો એ પણ એક શુભ સંકેત છે.

જો તમે ઘરથી બહાર નીકળતી વખતે અથવા યાત્રા પર જતી વખતે અથવા કોઈ વિશેષ કાર્ય કરતી વખતે શંખ અથવા મંદિરની ઘંટડી સાંભળો તો તે ખૂબ જ શુભ માનવામાં આવે છે. આનો અર્થ એ છે કે તમારી યાત્રા ખૂબ જ શુભ રહેવાની છે.

ઘરની બહાર નીકળતી વખતે પાણીથી ભરેલું વાસણ જોવું ખૂબ જ સારું છે. આનો અર્થ એ છે કે તમે જે પણ કામ હાથ ધરી રહ્યા છો તે જલ્દી પૂર્ણ થવાનું છે.

શકુન શાસ્ત્ર અનુસાર જો તમે ઘરની બહાર નીકળતી વખતે ફૂલની માળા જુઓ તો તેનો અર્થ છે કે તમારા ઘરમાં જલ્દી જ કોઈ શુભ ઘટના બનવાની છે. ઘરની બહાર નીકળતી વખતે અર્થી જોવું પણ ખૂબ જ શુભ માનવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આ એક શુભ સંકેત છે જેનો અર્થ છે કે તમારા જીવનમાં જલ્દી જ કેટલાક સારા ફેરફારો થવાના છે.

**જો પક્ષી તમારા માથા પર ઉડે છે, તો તેનો અર્થ એ છે કે તમને મોટો નફો મળશે સફેદ બિલાડીને શુભ અને સૌભાગ્યનું પ્રતિક માનવામાં આવે છે**

ઘરની બહાર નીકળતી વખતે માછલી કે હાથી જોવા પણ શુભ માનવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં માછલી અને હાથીને ખૂબ જ શુભ માનવામાં આવે છે અને તેમનો દેખાવ સારો હોય છે. જો તમને માછલી કે હાથી દેખાય તો સમજી લેવું કે ભાગ્ય તમારો સાથ આપશે.

## ઉનાળાની ગરમીથી બચવા માટે કોલ્ડ ડ્રિંક્સના બદલે પીવો હેલ્થી ડ્રિંક્સ

ઉનાળાના મહિનાઓમાં, હવામાન શરીર અને ત્વચા પર અસર કરે છે. તેમજ ઉનાળાના દિવસોમાં પાચનતંત્ર પણ બગડે છે. પાચનતંત્ર ખરાબ થવાને કારણે પેટમાં દુખાવો, ઝાડા કે કબજિયાત વગેરે જેવા લક્ષણો દેખાઈ શકે છે. આ ઉપરાંત ઉનાળાના દિવસોમાં ખીલ, શુષ્ક ત્વચા, ફોલ્લીઓ, ચેપ, વાળ ખરવા વગેરે જેવી સમસ્યાઓ વધી જાય છે. આ બધી સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે, તમે ઉનાળામાં હેલ્ધી ડ્રિંક્સનું સેવન કરી શકો છો. જે આ ગરમીમાં તમને રાહત પણ આપશે અને શરીરને નુકસાનકારક પણ નહિ હોય.



### લીંબુ પાણી

ઉનાળાની ઋતુમાં લીંબુ પાણી પીવાથી તમારું શરીર ડિટોક્સિફાય થાય છે અને શરીર તંદુરસ્ત પણ રહે છે. લીંબુમાં રહેલું વિટામિન સી તમારી ત્વચાને ચમકદાર બનાવવામાં પણ મદદ કરે છે. આ ઉપરાંત, તે પાચનક્રિયા સુધારવામાં પણ મદદ કરે છે.

### નાળિયેર પાણી

ઉનાળાની ઋતુમાં તમે દરરોજ નાળિયેર પાણી પી શકો છો. નારિયેળ પાણીમાં રહેલા ઈલેક્ટ્રોલાઈટ્સ, વિટામિન્સ અને એન્ટીઑકિસડન્ટ્સ તમારા શરીરને હાઈડ્રેટેડ અને ઠંડુ રાખે છે. આ ઉપરાંત, તે ત્વચા માટે પણ ખૂબ ફાયદાકારક છે.

### બીલાનું શરબત

ઉનાળાની ઋતુમાં બીલાનું શરબત વરદાન સમાન છે. ઉનાળાની ઋતુમાં તમારે તમારા આહારમાં બીલાનું શરબતનો સમાવેશ કરવો જોઈએ. તે તમને સ્વસ્થ રાખે છે અને તમારા શરીરને હાઈડ્રેટ રાખવામાં પણ મદદ કરે છે.

### આમ પન્ના

ઉનાળાની ઋતુમાં મોટાભાગના લોકો કેરી ખાવાનું પસંદ કરે છે. તમે કાચી કેરીના પન્ના પણ બનાવી શકો છો. તે સ્વાદમાં મીઠી, ખાટી અને સ્વાદિષ્ટ હોય છે. આ ઉપરાંત, તે શરીરને હાઈડ્રેટ રાખવામાં અને પાચન સુધારવામાં મદદ કરે છે.

### છાશ

ઉનાળામાં અપચો, એસિડિટી અને ગેસ જેવી પાચન સમસ્યાઓ થવી સામાન્ય છે. જો તમને પણ પાચન સંબંધિત સમસ્યાઓ છે તો તમે તમારા આહારમાં છાશનો સમાવેશ કરી શકો છો. તે પ્રોબાયોટિક છે, તેથી તે આંતરડાના સ્વાસ્થ્ય માટે ખૂબ જ સારું માનવામાં આવે છે. આ ઉપરાંત, તે શરીરને હાઈડ્રેટેડ રાખવાનું પણ કામ કરે છે.

# કચ્છના કબીર તરીકે ઓળખાતા મેકણ દાદા અને તેના સાથીદાર પ્રાણી લાલીયા-મોતીયાની ખોટ આજે સાડાત્રણ સદી પછી પણ ચાલી રહી છે

## પીર જન્મતા નથી, પીરોની કોઈ ખાણ નથી કે જેમાંથી પીર નીકળે પરંતુ કોઈ પણ માનવી પોતાની પાંચ ઈન્દ્રિયને વશમાં રાખે તો પીર કે પછી યોગી બની શકે છે : મેકણ દાદા

તાજેતરમાં કચ્છના મોટા રણમાં બીએસએફ માટે રસ્તો બનાવવાના કામના અનુસંધાને પહોંચેલા એક ખાનગી કંપનીના સર્વેયર પોતાની સાથે આવેલા અન્ય બે સભ્યોથી વિખૂટા પડી અને રણમાં ખોવાઈ ગયાના સમાચાર આવ્યા હતા.

તેમને શોધવા માટે ૧૨૫ લોકોની ટીમ લગાડાઈ ત્યારે પાંચ દિવસ બાદ તેમની ભાળ મળી. પરંતુ ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હતું. પાંચમા દિવસે આ સર્વેયર મૃત અવસ્થામાં કચ્છના રણમાં મળી આવ્યા. ફોરેન્સિક તપાસ પરથી મળેલી પ્રાથમિક માહિતી અનુસાર તેમનું મૃત્યુ તરસને કારણે થયું હતું. આ ઘટના કચ્છ અને સમગ્ર ગુજરાતમાં ચર્ચાનો વિષય બની છે. આ ઘટના બાદ કેટલાક લોકો હવે મેકણ દાદા દ્વારા કચ્છના રણમાં ભૂલા પડેલા તરસ્યા લોકોને બચાવવા માટે ચલાવાયેલી 'માનવસેવાના કાજ'ને યાદ કરી રહ્યા છે. નોંધનીય છે કે દાદા મેકણની કચ્છના 'સંત' તરીકે ખ્યાતિ છે.

પરંપરા
– પંકજસિંહ જાડેજા

રોજ સવાર પડેને ગધેડાના છાલકામાં પાણીનાં માટલાં ગોઠવી દેવાતાં. બાદમાં લાલિયો ગધેડા અને મોતિયો કૂતરાને કચ્છના રણપ્રદેશમાં મોકલી દેવાતાં. મોતિયો રણમાં ભૂલા પડેલા અને ભટકી પડેલા લોકોને, તરસથી વ્યાકુળ બનેલા લોકોને શોધી કાઢી તેમને પાણી સુલભ કરી આપતો. આવા લોકો લાલિયાની પીઠ પર મૂકેલ પાણી પીને સુખેથી ધ્રંગ પહોંચી જતા. ૧૭મી સદીમાં કચ્છના અફાટ રણમાં અસહ્ય ગરમીમાં પાણી વગર ટળવળતા ભૂલા પડેલાને મોતિયા અને લાલિયાની આ જોડી પાણી પાઈને જાણે 'મોતના મુખમાંથી બચાવવાનું' કાર્ય કરતી. મેકણદાદાએ મોતિયા કૂતરા અને લાલિયા ગધેડાને પાળીને તેમને માનવસેવાના ઉમદા કાર્યમાં પ્રયોજ્યા હતા. ગુજરાતી વિશ્વકોશમાં ૧૭મી સદીમાં કચ્છના મેકણ દાદાએ પોતાના જીવનકાળમાં કરેલી 'નિઃસ્વાર્થ માનવસેવા' માટે કંઈક ઉપરોક્ત વાત નોંધાયેલી છે. કચ્છના રણમાં ભૂલા પડેલા લોકો માટે જીવનરૂપી 'પાણી' લઈ પહોંચેલાં આ બંને પ્રાણીઓ અને દાદા મેકણનાં સેવાકાર્યોનો ઈતિહાસ અને સ્થાનિક લોકકથાઓમાં ઘણી વાર ઉલ્લેખ થયો છે.

દાદા મેકણનો જન્મ કચ્છ જિલ્લાના ખોભંડી ગામમાં થયો હતો. તેમનું જન્મ વર્ષ ૧૬૬૪ માનવામાં આવે છે. દાદા મેકણના પિતાનું નામ હળધોળજી અને માતાનું નામ પબાબાઈ હતું, બાળપણનું નામ મેકોજી હતું જે તેમનાં માતાએ પાડ્યું હતું. માત્ર બાર વર્ષની ઉંમરે જ તેમણે કચ્છના માતાના મઢના મહંત કાપડી સાધુ ગુરુ ગંગારામ પાસેથી સાધુ તરીકે દીક્ષા લીધી હતી. દાદા મેકણે ગુરુ ગંગારામ પાસેથી પાસેથી ઉપદેશ લીધો અને કાપડી પંથને વધુ પ્રકાશમાં લાવ્યા. મેકણજીના કાપડી પંથમાં એક નવી શાખા શરૂ થઈ, જે મેકાપંથી નામે ઓળખાય છે. કાપડી 'સંતો' નું મૂળ સ્થાન કચ્છમાં રહેલું છે. 'લક્ષ્મણજી'થી કચ્છના આ પંથના 'આદિ પુરુષ જસારાજા'ને ભેખ મળેલો, તેમની પરંપરામાં 'ગંગારામ' થયા અને તેમના શિષ્ય દાદા મેકણ કચ્છમાં ખૂબ ખ્યાતિ પામ્યા.

દાદા મેકણના આ 'સમર્પિત' જીવનનું અભિન્ન અંગ બની ગયેલા લાલિયા અને મોતિયાની જોડી કચ્છના ઈતિહાસમાં 'અજોડ' છે. લાલિયો ગધેડો અને મોતિયો કૂતરોની વાર્તા એવી છે કે કચ્છમાં એક ધર્મપ્રેમી કુંભાર રહેતો હતો. એને ત્યાં બાળકની ખોટ હતી. પુત્રપ્રાપ્તિ માટે એણે ઘણી માનતાઓ કરી પણ સંતાન સુખ પ્રાપ્ત નહોતું થતું.

એક દિવસ સવારમાં મેકણ દાદા ખભે કાવડ ચડાવીને નીકળ્યા ત્યાં પેલા કુંભારનાં પત્ની આવી પહોંચ્યાં. દાદાના પગોમાં મસ્તક મૂકી અશ્રુભીની આંખે સંતાન જન્મની પ્રાર્થના કરવા લાગ્યાં. કુંભારનાં પત્નીનાં આંસુઓથી દાદા મેકણના પગ ભિંજાઈ ગયા.

દાદા મેકણે કહ્યું, ‘‘જા બહેન, પ્રભુ તારું કલ્યાણ કરશે.‘‘ કહેવાય છે કે આ પ્રસંગ પછી બાર માસની અંદર કુંભાર દંપતિને ત્યાં બે પુત્રોનો જન્મ થયો. પૈસે ટકે સુખી કુંભાર દાદા મેકણને કંઈક માગી લેવા વિનંતી કરી. દાદા મેકણે કહ્યું, ‘‘જો ભાઈ તારે મને જરૂર કંઈક આપવું હોય તો તારો લાલિયો ગધેડો મને આપી દે.‘‘ કુંભારને થયું કે દાદા મજાક કરે છે. કુંભારે ગધેડાને બદલે ઘોડો લઈ આપવાની વાત કરી પણ દાદા મેકણ મક્કમ હતા. દાદા મેકણે ગંભીર થઈ જણાવ્યું, ‘‘તારો એક લાલિયો મને લાખોની ભેટ કરતાં કીમતી લાગે છે.‘‘ કુંભારે હરખથી લાલિયો ગધેડો એ દિવસે દાદા મેકણને આપ્યો. દાદા મેકણ પાસે એક 'અતિ



ચતુર' કૂતરો પણ હતો. તેનું નામ મોતિયો. આ પ્રાણીઓની જોડી દ્વારા દાદા મેકણે એક 'અસાધારણ' સેવાકાર્યની શરૂઆત કરી અને 'માનવસેવા એ જ પ્રભુસેવાનું ઉદાહરણ પૂરું પાડ્યું.'

કચ્છ અને સિંધની મધ્યમાં આવેલા ખાવડાથી લોડાઈના રસ્તા વચ્ચે ચૌદ ગાઉનો રણનો રસ્તો આવે છે. ઉનાળાની ઋતુમાં આ રણો ધખતો હોય છે. મુસાફર પાસે પાણી ન હોય અને તડકો વધી જાય તો મુસાફર એ રણમાંથી ભાગ્યે જ જીવતો બહાર નીકળી શકે.

એમ કહેવાય છે કે અનેક મુસાફરો પાણીના અભાવે મૃત્યુ પામ્યાં હતાં. પાણી વગર તરફડી મરતા મુસાફરોને બચાવી લેવાના કાર્યમાં મેકણ દાદાએ લાલિયા અને મોતિયાનો ઉપયોગ કર્યો.

લાલિયાની પીઠ પર છાલકામાં ઠંડા પાણીનાં બે માટલાં બંને બાજુએ મૂકવામાં આવતાં. સાથે એક દોરીથી બાંધેલો પ્યાલો પણ રાખવામાં આવે.

મોતિયો અને લાલિયો રણના તરસ્યા મુસાફરોને શોધવા નીકળી પડે. મોતિયો જે કોઈ માણસને જોતો તે તરફ લાલિયાને દોરી જતો. અચાનક આવેલું ઠંડું પાણી પેલા મુસાફરને નવું જીવનદાન આપતું.

માણસો ન કરી શકે એવી સેવા દાદા મેકણના આ મૂંગા સાથીદારોએ નિભાવી. મરતા મુસાફરો માટે આ બંને પ્રાણીઓ 'ફરિશ્તા' બની ગયાં હતાં.

લાલિયા અને મોતિયાને દાદા મેકણ ભુજ પણ મોકલતા. ભુજની ગાદી પર એ વખતે મહારાઓ દેશળજી પહેલા બિરાજમાન હતા. મહારાઓ પોતે મેકણ દાદાના શિષ્ય હતા. દાદા મેકણને કોઈ પણ ચીજની જરૂર હોય તો તે ચિઠ્ઠીમાં લખીને તેને મોતિયાની ડોકે બાંધી દેતા હતા, આ બંને પ્રાણીઓ ત્વરાથી ભુજ રાજમહેલમાં પહોંચી જતાં.

દાદાએ મંગાવેલી તમામ ચીજો લાલિયાની પીઠ પર લાદવામાં આવતી. પીઠ પર સામાન બંધાઈ જતાં તરત જ આ બંને મિત્રો ત્યાંથી ચાલી નીકળતાં અને દાદા મેકણ પાસે હાજર થઈ જતાં. આ જ રીતે દાદા ભુજના વેપારીઓ પાસેથી પણ દાદા મેકણ જોઈતો માલ મંગાવતા હતા.

દાદા મેકણની નોંધ કચ્છી સર્જક અને લોકસંશોધક દુલેરાય કારાણીએ પુસ્તક 'કચ્છના સંતો અને કવિઓ'માં કરી છે. દુલેરાય કારાણી લખે છે એ પ્રમાણે દાદા મેકણ કચ્છમાંથી ગિરનાર-જૂનાગઢ આવ્યા હતા અને એક ગુફામાં છ મહિના સુધી અખંડ તપ કર્યું હતું. તેમાં લખાયું છે કે, ‘‘મેકણ દાદાની ભક્તિ જોઈને ગુરુ દત્તાત્રેયની જગ્યા પરથી એમને એક કાવડ મળી અને એ કાવડ દ્વારા સંસારની સેવા કરવાનો આદેશ મળ્યો.‘‘ મેકણ દાદા કાવડને કામધેનુના નામથી ઓળખતા હતા. કાવડ ખભે લઈને તેઓ ભિક્ષા માગી લાવતા હતા. આ ભિક્ષા વડે પોતાનું અને ગરીબ સાધુઓનું પોષણ કરવું એ જ દાદા મેકણનું જીવન લક્ષ્ય બની ગયું.

દાદા મેકણ, મેકણ દાદા, અથવા મેકરણ દાદા એ કચ્છના કબીર તરીકે ઓળખાતા હતા. સંત કબીરની માફક તેમણે કચ્છી ભાષામાં અનેક દોહાઓ-સાખીઓની રચના કરી છે.

તેમણે લખ્યું છે, ''પીર પીર કુરો કર્યોતા, નાંય પીરેજી ખાણ પંજ ઈન્દ્રિયું વસ કર્યો ત પીર થીંઓ પાણ'' એટલે કે પીર જન્મતા નથી, પીરોની કોઇ ખાણ નથી કે જેમાંથી પીર નીકળે પરંતુ કોઈપણ માનવી પોતાની પાંચ ઈન્દ્રિયને વશમાં રાખે તો પીર કે પછી યોગી બની શકે.

લખ્યા પ્રમાણેનું જીવન જીવીને આ પદનું જીવંત ઉદાહરણ દાદા મેકણે પૂરું પાડ્યું હતું. દુલેરાય કારાણી લખે છે, 'મહાત્મા મેકણનાં ભજનો અને સાખીઓ પણ એક ગામડિયાથી માંડીને વિદ્વાન વર્ગ સુધી અતિ માનીતાં થઈ પડ્યાં છે. દાદાની વાણીમાં થોડામાં થોડા શબ્દોમાં ઘણામાં ઘણું કહી દેવાની કળા દેખાય છે'

'એમનું ઘણુ ખરું સાહિત્ય કચ્છની લોક-ભાષામાં હોવાથી જનમાનસ પર એની તાત્કાલિક અસર થાય છે. દાદાની સાખીઓ દિલ પર સીધી ચોટ કરે એવી સચોટ છે' ગુજરાતી વિશ્વકોશમાં નોંધાયું છે એ પ્રમાણે, ‘‘મેકણ દાદા પાસે આવતા લોકોમાં ભૂખ્યાને રોટી, તરસ્યાને પાણી અને દુઃખીઓને આશ્રય તથા દિલાસો મળતાં, કચ્છમાં તેમની સેવાપરાયણતા અને જ્ઞાનનો ડંકો વાગવા લાગ્યો.‘‘‘‘મેકણ દાદા આર્ત માનવોના સેવક હોવા ઉપરાંત બાહ્યાડંબરો અને કર્મકાંડના વિરોધી હતા. સમાજમાં વ્યાપેલ દંભ અને ઊંચનીચના ભેદભાવની તેઓ ભર્ત્સના કરતા, અંધવિશ્વાસો અને ધર્માંધતાની નિંદા કરતા, હંમેશાં સાત્ત્વિક જીવન જીવવાની હિમાયત કરતા.‘‘ ‘‘ધાર્મિક ભેદભાવોની વ્યર્થતા, માનવજીવનમાં સેવાવ્રતની આવશ્યકતા, યોગસાધના, રહસ્યવાદ જેવા વિષયોનું નિરૂપણ તેમની વાણીમાં મળે છે.‘‘

આ સિવાય કચ્છમાં અનેક ચમત્કારિક અને અલૌલિક પ્રસંગો-કિવંદંતીઓ-કથાઓ દાદા મેકણ સાથે જોડાયેલી છે. તારીખ ૧૦ ઑક્ટોબર, વર્ષ ૧૭૩૦. વિક્રમ સંવત ૧૭૮૬ના આસો વદ ચૌદશ, શનિવારનો દિવસ. આ દિવસ કચ્છના ઈતિહાસમાં ખાસ નોંધાયેલો છે. આ એ દિવસ છે કે જયારે દાદા મેકણે જીવંત સમાધિ ધારણ કરી હતી. દુલેરાય કારાણીએ આખો પ્રસંગ પોતાના પુસ્તકમાં ટાંક્યો છે. જે પ્રમાણે દાદા મેકણની સમાધિની પત્રિકાઓ કચ્છને ગામડે-ગામડે મોકલવામાં આવી હતી. સાધુ-સંન્યાસીઓ, આજુબાજુનાં ગામોના લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. દરેકના ચહેરા પર એક પ્રકારની ઘેરી ઉદાસી છવાઈ ગઈ હતી.

સૌની છાતીમાં ડૂમાં ભરાઈ ગયાં હતાં. સમાધિ ખોદનારાઓ સમાધિઓ ખોદી રહ્યા હતા, કોઈ માટીની ગાર બનાવી રહ્યા હતા.અગિયાર સમાધિઓ તૈયાર કરવામાં આવી હતી, કારણકે દાદા મેકણ સાથે બીજા દસ જણ જીવંત સમાધિ લેવાના હતા.

આખરી ક્ષણે લાલિયો અને મોતિયો પણ દાદા મેકણની પાસે આવીને ઊભા. દાદા મેકણે બંનેનાં માથાં પર હાથ ફેરવ્યો. તેઓ દાદા સાથે સમાધિ લેવાની મંજૂરી માગી રહ્યા હતા. દાદા મેકણે લાલિયા અને મોતિયા માટે પણ બે સમાધિઓ બહાર તૈયાર કરાવવાની આજ્ઞા આપી. સુંદરદાસજીએ એકતારો લઈને ભજનના તાર છેડયા... જી રે વીરા! વહાણ ખેડો તમે વડા વેપારી, રખે મૂરગી મૂડી જાઓ હારી; પેઢી તણા સાહેબો લેખાં માંગશે, તેને જવાબ દેજો વિચારી. જી રે વીરા... ભજન પૂરું થયું. તમામ મંડળી ઊઠીને ઊભી થઈ. સૌપ્રથમ દાદા મેકણ સમાધિમાં ગોઠવાઈ ગયા. સૌએ પોતપોતાની સમાધિમાં પોતાનું સ્થાન લઈ લીધું. આખરે કચ્છ ભૂમિના આ 'નિઃસ્વાર્થ સેવક'એ સમાધિ લીધી. ગમગીન અને ઘેરી હવા ચારે તરફ ફેલાઈ ગઈ. ‘‘દાદા મેકણ સદાને માટે ગયા પણ સેવામંત્રની જવલંત જ્યોત અંતરમાં ઝબૂકતી મૂકી ગયા.‘‘ દાદા મેકણ પર 'જીનામ' નામની નવલકથા લખનારા કચ્છી સર્જક હરેશ ધોળકિયા લખે છે, ‘‘સંત મેકણ એટલે છેલ્લાં હજાર વર્ષમાં કચ્છમાં જે જાણીતી વ્યક્તિઓ થઈ ગઈ તેમાં સૌથી પ્રભાવશાળી વ્યકિતત્વ. સંત મેકણે કચ્છ અને સૌરાષ્ટનાં અધ્યાત્મ અને સેવાક્ષેત્રે જે કાર્યો કર્યાં છે તેનો પ્રભાવ આજે ત્રણ સદી પછી પણ જોવા મળે છે.‘‘ ‘‘તેમનાં દોહા અને ભજનો સંત કબીરની કક્ષાનાં છે. તત્કાલીન સમાજને સુધારવાનો તેમનો પ્રયાસ તેમને કબીર, નરસિંહ વગેરેની કક્ષામાં મૂકે છે. રણમાં મુસાફરોને બચાવવાની તેમની પ્રવૃતિ સંત બર્નાડને યાદ કરાવે એવી છે.‘‘ દાદા મેકણ પર ગુજરાતી રંગભૂમિના પ્રખ્યાત નાટ્યકાર ભરત યાજ્ઞિકે નાટકનું પણ નિર્માણ કર્યું છે. ધ્રંગમાં આજે પણ દાદા મેકણની યાદમાં મહાશિવરાત્રિના દિવસે મેળાનું આયોજન કરવામાં આવે છે.

# મારા વાછરડાનું પૂંછડું વધુ સફેદ કે તમારી દાઢી વધારે સફેદ?

એક સંતનો નાનકડો આશ્રમ હતો. સંત પોતાના થોડા શિષ્યો સાથે ત્યાં રહેતા અને રોજ સત્સંગ કરતા. શિષ્યોને જીવનની સાચી રીતનો ઉપદેશ આપતા. સંતના આશ્રમમાં એક વૃદ્ધા રોજ દૂધ આપવા આવતી, ભક્તિભાવથી સંતના ચરણમાં દૂધ અર્પણ કરતી. પછી ધીમેથી એક પ્રશ્ન પૂછતી, ‘મહારાજ, મને એક પ્રશ્નનો જવાબ આપો કે તમારી દાઢી સફેદ કે મારા વાછરડાનું પૂંછડું?’ વૃદ્ધા રોજ આ પ્રશ્ન પૂછે. સંત ચૂપચાપ પ્રશ્ન સાંભળી રહે પણ કોઈ દિવસ જવાબ ન આપે. માત્ર મંદ મુસ્કાન આપી ચૂપ રહે. એક વખત શિષ્યોએ સંતને પૂછ્યું, ‘ગુરુજી, આપ આ વૃદ્ધાના પ્રશ્નનો જવાબ શું કામ નથી આપતા? તમે શું કામ કહી દેતા નથી કે મારી દાઢી વધુ સફેદ છે.’ સંત સમજુ હતા. શિષ્યોની અધીરાઈને પણ સમજતા હતા અને વૃદ્ધાના પ્રશ્નના ઊંડાણને પણ સમજતા હતા. તેમણે શિષ્યોને જવાબ આપ્યો, ‘વૃદ્ધાનો પ્રશ્ન હું સમજુ છું. તેનો જવાબ હું યોગ્ય સમયે આપીશ.’



વૃદ્ધા રોજ દૂધ લાવતી. રોજ તે એક જ પ્રશ્ન સંતને પૂછતી કે ‘મહારાજ, તમારી દાઢી સફેદ કે મારા વાછરડાનું પૂછડું?’સંત કોઈ જવાબ ના આપતા. આમ ને આમ મહિનાઓ અને વરસો પસાર થયાં. સંતની ઉંમર ઘણી વધી. તેઓ બીમાર પડ્યા. હવે તેમના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હતા. વૃદ્ધાનો નિયમ અખંડ હતો. તે રોજ દૂધ લઈને આવતી. સંતનાં દર્શન કરતી. આજે પણ આવી વૃદ્ધાએ સંતને દૂધ અર્પણ કર્યું. સંતના હાથમાં માળા હતી. આજુબાજુ શિષ્યો અને ભક્તોનું વૃંદ હતું. સંતે દૂધ પી લીધું. વૃદ્ધાએ આજે પણ આંખો દ્વારા જ રોજનો પ્રશ્ન પૂછ્યો. દૂધ પીને સંત બોલ્યા, ‘માજી, આજે તમારા પ્રશ્નનો જવાબ આપવો પડશે. માજી, મારો જવાબ છે કે તમારા વાછરડા કરતાં મારી દાઢી સફેદ.’

શિષ્યોને નવાઈ લાગી કે આટલા દિવસોમાં સંતે કોઈ જવાબ આપ્યો નહીં અને આજે જીવનની અંત ઘડીએ જવાબ આપ્યો. શિષ્યોના મનોભાવ પારખી લઈને સંત બોલ્યા, ‘શિષ્યો, મેં આ જવાબ જીવનની છેલ્લી ઘડીમાં આપ્યો છે કારણ સંસારજીવન કે તપસ્વી જીવન બંને ડાઘ વિના પસાર કરવા ખૂબ અઘરા છે. વ્રત, તપ, નિયમ, વેદ, જ્ઞાન, અભ્યાસ છતાં કોઈ એકાદ નબળી ક્ષણમાં ભૂલ કે પતન થઈ જવાનું સંભવ હોય છે માટે જીવનની છેલ્લી ક્ષણ સુધી સાચવીને રહેવું જોઈએ. જીવનની કોઈ પણ ક્ષણે દાઢીમાં ધૂળ પડે કે ડાઘ લાગવાનો સંભવ રહે છે પણ આજે મેં મારી દાઢી સફેદ એ જવાબ આપ્યો છે કારણ કે મારા જીવનની છેલ્લી ક્ષણો છે અને હવે મને કોઈ ડાઘ લાગવાનો ભય નથી.’જીવનના અંત સમયે પણ સંતે શિષ્યોને જીવનમાં દરેક પળે જાગ્રત રહેવાનો સંદેશ આપ્યો.

# મુનિ શ્રેષ્ઠ પરશુરામજી હિન્દુ સંસ્કૃતિની રક્ષા કાજે મહેન્દ્ર પર્વત પર આજે પણ કઠીન તપસ્યા કરે છે

પરશુરામ અન્ય મુનિઓ કરતાં સાવ અલગ જ વિચારશરણી અને વ્યક્તિત્વ ધરાવતા ઉત્તમ કોટિના આદરણીય મહાપુરુષ હતાં અને એથીજ તેઓ મુનિ શ્રેષ્ઠ એવી પદવી પામ્યા હતાં. એવું કહેવાય છે કે પરશુરામજી સાત ચિરંજીવીઓમાં સ્થાન પામ્યાં છે અને હિન્દુ સંસ્કૃતિની રક્ષા કાજે મહેન્દ્ર પર્વત ઉપર આકરી અને કઠિન તપશ્ચર્યા કરે છે. આપણાં હિન્દુ શાસ્ત્રોમાં પરશુરામનો મહિમા તથા તેમની યશગાથાઓ ખુબ મોટા પાયે નિરૂપાયેલી છે. પરશુરામજી બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. એમના પિતા પણ તેજસ્વી અને પ્રતાપી હતા. એમના પિતાજીનું નામ જમદગ્નિ તથા માતાનું નામ રેણુકાદેવી હતું. પરશુરામજી મહાપ્રતાપી અને ભડવીર યોધ્ધા અને લડવૈયા હતા. પરશુરામજી બાળપણથી જ તમામ પ્રકારના અસ્ત્ર શસ્ત્રમાં પારંગત હતા તથા મહા ધનુર્ધર હતા. પરશુરામનું મૂળ નામ ભાર્ગવ હતું, પરંતુ તેઓ હંમેશા પોતાના ખભા ઊપર પરશુ (એક પ્રકારનું કુહાડી જેવું હથિયાર) પોતાની સાથે રાખતા હતા તેથી તેઓ પરશુરામ તરીકે ઓળખાવા લાગ્યા. મોટાભાગની બ્રાહ્મણ જ્ઞાતિઓમાં તેમના તથા તેમના પિતાનાં નામ ઉપરથી જમદગ્નિ, પરશુરામ, ભાર્ગવ જેવા ગોત્ર પણ જોવાં મળે છે.

પરશુરામજી પોતાના પિતાશ્રીની આજ્ઞાનું અક્ષરસઃ પાલન કરતા હતાં. એક વખત પોતાના પિતાજીની આજ્ઞાથી એમણે એમની માતા રેણુકાદેવીનો શિરચ્છેદ કર્યો હતો અને ત્યાર પછી પોતાના તપોબળ વડે માતાને પુનઃ જીવિત કર્યા હતા.એક વેળા ગણપતિ સાથેના મહાયુદ્ધમાં પરશુરામજીએ પરશુનો છૂટો ઘા કર્યો હતો અને તે પરશુ વડે ગણપતિજીનો ડાબો દંતશૂળ ખંડિત થઈ ગયો. આ બનાવ પછી ગણપતિ એકદંત તરીકે ઓળખાવા લાગ્યા હતાં. રામાયણ, મહાભારત તેમજ વેદો પુરાણોમાં પરશુરામજીની ઘણી નાની મોટી વાર્તાઓનો ઉલ્લેખ થયેલો છે.

પરશુરામ બહું ક્રોધી અને ઉગ્ર સ્વભાવ ધરાવતા હતા. એક વખત પરશુરામજી પોતાના પિતાશ્રી માટે વનમાં ફળફળાદી લેવા માટે ગયા હતા અને તે વખતે કોઈ ક્ષત્રિય વંશના રાજાએ આશ્રમમાં તોડફોડ કરી ધ્યાનમગ્ન જમદગ્નિ ઋષિના ગળામાં મરેલો સાપ નાંખ્યો હતો. પરશુરામજીએ આશ્રમમાં પાછા આવીને સઘળી હકીકત જાણી લીધી અને તાત્કાલિક દૃઢ પ્રતિજ્ઞા કરી કે, હું પરશુરામ મારા પિતાશ્રીની સામે અને ઈશ્વરનાં સોગંદ ખાઈને પ્રતિજ્ઞા કરૂં છું કે, હું આ પૃથ્વી ઉપરથી ક્ષત્રિય વંશનું નિકંદન કાઢીને જ જંપીશ. આમ પરશુરામજીએ આકરૂં પ્રણ લઈ એમણે પૃથ્વીને ૨૧ વખત નક્ષત્રી (મતલબ કે ક્ષત્રિયોની વસ્તી વગરની) કરી નાંખી હતી. પરશુરામજીનો ઉલ્લેખ રામાયણ તેમજ મહાભારતમાં પણ જોવા મળે છે. જ્યારે સીતાજીના સ્વયંવરમાં શ્રી રામચંદ્રજીએ શિવજીનું ધનુષ્ય તોડી નાંખ્યું હતું ત્યારે પરશુરામ અતિ ક્રોધિત થઈ શ્રી રામ સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા હતા, પરંતુ પ્રભુ શ્રી રામે પોતાની અતિ વિનમ્રતા અને ગરિમા દેખાડતાં કહ્યું કે મુનિ શ્રેષ્ઠ હું તો કેવળ રામ છું, પરંતુ આપ તો પરશુરામ છો, આપ મારા કરતાં તમામ પ્રકારના અસ્ત્ર શસ્ત્રમાં પારંગત છો, આપની સામે હું તુચ્છ મગતરા સમાન છું. આપ મારાં કરતાં વધારે જ્ઞાની અને દક્ષ છો. આપ બળ તથા બુદ્ધિમાં પણ મારા કરતાં ઘણાં વિશિષ્ટ છો. આપ મારા વડીલ તથા પિતાતુલ્ય છો. મારો અપરાધ ક્ષમ્ય ગણી મને માફ કરી દો. શ્રી રામની શાબ્દિક અને તાકિક દલીલો સાંભળીને પરશુરામજીનો ક્રોધ ઓગળી ગયો અને શ્રી રામ તથા સીતાજીને સુખી થવાના આશીર્વાદ આપ્યાં. મહાભારતમાં પણ સૂતપુત્ર કર્ણ પોતે બ્રાહ્મણ છે એમ ખોટું બોલીને પરશુરામ પાસેથી તમામ પ્રકારની દિવ્ય વિદ્યાઓ શીખ્યો, પરંતુ જૂઠાંણું ઝાઝું ટકતું નથી એ ન્યાયે પરશુરામજીને ખબર પડી કે કર્ણ બ્રાહ્મણ નહીં પરંતુ ક્ષત્રિય છે, આથી ક્રોધે ભરાઈને કર્ણને શાપ આપ્યો કે તેં ખોટું બોલીને મારી પાસેથી દિવ્ય વિદ્યાઓ પ્રાપ્ત કરી છે, પરંતુ ખરાં સમયે જ તને આ શક્તિઓ કામ નહીં લાગે. પરશુરામજીના આવા શાપને કારણે મહાભારતના અર્જુન સાથેનાં પરાકાષ્ઠાના યુદ્ધમાં કર્ણ પરશુરામજી પાસેથી શીખેલી વિદ્યા ભુલી ગયો અને છેવટે અર્જુનનાં બાણોથી હણાયો હતો.

# ગુરૂનો ગણ ભૂલી જવાની ભૂલ ભારે પડી શકે છે

એક કલાકાર હતો. તળાવના કાંઠે તેણે એક બગલાને જોયો. બગલો માછલી હવામાં ઉડાડી પછી ચાંચમાં પકડી લેતો. કલાકારે સતત થોડા દિવસ રોજ બગલાને આમ માછલી પકડતાં જોયા કર્યો. એક દિવસ તેણે બગલાને પગે લાગીને પ્રાર્થના કરી, ‘હે બગલાજી, આજથી હું તમને મારા ગુરુપદે સ્થાપું છું. તમે મારા ગુરુ અને હું તમારો શિષ્ય.’પછી શિષ્ય ભાવે વંદન કરી કલાકાર ગુરુ બગલાની નકલ કરવા લાગ્યો.

ભક્તિ રસ
-મયુરધ્વજસિંહ જાડેજા

પહેલાં ચોકલેટ. પછી ચમચી. પછી ચપ્પુ. પછી છરી અને છેલ્લે તલવાર આકાશમાં ઉડાડી મુખમાં દાંતથી પકડવામાં તે પાવરધો થઈ ગયો. દરરોજ કલાકાર તળાવના કિનારે જાય. પૂજ્ય ભાવથી પોતાના ગુરુ બગલાને વંદન કરે, પછી અભ્યાસ શરૂ કરે અને સફળ થયા પછી ફરી પાછા વંદન કરે. હવે કલાકાર પોતાની કલામાં પારંગત થઈ ગયો. પોતાની કલાને તે જાહેર કાર્યક્રમોમાં રજૂ કરવા લાગ્યો. તેની લોકપ્રિયતા વધતી ગઈ.એક વાર એક જાહેર કાર્યક્રમમાં કલાકારનું સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ છાપાં, ટી.વી., રેડિયોવાળા ઈન્ટરવ્યૂ કરવા આવ્યા. પ્રશ્ન પૂછાયો ‘તમને આ કલા શીખવાડનાર ગુરુ કોણ છે?’ કલાકારના મનમાં વિચાર આવ્યો કે સાચું કહીશ તો કોઈ મારી વાત માનશે નહીં અને મારી મશ્કરી થશે. તેણે ગુરુ તત્ત્વને અવગણીને જવાબ આપ્યો ‘હું મારી જાતે જ મારા પ્રયત્નોથી આ કલાને શીખ્યો છું.’

જાહેરમાં આવો જવાબ તો આપ્યો પરંતુ કલાકારનો અંતર આત્મા ડંખવા લાગ્યો. બીજા દિવસના કાર્યક્રમમાં જ્યારે તલવાર હવામાં ઉછાળી દાંતમાં ઝીલવા ગયો પણ કોણ જાણે કેમ તેનો વિશ્વાસ ડગ્યો, ભય લાગ્યો અને હવામાં ઉડાડેલી તલવાર તે દાંતમાં પકડી શક્યો નહીં. તલવાર ખભા પર પડી અને કલાકાર ઘાયલ થયો. કલાકારને તરત પોતાની ભૂલ સમજાઈ ગઈ. ઘાયલ ખભા સાથે તેણે કાર્યક્રમમાં જ બધાં શ્રોતાજનોને કહ્યું કે ‘આજે મારે એક વાત જણાવવી છે. મારા ગુરુ મનુષ્ય નહીં , પણ એક પંખી છે! મારા ગુરુ તળાવને કાંઠે માછલી પકડતા બગલાજી છે. ગુરુને મનોમન વંદન કરી તેણે ફરીથી તલવાર ઉડાડીને દાંતમાં ઝીલી લીધી હતી. લોકોએ તેને તાળીઓથી વધાવ્યો. કાર્યક્રમ બાદ કલાકાર ગુરુની માફી માંગવા વંદન કરવા તળાવે ગયો. જીવનમાં જે તત્ત્વ પાસેથી કંઈ શીખો તેને ગુરુ તત્ત્વ માનો અને ગુરુ તત્ત્વને ક્યારેય ન અવગણો.

ગુરુ તત્ત્વ એ કોઈ વ્યક્તિમાં જ હોય એવું જરૂરી નથી. તે દૈવી ઈશ્વરીય તત્ત્વ છે. તે એક ભાવાત્મક શક્તિ છે. વ્યક્તિપૂજા નથી. એક વ્યક્તિની અંદર રહેલા ગુરુ તત્ત્વની પૂજા છે. જે તત્ત્વ તમને કંઈક શીખવાડે, કંઈક સમજાવે, કંઈક શીખ આપી જાય તે ગુરુ તત્ત્વ છે.

# સરકારી હોસ્પિટલમાં અન્નક્ષેત્રએ બનાવેલ ગેરકાયદે ઓટલાને તંત્ર દ્વારા તોડી પડાયો

## વીજ જોડાણ અંગે પીજીવીસીએલમાં લેખિત જાણ કરાઈ : દબાણ હટાવવામાં નિષ્ફળ

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અન્નક્ષેત્ર ચલાવવા ટ્રસ્ટે કેટલાક અન અધિકૃત દબાણો કર્યાનું હવે તંત્રના ધ્યાને આવતા સફાળુ જાગ્યું હતું અને વિજ જોડાણ બાદ આજે અન્નક્ષેત્ર દ્વારા બનાવવામાં આવેલ ગેરકાયદે ઓટલાને તંત્ર દ્વારા તોડી પડાયું હતુ પરંતુ કરોડોની જમીન હજુ ખાલી કરાવવામાં તંત્ર નિષ્ફળ ગયું હોવાની સિવિલમાં ગણગણાટ થઈ રહ્યો છે સિવિલ હોસ્પિ.માં અન્નક્ષેત્રનો ઓટો આજે તોડી પડાયો હતો. જ્યારે એક્સ-રે વિભાગમાં આગ લાગી તે અંગે વીજ કંપનીએ તપાસ કરી છે. અન્નક્ષેત્રમાં અનધિકૃત રીતે વીજ વાયર લાંબાવાયો હતો, બનાવથી રેડિયોલોજીની મશીનરીઓમાં ફોલ્ટ આવ્યો છે.

આ અંગે આર. એમ. ઓ. મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું કે, ગઈકાલે એક્સરે વિભાગમાં સવારે ૧૧.૩૦ વાગ્યાં આસપાસ શોર્ટ સકિટ થયું હતું. જેના કારણે ધુમાડો થયો હતો. વીજ ભાર વધવાના કારણે શોર્ટ સકિટ થયું હતુ. પીજીવીસીએલ ટીમે તપાસ કરી હતી જેમાં અન્ન ક્ષેત્રમાં સિવિલ હોસ્પિટલમાં આવતા વીજ વાયરને તોડી અનધિકૃત રીતે વીજ વપરાશ કરાયો હોવાનું સામે આવ્યું હતું. પીજીવીસીએલએ લેખિત જાણ કરી છે.

આગળની કાર્યવાહી માટે ઉપરી કચેરીઓમાં જાણ કરાઈ છે. આ તરફ અન્ન ક્ષેત્ર દ્વારા ગેરકાયદેસર રીતે ઓટલો ચણી લેવાયો હોય, તેની જાણ થતા તુરંત સિક્યુરિટી એજન્સીને શો કોઝ નોટિસ અપાઈ હતી. સિક્યુરિટી વિભાગના ઇન્ચાર્જ ગિરિરાજસિંહ રાઠોડના માર્ગદર્શનમાં સિક્યુરિટી સ્ટાફ દ્વારા ઓટલો તોડી પાડવામાં આવ્યો હતો અને અહીં સેવા કરતા સેવક ગણને કોઈ પણ પ્રકારનું બાંધકામ ન કરવા અને કરતા પહેલા સિવિલ તંત્રને જાણ કરવા જણાવાયું હતું.

# મહાનગરપાલિકાના બજેટમાં મંજુર થયેલા વિકાસકામોની સમીક્ષા કરતા સત્તાધિશો

## જવાબદારો સાથે બેઠક કરતા મેયર પેઢડિયા અને સ્ટેન્ડિંગ ચેરમેન

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે તેમજ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ સ્ટે.કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ. મ્યુનિ. કોર્પોરેશનના બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા આજરોજ તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટની અમલવારીના સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ યોજવામાં આવી હતી.

આ મિટીંગમાં મ્યુનિ. કોર્પોરેશનના તમામ નાયબ કમિશનર, સીટી એન્જીનીયરો, તથા અધિકારીઓ સાથે બજેટમાં મંજૂર થયેલ તથા બજેટમાં સૂચવેલા કામો હાલ કયા તબક્કે છે તથા કયા કામો કઈ સમય મર્યાદામાં પૂર્ણ થશે, જે અંગે સ્ટે કમિટી ચેરમેન દ્વારા વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી. આ બેઠકમાં અધ્યક્ષસ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ. હતા.


(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

આ બેઠકમાં ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઇ રાડીયા હાજર રહેલ. તેમજ નાયબ કમિશનર, ચીફ એકાઉન્ટન્ટ, મ્યુનિ.સેક્રેટરી, ડેપ્યુટી સેક્રેટરી, પી.એસ. ટુ ચેરમેન, તથા સંલગ્ન વિભાગના શાખા અધિકારીઓ ટી.પી.ઓ., સીટી એન્જીનીયરો, આરોગ્ય અધિકારી, પર્યાવરણ ઈજનેર, લગત મેનેજરશ્રીઓ, એ.ટી.પી., ડેપ્યુટી એન્જીનીયરો સહિતના અધિકારીઓએ હાજર રહી બજેટ યોજનાના અમલિકરણ સંદર્ભે વિસ્તૃત માહિતી રજુ કરેલ હતી.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર દ્વારા આવનારા દિવસોમાં પણ બજેટમાં મંજૂર થયેલ કામોની સમીક્ષા તથા બજેટમાં ઉમેરવામાં આવેલ નવી યોજનાઓનું સમયબધ્ધ અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવા માટે લગત અધિકારીઓ સાથે બજેટ યોજના અન્વયે કરેલ કામગીરી અંગે સમયાંતરે બેઠક કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## ૬૯૯૭ ચોરસ મીટર જમીન તંત્રએ હસ્તક લીધી

# વાવડી-રૈયામાં ૩૪થી વધુ મકાનો, ઝૂંપડા જમીનદોસ્ત

## કમાણી માટે અનઅધિકૃત ખડકી દેવાયેલ બાંધકામ તોડી રૂા. ૭૦ કરોડની જમીન ખુલ્લી કરાઈ : તંત્રના સપાટાથી ફફડાટ

**સમય મિરર | રાજકોટ**



મહાનગરપાલિકા દ્વારા આજે રૈયા અને વાવડીમાં ડિમોલેશનની કામગીરી હાથ ધરી વાવડીમાં બે સ્થળે ઈન્ડસ્ટ્રીયલ શેડ અને ગેરેજનું બાંધકામ તોડી પાડી રૈયા વોર્ડ નં. ૧૦માં વાણીજ્ય હેતુના પ્લોટ પર તેમજ ૨૪ મીટરના ટીપી રોડ ઉપર ગેરકાયદેસર દબાણરૂપ ૩૪થી વધુ કાચા-પાકા મકાનો અને ઝુપડાઓના દબાણો દૂર કરી રૂા. ૬૯.૯૭ કરોડની ૬૯૯૭ ચો.મી. જગ્યા ખુલી કરાવાઈ હતી.

વાવડીમાં વિનુભાઈ પરસાણાની માહીન ફાર્મ પાછળ, રસુલપરા સ્કુલ સામે, રસુલપરા, કાંગશીયાડી રોડ ખાતે ઈન્ડસ્ટ્રીયલ શેડનું બાંધકામ આસામી દ્વારા કબ્જા/વપરાશમાં આવેલ ઉપરોક્ત સ્થળે દર્શાવેલ મિલ્કત પર ગેરકાયદેસર બાંધકામ ધ્યાને આવતા અત્રેથી કલમ-૨૬૦(૧) મુજબની નોટીસ પાઠવવામાં આવેલ તેમ છતાં આસામીશ્રી દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં ન આવતા, ૨૬૦(૨) ની નોટીસ પાઠવવામાં આવેલ. સદર ગેરકાયદેસર બાંધકામ દુર ન થતા આજરોજ સવારથી ઈન્ડસ્ટ્રીયલ શેડનું અંદાજીત ૮૫૦.૦૦ ચો.મી. નું બાંધકામ દુર કરેલ તથા રીયાઝભાઈ, વાવડી-કાંગશીયાડી રોડ, વાવડી ગામતળ પાછળ, ગેરેજનું છાપરાનું બાંધકામ આસામી દ્વારા કબ્જા/વપરાશમાં આવેલ ઉપરોક્ત સ્થળે દર્શાવેલ મિલ્કત પર ગેરકાયદેસર બાંધકામ ધ્યાને આવતા અત્રેથી કલમ-૨૬૦(૧) મુજબની નોટીસ પાઠવવામાં આવેલ તેમ છતાં આસામીશ્રી દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં ન આવતા, ૨૬૦(૨) ની નોટીસ પાઠવવામાં આવેલ. સદર ગેરકાયદેસર બાંધકામ દુર ન થતા આજરોજ સવારથી ગેરેજનું છાપરાનું બાંધકામ અંદાજીત ૨૬૧.૦૦ ચો.મી. નું બાંધકામ દુર કરી કુલ ૧૧૧૧.૦૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરાવાઈ હતી.

વેસ્ટ ઝોન વોર્ડ નં. ૧૦ ટી. પી. સ્કીમ નં.૧૬-રૈયા, અંતિમખંડ નં.૮૬/એ (વાણીજ્ય વેચાણ), કીડની હોસ્પિટલ પાસે, રૈયા, ઝુંપડાનું દબાણ તથા ટી. પી. સ્કીમ નં.૧૬-રૈયા, અંતિમખંડ નં.૩૧/એ (એસ.ઈ.ડબલ્યુ.એસ.એચ.), કીડની હોસ્પિટલની પાછળ, રૈયા, તથા ટી.પી. સ્કીમ નં. ૧૪-વાવડી(ડ્રાફ્ટ), ૨૪.૦૦ મી. ટી.પી. રોડ, પુનીતના ટાંકાથી વાવડી ગામ સુધી ૩૦-ઝુંપડા સહિતના બાંધકામો દૂર કરી રૂા. ૬૯.૯૭ કરોડની ૬૯૯૭ ચો.મી. જગ્યા ખુલ્લી કરાવાઈ હતી.

આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા, વેસ્ટ ઝોન, આસી. ટાઉન પ્લાનર તથા તમામ આસી. એન્જીનીયર, એડી. આસી. એન્જીનીયર, હેડ સર્વેયર, સર્વેયર અને વર્ક આસિસ્ટન્ટ તેમજ અન્ય જુદી-જુદી શાખાઓ જેવી કે, જગ્યા રોકાણ શાખા, ફાયર વિભાગ, રોશની વિભાગ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિજિલન્સનો પોલીસ સ્ટાફ તથા પીજીવીસીએલનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

## મેરેજ નોંધણી વિભાગમાં ફરી જૂનો નિયમ લાગુ

# લગ્નના પ્રમાણપત્ર માટે દંપતિને રૂબરૂ મહાનગરપાલિકાએ હાજર રહેવા ફરમાન

### વીડિયો કોલ દ્વારા પત્નીની હયાતી હોવાનો કાયદો રદ કર્યો

### લગ્ન નોંધણી વિભાગમાં યુગલોની લાઇન જોવા મળશે



**સમય મિરર | રાજકોટ**

મનપાના મેરેજ સર્ટી વિભાગમાં ફરી વખત જૂના નિયમોની અમલવારી શરૂ કરવામાં આવી છે. જેના લીધે હવેથી મેરેજ સર્ટી માટે પતિ-પત્ની બન્નેએ અધિકારી સમક્ષ હાજર રહેવું પડશે. આજ સુધી મેરેજ સર્ટી માટે આવતા યુગલ પૈકી પતિ દ્વારા ઈન્ટરવ્યુ આપતી વખતે વીડિયોકોલ મારફતે અધિકારી દ્વારા તેમની પત્નીનો ઈન્ટરવ્યુ લઈ ખરાઈ કરવામાં આવતી હતી. પરંતુ આ પ્રણાલીમાં અનેક વિસંગતતાઓ સર્જાતા હવે લગ્ન નોંધણી વિભાગ દ્વારા નવો નિયમ અમલમાં મુકવામાં આવ્યો છે. જે મુજબ ઈન્ટરવ્યુ વખતે પતિ-પત્ની બન્નેએ અધિકારી સમક્ષ હાજર રહેવું પડશે. જેના લીધે આગામી દિવસોમાં ફરી વખત લગ્ન નોંધણી વિભાગોમાં યુગલોની લાઈનો લાગશે. તેવુ લાગી રહ્યું છે.

મનપાના મેરેજ રજીસ્ટ્રાર વિભાગમાં મેરેજ સર્ટી માટે આવતા મોટા ભાગના યુગલો પારંપારીક રીતે લગ્ન કર્યા બાદ સર્ટી કઢાવા માટે આવતા હોય છે.નિયમ મુજબ યુગલો દ્વારા લગ્નનું સ્થળ તેમજ બન્નેના માતા-પિતાની સંમતિ સહિતના ડોક્યુમેન્ટ ફરજિયાત કરવામાં આવ્યા છે. રજીસ્ટાર ઓફિસમાં આવતા યુગલોએ ક્યા સ્થળે લગ્ન કર્યા તે દર્શાવવુ ફરજિયાત છે. પરંતુ પ્રેમ લગ્ન કરનાર એટલે કે ઘરેથી ભાગીને મંદિરમાં અથવા અન્ય કોઈ સ્થળે લગ્ન કરી લીધા હોય અને ત્યાર બાદ મેરેજ સર્ટીની જરૂરિયાત ઉભી થાય ત્યારે આ પ્રકારના યુગલો દ્વારા મનપાના મેરેજ રજીસ્ટાર વિભાગમાં અરજી કરવામાં આવતી હોય છે. જેના લીધે ડોક્યુમેન્ટ ચકાસણી દરમિયાન પ્રથમ પતિ અને પત્નીની ઉંમર ચેક કરવામાં આવે છે. જેમાં ઉમર ઓછી હોય ત્યારે અરજી નામમંજુર કરાતીહોય છે. જેની સામે હિન્દુ રિતરિવાજ મુજબ કાયદેસર લગ્ન થયા હોય તેમજ ચર્ચ અથવા નિકાહ થયેલા હોય તે તમામના પુરાવાઓ માન્ય રાખવામાં આવે છે અને પતિપત્ની પૈકી ઈન્ટરવ્યુ વખતે ફક્ત પતિએ હાજર રહી વિડીયો કોલીંગ મારફત પત્નીની હયાતીની ખરાઈ કરવાની હોય છે. આ નિયમનો ગેરલાભ લેવાનું શરૂ થતાં મનપાએ હવે જૂના નિયમ મુજબ પતિ-પત્ની બન્નેને હાજર રહેવાની સુચના આપી છે.

આરોગ્ય વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ લગ્ન નોંધણી સર્ટી માટે પતિ-પત્ની બન્ને ભારતમાં રહેતા હોવા જોઈએ તેવો નિયમ અમલમાં છે. પરંતુ વીડિયો કોલીંગ સિસ્ટમના કિસ્સામાં પત્ની વિદેશમાં હોય છતાં વીડિયોકોલ મારફથે ભારતના કોઈપણ શહેરમાં દર્શાવી લગ્ન નોંધણી કરવામાં આવતી હતી જે પ્રકરણ બહાર આવતા હવે પતિ-પત્ની બન્નેને હાજર રહેવા માટેની સુચના અપાઈ છે. જેની અમલવારી આજથી શરૂ કરવામાં આવી છે.

### ગ્રામ પંચાયતમાં ચાલતી લાલિયાવાડી

મહાનગરપાલિકાઓના લગ્ન નોંધણી વિભાગમાં ડોક્યુમેન્ટની ખરાઈ કરવામાં આવતી હોવાથી તેમજ દરેક મહાનગરપાલિકાએ લગ્ન નોંધણી માટે પોતાનો સોફ્ટવેર તૈયાર કરેલ હોય મોટાભાગના કિસ્સાઓમાં ખોટુ થતું નથી. જેના લીધે અનેક યુગલો કે જેમની પાસે પુરતા ડોક્યુમેન્ટ ન હોય તેવો ગ્રામ પંચાયતોમાંથી મેરેજ સર્ટી મેળવતા હોવાનું બહાર આવ્યું છે. ગ્રામ પંચાયતમાં તલાટી મંત્રી અથવા અન્ય અધિકારીઓ પાસેથી મેરેજ સર્ટી મેળવવા માટે નિવેધ ધરાતો હોવાનું પણ ખુલ્યું છે. જેના લીધે મહાનગરપાલિકામાં ન થતી મેરેજ સર્ટીની કામગીરી હવે ગ્રામ પંચાયતોના લોલંમલોલ વહીવટના લીધે થતી હોય અનેક યુગલો તેનો ગેરલાભ લઈ રહ્યાનું જાણવા મળેલ છે.

# જૂની કલેક્ટર કચેરીમાં એજન્ટરાજ ૧૬ને હાંકી કાઢતા પૂર્વ મામલતદાર

## તંત્રની સરપ્રાઈઝ કાર્યવાહીથી દોડધામ : અરજદારોને રાહત મળી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેર (પૂર્વ)ના મામલતદાર એસ.જે. ચાવડા અને તેમની ટીમે જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં અચાનક ડ્રાઇવ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન કમ્પાઉન્ડમાં અનઅધિકૃત રીતે બેસી રહેલા આશરે ૧૬ જેટલા ઇસમોને ખસેડવામાં આવ્યા હતા.

મામલતદારના જણાવ્યા અનુસાર, આ ઇસમો જૂની કલેકટર કચેરીના મેદાનમાં બેસીને સરકારી કામકાજ માટે આવતા લોકોને ભ્રમિત કરી ગેરકાયદેસર રીતે નાણાં પડાવતા હતા. પાન-ફાકીની લારીવાળાઓ સહિતના આ દબાણકર્તાઓને અગાઉ મામલતદાર દ્વારા મૌખિક સૂચનાઓ આપવામાં આવી હતી, એટલું જ નહીં પ્ર.નગર પોલીસને પણ આ અંગે લેખિતમાં જાણ કરવામાં આવી હતી.

આ સૂચનાઓ અને જાણકારી છતાં, આ ઇસમો ગમે ત્યારે કમ્પાઉન્ડમાં ફરીથી આવી જતા હતા અને પોલીસ તરફથી પણ કોઈ સઘન પીસીઆર કે ચેકિંગ કરવામાં આવતું નહોતું. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, આજે મામલતદારએ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટાફને બોલાવીને આ



કાર્યવાહી હાથ ધરી હતી.મામલતદારએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આ ઇસમો ફરીથી કમ્પાઉન્ડમાં બેસતા નજરે પડશે તો તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહીથી સરકારી કામકાજ માટે આવતા લોકોને હવે રાહત મળશે અને તેઓ ભ્રમિત થતા બચી શકશે. જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડને દબાણમુક્ત કરવાની આ કામગીરીને લોકોએ આવકારી છે.

# એન્જીનિયરીંગ કોલેજના ૧૫૯ સહાયક અધ્યાપકોને દોઢ દાયકા બાદ પ્રમોશન

## વર્ગ-૧ના ૭૦થી વધારે એસોસિએટ પ્રોફેસરની બદલી

**સમય મિરર | ગાંધીનગર**

ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા વિવિધ શાખાઓમાં સહાયક પ્રાધ્યાપક (વર્ગ-૨) થી સહ પ્રાધ્યાપક (વર્ગ-૧) માં બઢતી માટે અરજી મંગાવવા માંઆવેલહતી. ૨૨/૪/૨૦૨૫નાં રોજ વિવિધ વિદ્યાશાખાઓમાં સહાયક પ્રાધ્યાપક (વર્ગ-૨) થી સહ પ્રાધ્યાપક (વર્ગ-૧) માં બઢતી માટે પ્રક્રિયા પૂર્ણ કરી ૧૫૯ જેટલા એસોસિએટ પ્રોફેસરોને વર્ગ-૧માં બઢતી માટે ના જરૂરી આદેશ કરવામાં આવેલ છે.




આ સાથે સરકારી ડીગ્રી ઇજનેરી કોલેજોના વર્ગ-૧ના ૭૦ એસોસિએટ પ્રોફેસરની બદલી તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. સરકારી ઇજનેરી કોલેજ ના અધ્યાપકોનાં મંડળનાં હોદેદારોનાં જણાવ્યા અનુસાર ક્લાસ ૨માંથી ક્લાસ ૧માં બઢતી ૧૩ વર્ષ અગાઉ ૬૬ અધ્યાપકોની આવેલ હતી. આજે ૧૩ વર્ષ પછી શિક્ષણ વિભાગ દ્વારા ૧૫૯ અધ્યાપકો ને ક્લાસ ૨ માંથી ક્લાસ ૧ માં ઐતિહાસિક બઢતી આપવાનાં કારણે તમામ અધ્યાપકોમાં હર્ષ ની લાગણી ફેલાઇ ગઇ છે. તેમજ અધ્યાપકો એ એક બીજા ને મીઠાઈ ખવડાવી ખુશી વ્યક્ત કરેલ છે.

તેમજ અધ્યાપક મંડળ દ્વારા રાજ્ય ના મુખ્યમંત્રી, ટેકનિકલ શિક્ષણ વિભાગ ના મંત્રી, શિક્ષણ વિભાગ ના એડિશનલ ચીફ સેક્રેટરી, ટેકનિકલ શિક્ષણ વિભાગ ના કમિશનર સહિત તમામ અધિકારીઓ તેમજ સભ્યો નો આભાર માનેલ છે.

# સિટી બસની સેવા ખોરવાતા અનેક મુસાફરો હેરાન થયા

## અકસ્માત બાદ લોકોના રોષને પારખી જતા ડ્રાઈવરોએ નોકરી છોડતાં અનેક રૂટ પર બસ નહી મળતા મુસાફરોની સમસ્યામાં વધારો

**સમય મિરર | રાજકોટ**

ઈન્દિરા સર્કલ પાસે સીટી બસના અકસ્માતમાં ચાર લોકોના જીવ જતાં લોકોમાં સીટી બસના ડ્રાઈવરો સામે રોષ ફેલાયો છે. આ ઘટનાથી પ્રજાનો મિજાજ પારખી ગયેલા કેટલાક ડ્રાઈવરો નોકરી મુદી દીધી છે. અને કેટલાક નોકરી પર આવવાનું બંધ કરી દેતા સીટી બસના સંચાલન પર તેની અસર પડી છે અને અનેક રૂટ ખોરવાતા મુસાફરોની હેરાનગતિ વધી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.



સીટીબસ અકસ્માત બાદ સીટીબસના ડ્રાઈવરોએ લોકોના રોષનો ભોગ ન બનવું પડે તે માટે એજન્સી ઉપર જવાબદારી ઢોળી હતી. પરંતુ મીટીંગ દરમિયાન એજન્સીના અધિકારીઓએ ડ્રાયવરોને સાથ ન આપતા ગઈકાલે ૨૫ થી વધુ ડ્રાઈવરોએ રાજીનામા આપી દીધા હતાં. જ્યારે ગઈકાલે સાંજથી અનેક રૂટના ડ્રાઈવરોએ આ પ્રકરણનો નિવેડો ન આવે ત્યાં સુધી નોકરી છોડવાના બદલે રજા ઉપર ઉતરી જવાનું મુનાસીફ સમજતા અનેક ડ્રાઈવરો કોઈના કોઈ બહાને રજા ઉપર ઉતરી જતાં સવારથી પ્રથમ શેડ્યુલમાં જ અનેક રૂટ પર સીટીબસ સેવા ખોરવાઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

મનપાના સુત્રોના જણાવ્યા મુજબ ગઈકાલે ડ્રાઈવરોએ રાજીનામા આપી દેતા ૨૫ બસના રૂટ બંધ રહ્યા હતાં. જેની સામે ગઈકાલે સાંજથી અમુક ડ્રાઈવરોએ રજા રિપોર્ટ મુકવાનું શરૂ કર્યુ હતું. અકસ્માત પ્રકરણમાં જવાબદારી કોની ફિક્સ થાય તેનો નિવેડો આજ સુધી તંત્ર અને એજન્સી દ્વારા લાવવામાં આવ્યો નથી. જેના કારણે ડ્રાઈવરો મુંજવણમાં મુંકાઈ ગયા છે. રાજીનામું આપ્યા બાદ ફરી વખત નોકરી માટે ફાફા મારવા પડેતેવી સ્થિતિનું સર્જન ન થાય એટલા માટે અનેક સમજુ ડ્રાઈવરોએ માંદગી સહિતના બહાના હેઠળ રજા રિપોર્ટ મુકવાનું શરૂ કર્યુ છે. જેના લીધે આજે સવારથી ૬ વાગ્યાના સિડ્યુલમાં દોડતી અનેક સીટીબસ ડેપોમાં જોવા મળી હતી.

આ બાબતે તપાસ કરતા માલુમ પડેલ કે, મુખ્યત્વે મોટા રૂટ ઉપર દોડતી સીટીબસના અનેક ડ્રાઈવરો રજા ઉપર ઉતરી ગયા છે. જેના સ્થાને નવો ડ્રાઈવર તાત્કાલીક લગાવવો મુશ્કેલ હોય અમુક રૂટ ટુકાવી નાખવામાં આવ્યા છે. અથવા જે રૂટ ઉપર વધુ બસ દોડતી હોય ત્યાંથી આ બસોને બંધ થયેલા રૂટો પર દોડાવવામાં આવી રહ ી છે. આ મુદ્દે અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા ફરી વખત એજન્સી સાથે મિટિંગ યોજાઈ તેવું લાગી રહ્યું છે. છતાં આજે અનેક ડ્રાઈવરો રજા ઉપર ઉતરી જતાં સેંકડો રૂટ ઉપર દોડતી બસોના થપ્પા ડેપોમાં જોવા મળ્યા હતાં. જેના લીધે મુસાફરોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો.

### ટીપરવાનના ડ્રાઈવરોના લાયસન્સ ચેક કરાયા

સીટીબસ અકસ્માત બાદ મનપા દ્વારા ડેપ્યુટી કમિશનરની અધ્યક્ષતામાં કમિટિ બનાવવામાં આવી છે. જેના દ્વારા છેલ્લા ત્રણ દિવસથી તમામ સીટીબસોમાં ચેકીંગ કામગીરી હાથ ધરી ડ્રાયવરોના લાયસન્સ સહિતના મુદ્દે તપાસ શરૂ કરાઈ છે. પરંતુ સેરી-ગલીઓ અને સીટીબસ કરતા વધુ સંખ્યામાં ફરતી ટીપરવાનના ડ્રાઈવરો પાસે લાયસન્સ છે કે કેમ તે અંગે પણ તંત્રએ રહી રહીને તપાસ શરૂ કરી છે. આ મુદ્દે પર્યાવરણ વિભાગે જણાવેલ કે, તંત્ર દ્વારા ટીપરવાનના ડ્રાઈવરોના લાયસન્સ દર માસે ચેક થાય છે. છતાં ફરી વખત ચેકીંગ શરૂ કરાયું છે. જેના લીધે સમયનો બગાડ થતાં ટીપરવાન સેવામાં આવે અસર જોવા મળી હતી.

# મન ફાવે ત્યાં ફરો યોજનામાં પાંચ વર્ષમાં રૂા. ૨૧ લાખની આવક

**સમય મિરર | ગાંધીનગર**

નાગરીકો ગુજરાતમાં પોતાના ઉદ્યોગને વિકસાવવા એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ફરી શકે તે માટે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં 'મન ફાવે ત્યાં ફરો' યોજનાનો સૌથી વધુ લાભ અમદાવાદ, રાજકોટ, મહેસાણા અને સુરતનાં મુસાફરોએ લીધો છે. જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં ૨૫૮૦ મુસાફરોના પાસ ઇસ્યુ કરીને નિગમે રૂ.૨૧ લાખથી વધુની આવક મેળવી છે, એમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ યોજના હેઠળ મુસાફરોએ એસ.ટીની લોકલ-એક્સપ્રેસ-ગુર્જરનગરી બસોમાં સાત દિવસ મુસાફરી માટે પુખ્તવયના નાગરીકો રૂ.૧૫૯૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૯૩૫ ભરીને કરી શકે છે, જ્યારે બાળકો ૭ દિવસની મુસાફરી રૂ.૮૦૦ અને ૪ દિવસની મુસાફરી રૂ.૪૭૦ ભરી એસ.ટીની બસોમાં મુસાફરી કરી શકે છે. મુસાફરોએ લક્ઝરી-નોન એ.સી સ્લીપર કોચમાં સાત દિવસની મુસાફરી કરવા પુખ્તવયના નાગરીકોએ રૂ.૧૮૭૦ અને ચાર દિવસની મુસાફરી કરવા રૂ.૧૦૪૫ ચૂકવવાના રહેશે જ્યારે બાળકોને ૭ દિવસની મુસાફરી કરવા રૂ.૯૩૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૫૨૫ ચૂકવવાના રહેશે.

અઈ સીટર બસોમાં પુખ્તવયનાં નાગરીકો સાત દિવસ મુસાફરી રૂ.૩૬૮૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૨૧૪૫ ભાડું આપીને કરવાની રહેશે. બાળકોએ સાત દિવસ મુસાફરી રૂ.૧૮૪૫ અને ચાર દિવસની મુસાફરી રૂ.૧૦૭૫ ભાડું આપીને કરવાની રહેશે. વોલ્વો સીટર બસ માટે પુખ્તવયના નાગરીકો સાત દિવસનું ભાડું રૂ.૫૬૧૦ અને ચાર દિવસની મુસાફરી રૂ.૩૨૪૫ ચૂકવીને કરી શકે છે. જ્યારે બાળકોએ સાત દિવસની મુસાફરી રૂ.૨૮૦૫ ચાર દિવસની મુસાફરી રૂ.૧૬૨૫ ખર્ચીને કરવાની રહેશે.

# ગોંડલના ચોરડીમાં ગોડાઉનમાંથી ૨૮૭ બોરી મગફળીની ચોરી

## ત્રણ સ્ટેગમાંથી રૂા. ૭.૪૯ લાખની મગફળી ચોરી થયાની અજાણ્યા તસ્કરો વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાઈ : સીસીટીવીના આધારે શોધખોળ

**સમય મિરર । ગોંડલ**

ગોંડલ ચોરડી ગામે આવેલ વેર હાઉસમાંથી નાફેડની રૂ.૭.૪૯ લાખની મગફળીની ૨૮૭ બોરીની ચોરી થઇ ગયા અંગે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. ચોરીના આ બનાવને લઇ સ્થાનિક પોલીસ ઉપરાંત એલસીબીની ટીમે પણ તપાસ ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ બનાવ અંગે હાલ ગોંડલ ગુંદાળા ચોકડી પાસે રામકૃષ્ણ સોસાયટીમાં રહેતાં અરવીંદભાઈ રામકેશભાઈ મીણા (ઉ.વ.30) એ ગોંડલ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગોંડલ તથા જસદણમા કેન્દ્રીય ભંડાર નીગમમાં સહાયક તરીકેના હોદા પર ફરજ બજાવે છે.

આ કંપની ભારતભરમાં અલગ અલગ જગ્યાએ વેરહાઉસ(ગોડાઉન) ઉભા કરી, અલગ અલગ વ્યક્તિઓ તથા પેઢીઓના માલ ગોડાઉનમા ભાડા પેટે સંગ્રહ કરી રાખતા હોય છે. તેઓની હેઠળ જસદણ તથા ગોંડલમાં મળીને કુલ - ૧૨૦ વેરહાઉસ(ગોડાઉન) આવેલ છે.

તે પૈકી ગોંડલ તાલુકાના ચોરડી ગામે ૧૩૯/૨ પૈકી ૧ માં આવેલ પ્લોટ નંબર ૭ તથા ૮ માં હરસિધ્ધી કેટરફીડ નામનુ ગોડાઉન કંપનીએ ૧૧ મહીનાના ભાડા પેટે રાખેલ છે. આ ગોડાઉનમાં નાફેડ દ્વારા મગફળીની ખરીદી કરીને ભરેલ હતી. આ ગોડાઉનમાં સુપરવાઈઝર તરીકે વિરપુરના રવીભાઈ મકવાણા, સીક્યુરીટી તરીકે ગોમટાના પ્રજ્ઞેશભાઈ દઢાણીયા અને વિરપુરના પ્રફુલભાઈ ચાવડા, જીવરાજભાઈ ચાવડા નોકરી કરે છે. તેઓની



કંપનીની મેઈન ઓફીસ અમદાવાદમાં આવેલ છે.

ગોંડલ તાલુકાના ચોરડી ગામે આવેલ ગોડાઉનમા તા.૧૧/૦૨/૨૦૨૫ થી તા.૧૪/૦૨/૨૦૨૫ દરમિયાન નાફેડ દ્વારા મગફળીની ખરીદી કરી કુલ મગફળીની બોરી નંગ- ૧૫૮૭૬ ભરેલ હતી. જે એક બોરીમાં વજન ૩૫ કિલો હોય છે. તેઓએ ભાડે રાખેલ ગોડાઉનમાં નાફેડ દ્વારા મગફળી મુકવામાં આવેલ ત્યારથી જવારદારી તેઓની રહેતી હોય છે. કંપની દ્વારા ગોડાઉન ઉપર સીકયુરીટી તથા સુરપવાઇઝર તેમજ એરીયા મેનેજર રાખવામાં આવતા હોય છે.

ગઇ તા.૨૧/૦૪/૨૦૨૫ ના તેઓ ઘરે હતાં ત્યારે કંપનીના સુપર વાઇઝર રવીભાઈ મકવાણાએ ફોન કરી જણાવેલ કે, ચોરડી ગામે આવેલ ગોડાઉનના દરવાજાના તાળુ તુટેલ છે અને બહાર મગફળી ઢોળાયેલ હોય તેવી જાણ કરતાં તેવો ગોડાઉન પર પહોંચેલ ત્યારે ત્યાં સીકયુરીટી સહિતનો સ્ટાફ હાજર હતો અને ગોડાઉન પર જોયેલ તો દરવાજાનુ તાળુ તુટેલ હતુ. મગફળી ગોડાઉન બહાર ઢોળાયેલ દેખાતી હતી જેથી ગોડાઉનમાંથી મગફળીની ચોરી થયાનું માલુમ પડયું હતું.

બાદમાં તપાસ કરતા કુલ ત્રણેય સ્ટેગમાંથી મળીને ૨૮૭ મગફળીની બોરીઓની ચોરી થયેલાનું જણાયેલ આવેલ હતું. જે એક બોરીની કિંમત રૂ.૨૬૧૦ હોય છે. તેઓએ સીકયુરીટી તથા અન્ય લોકોની પુછપરછ કરી, આજુબાજુ તપાસ કરેલ પણ કોઈ હકિકત મળેલ નહી, તેમજ આ બનાવ બાબતે સુપરવાઈઝર રવીભાઈ મકવાણાને પુછતા તેઓએ કહેલ કે, ગઈ તા.૧૯ ના હરસિધ્ધી કેટરફીડ ગોડાઉન પર આવેલ હતો, સાંજના સાડા છએક વાગ્યે ગોડાઉન બંધ કરી તાળુ મારી ઘરે જતો રહેલ હતો, આ વખતે ગોડાઉનમાં રહેલ સાતેય સ્ટેગની બોરીઓ બરાબર હોવાનુ જણાવેલ જેથી તા.૧૯ થી તા.૨૧ ના સવારના દરમ્યાન ચોરી થયેલ હોય જેથી કુલ રૂ.૭.૪૯ લાખની મગફળી ભરેલ બોરીઓની ચોરી થતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કર ટોળકીને ઝડપી લેવા સ્થાનિક પોલીસે ઉપરાંત એલસીબીએ તપાસ હાથ ધરી છે.

# ગીર સોમનાથ કલેકટર દ્વારા જમીનના રેકર્ડ સાથે ચેડાં કરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી

## કોડીનારના રહેવાસી વિરુદ્ધ પ્રભાસ પાટણ પોલીસમાં ફરિયાદ દાખલ

**સમય મિરર । વેરાવળ**

વેરાવળ તાલુકાના મોજે પ્રભાસ પાટણના સર્વે નંબર ૮૪૨/બ/પૈકીની જમીનની માપણી શીટમાં છેડછાડ કર્યા હોવાની જાણ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ ડી. જાડેજાને મળતા તેઓ દ્વારા ઉકત બાબતની ગંભીરતા ધ્યાને લઈ તાત્કાલિક સંબંધિત અધિકારીને ધોરણસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ હતી. જે બાબતે સબંધિત અધિકારી દ્વારા તપાસ તજવીજ કરતા કોડીનાર તાલુકાના રહેવાસી ભરત અતુલકુમાર ઠકરાર, હિતેશકુમાર ધીરજલાલ ઠકરાર, મનોજકુમાર ધીરજલાલ ઠકરાર અને હંસાબેન રવજીભાઈ પોપટ નામના શખ્સો દ્વારા પોતાના અંગત ફાયદા સારું તેઓની સર્વે નંબર ૮૪૨/બ/પૈકીની બિન ખેતી જમીનનો લે આઉટ પ્લાન મંજૂર કરાવવા માટે આ સર્વે નંબરની પશ્ચિમ દિશામાં આવેલ ૧૦ મીટરના રસ્તાને ડી. આઈ.એલ.આર. ઓફિસ દ્વારા ઈસ્યુ કરાયેલ સરકારી માપણીશીટમાં છેડછાડ કરીને ૧૮ મીટરનો બતાવી, ખોટું ડોક્યુમેન્ટ ઊભું કરી અને ખોટું ડોક્યુમેન્ટ હોવાનું જાણવા છતાં તેની લે આઉટ પ્લાનની વેરાવળ નગરપાલિકામાંથી મંજૂરી મેળવવા સાચા તરીકે ઓનલાઇન અપલોડ કરેલ હોવાનું તપાસમાં ખુલતા ગીર સોમનાથ જીલ્લા કલેકટરની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડી. આઈ. એલ. આર. ઓફિસના સ્ટાફ દ્વારા તા.૨૨ ના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૩૧૬(૨), ૩૧૮(૩), ૩૩૬(૩),૩૪૦(૨) અને ૫૪ હેઠળ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ રજીસ્ટર કરવામાં આવેલ હતી.

### શહેરીજનોને મળેલી જ્ઞાનની અનમોલ ભેટ

# સાવરકુંડલાના પુસ્તક પ્રેમીઓની ચોવીસ કલાક વાંચનની ભૂખ સંતોષતું વાંચનાલય

## ૩૫ વર્ષ બાદ પુસ્તક પ્રેમીઓને મળેલી લાયબ્રેરી ટેબલ, ખુરશી, પંખા સહિતની ઉભી કરાયેલી સુવિધા

**સમય મિરર । સાવરકુંડલા**

આજના હાઈટેક ટેકનોલોજીના યુગમાં સાંપ્રત સમય સાથે કદમ મિલાવવા આવી સુવિધાસભર પુસ્તકાલય ગરીબ અને મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને મળે તો એ દેશની કાયાપલટ કરી શકે. આ યુગ નોલેજ અર્થાત જ્ઞાનનો છે જેમાં પુસ્તક અને પુસ્તકાલયનું ખૂબ અગત્યનું સ્થાન ગણાય. ગરીબ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને કે જેને માટે પોતાના ઘરે વાંચન કે જ્ઞાનપ્રાપ્તિ માટે શાંતિથી બેસીને પુસ્તકો વાંચવાની સુવિધા નથી તેવા લોકો માટે સુવિધાસજજ પુસતકાલય આશીર્વાદ રૂપ ગણાય ૩૫ વર્ષની રાહ જોયા બાદ સાવરકુંડલા નગરપાલિકા મુસદ્દારૂપ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સાવરકુંડલા ૨૦૪૧ને શહેરી ગૃહ નિર્માણ વિભાગ - ગાંધીનગર દ્વારા મંજૂરી મળી હોય ત્યારે એક અદ્યતન ટેકનોલોજી સાથે સંપૂર્ણ સુવિધા સજ્જ બારે માસ ચોવીસે કલાક ખુલ્લી રહેતી પુસ્તકાલયનું નિર્માણ ન થઈ શકે?



પુસ્તક અને પુસ્તકાલય એ સરસ્વતી સાધના અને જ્ઞાન સંપાદન કરવાનું અનોખું પરબ ગણાય છે. કોઈ પણ ગામ કે શહેરની પુસ્તકાલય જોઈને ત્યાંના બુધ્ધિ ધનનું થોડુ ઘણું અનુમાન લગાવવામાં આવે છે. સાવરકુંડલા શહેરના હાર્દ સમા વિસ્તાર અને શેઠ શેરીમાં નગરપાલિકા સંચાલિત એક પુસ્તકાલય છે. વાચકોની સતત રજૂઆતને અંતે તત્કાલીન નગરપાલિકા પ્રમુખ ડી.કે.પટેલના સમયગાળામાં આ પુસ્તકાલયનું રિનોવેશન કરાવેલ. જો કે આ વાતને વહાણાં વીતી ગયા પરંતુ હવે જેમ જેમ દેશમાં શિક્ષણની ભૂખ ઊઘડતી જાય છે તેમ તેમ હવે આવી લાયબ્રેરીઓમાં વધુ સુવિધા ઉપલબ્ધ થાય એ સમયની માંગ છે. એક તાલુકા લાયબ્રેરી છે પરંતુ સરકાર કે સ્થાનિક નગરપાલિકા દ્વારા સંચાલિત લાયબ્રેરીમાં હજુ વધુ સુવિધા સજ્જ લાયબ્રેરીનું નિર્માણ થાય એ સાવરકુંડલાના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ અને વાંચકો માટે આશીર્વાદ રૂપ બને તેવું આજના ગળાકાપ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને તથા વાચકોને લેટેસ્ટ અપડેટ સાથે જીવનમાં પ્રગતિ કરવા માટે જરૂરી છે. વિશેષમાં વાંચનાલયનો સમય સરકારી સમયની મર્યાદા ઓળંગીને ચોવીસ કલાક અથવા તો મિનિમમ બાર કલાક હોય તેવું વાચક અને વિદ્યાર્થીઓ તથા પરીક્ષાર્થીઓ ઈચ્છી રહ્યા છે. ખાસ કરીને વાંચનાલયમાં સંપૂર્ણ સફાઈ તેમજ ટેબલ ચેર, ફેન વગેરે પૂરતાં પ્રમાણમાં વ્યવસ્થા, પરીક્ષાર્થીઓને ઉપયોગી સ્પર્ધાત્મક મેગેઝિન તેમજ અન્ય સાહિત્ય. ઈન્ટરનેટ કે વાઈ-ફાઈ દ્વારા દેશ વિદેશના ખૂણે ખૂણેથી જરૂરી સાહિત્ય ડાઉનલોડ કરી શકે તેવી સુવિધા તેમજ મહિલાઓ માટે અલગ શૌચાલય બનાવવા જોઈએ તેવો વાચક વર્ગમાંથી સૂર ઉઠતો જોવા મળે છે. અહીં સાવરકુંડલા તાલુકા લાયબ્રેરીમાં ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે તેમ તેના ગ્રંથપાલે જણાવ્યું હતુ આમ એકંદરે લાયબ્રેરી એ માત્ર વર્તમાનપત્ર, મેગેઝિન, નવલકથા, ગઝલ સાહિત્ય માટે જ નથી પરંતુ આજના હાઈટેક યુગમાં સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે તેમજ શૈક્ષણિક સંદર્ભે કે રીસર્ચ માટે પર્યાપ્ત માત્રામાં સાહિત્ય ઉપલબ્ધ થાય તેવી હોવી જોઈએ અને તો અને તો જ ગરીબ મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થી ઓને આ ગળાકાપ હરીફાઈના યુગમાં આઈએએસ, મેનેજમેન્ટ, ટેકનોક્રેટ, સારા વકીલ, સમાજ સેવક, પત્રકાર, રાજકીય નેતા, સારા વેપારી કે તબીબ વગેરે બનવા માટે પર્યાપ્ત આકાશ (સ્કોપ) મળે અને સાવરકુંડલા તેમજ તાલુકાની યુવા પેઢીને દેશના અન્ય વિદેશના સંપર્કમાં રહીને પોતાનું કૌશલ્ય કે સ્કીલ દર્શાવવાની પૂર્ણ તક મળે. આ માટે જ સાવરકુંડલા શહેર એક અદ્યતન ટેકનોલોજી સાથે સંપૂર્ણ સુવિધા સજ્જ બારે માસ ચોવીસે કલાક ખુલ્લી રહેતી લાયબેરી ઝંખે છે.સાવરકુંડલા હવે વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે.. વળી ૩૫ વર્ષની લાંબી પ્રતિક્ષા બાદ સાવરકુંડલા નગરપાલિકા મુસદ્દારૂપ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સાવરકુંડલા ૨૦૪૧ ને શહેરી વિકાસ આબે શહેરી ગૃહ નિર્માણ વિભાગ - ગાંધીનગર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે ત્યારે સાવરકુંડલા શહેરને ઓડિટોરિયમ, રીવર ફ્રન્ટ, અટલ સરોવર, સ્પોર્ટસ કોમ્પલેક્ષ જેવા પ્રોજેકટ મંજૂર થઈ રહ્યા છે ત્યારે સાથે સાથે સાવરકુંડલા જેને વિદ્યા ક્ષેત્રે સદાય યાદ રાખે તેવી ચોવીસ કલાક ખુલ્લી રહેતી પૂર્ણ હાઈટેક સુવિધા સજ્જ પુસ્તકાલય ઉપલબ્ધ ન થઈ શકે??

# વિરમગામમાં વિશ્વ પુસ્તક દિને કોપીરાઈટ દિવસની ઉજવણી

## સરકારી પુસ્તકાલયમાં પ્રદર્શન યોજાયું



**સમય મિરર । વિરમગામ**

સરકારી તાલુકા પુસ્તકાલય, વિરમગામ ખાતે વિશ્વ પુસ્તક દિન અને કોપી રાઈટ ડે ની ઉજવણી નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજાયું હતુ.

સરકારી તાલુકા પુસ્તકાલય વિરમગામ ખાતે તા.૨૩ એપ્રિલ ૨૦૨૫ ના રોજ વિશ્વ પુસ્તક દિન અને કોપી રાઈટ ડે નિમિત્તે વિવિધ સાહિત્યકારો ના પુસ્તકો સહિત સ્પર્ધાત્મક અને વિશ્વકોશ પુસ્તકો નું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રસંગે ડો.પરેશ તેલૈયા, નિમેશ ગુર્જર, પુસ્તકાલય નો સ્ટાફ,વાચક મિત્રો, અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને પુસ્તક પ્રદર્શન નિહાળ્યું હતું. ડો.પરેશ તેલૈયા અને નિમેશ ગુર્જર એ વિશ્વ પુસ્તક દિન ની વિશ્વમાં કેવી કેવી અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે તે વિશે માહિતી આપી હતી.

# કેશોદના કોયલાણા ગામ નજીક બંધ ટ્રક પાછળ કાર ઘુસી જતાં દંપતી ઈજાગ્રસ્ત

## હાઈવે ઓથોરિટીની બેદરકારીથી અકસ્માત સર્જાયો : સારવારમાં

**સમય મિરર । કેશોદ**

કેશોદ પાસેથી પસાર થતાં જેતપુર સોમનાથ ફોરલેન રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કોયલાણા ગામ પાસે બંધ પડેલાં ટ્રકમાં ફોર વ્હીલર કાર ધડાકાભેર અથડાતાં કારચાલક સહિત એક મહિલાને ગંભીર ઈજા થઈ હતી ૧૦૮ તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે કેશોદ સબ ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યાં હતાં.

જાણવા મળતી માહિતી મુજબ વહેલી સવારે ટ્રક અને એસટી વોલ્વો લકઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં એસટી વોલ્વો લકઝરી બસ બંધ થઈ જતાં પાર્કિંગ લાઈટો ચાલુ રાખી પથ્થરો ગોઠવી દેવામાં આવ્યાં હતાં ત્યારે પાછળથી ટ્રક ડ્રાઈવરે અથડાવીને અકસ્માત સર્જી ટ્રક છોડી નાસી ગયા હતા ત્યારે હાઈવે ઓથોરિટી દ્વારા ટોલ રોડ પરથી ટ્રક હટાવવાની કામગીરી કરવામાં આવી ન હોય ટ્રક જેમનો તેમ પડેલ હોય કોઈ પ્રકારના બેરીકેટ કે સાવચેતી ના દિશા નિર્દેશ કરે એવાં બોર્ડ કે ઈન્ડીકેશન ન રાખવામાં આવતાં માંગરોળ તાલુકાના વિરપુર ગામના જુનાગઢ થી ઘર તરફ જતાં હતાં



ત્યારે કેશોદના કોયલાણા ગામ પાસે હાઈવે ઓથોરિટી ની બેદરકારી ને કારણે વહેલી સવારથી બંધ હાલતમાં પડેલા ટ્રકમાં ફોર વ્હીલર કાર અથડાતાં અકસ્માત સર્જાયો હતો. ફોર વ્હીલર કારમાં સવાર કરસનભાઈ મેસુરભાઈ પટાટ અને જયશ્રીબેન કરસનભાઈ પટાટ ઈજાગ્રસ્ત થયાં હતાં. કેશોદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક કલીઅર કરાવી બંધ ટ્રકને હાઈવે રોડ પરથી દૂર કરવા કામગીરી શરૂ કરાવી હતી.

# પોરબંદરમાં વ્યાજખોરો સામે તૂટી પડવા આદેશ

## પોલીસ દ્વારા યોજાયેલા લોક દરબારમાં અરજીઓનો ધોધ વહેતા જિલ્લા વડાનો છૂટેલો હુકમ : વ્યાજખોરોમાં ફફડાટ

**સમય મિરર । ગોસા (ઘેડ)**

પોરબંદર જીલ્લાપોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા ના અધ્યક્ષ સ્થાને આજે તા. ૨૨/૦૪/ ૨૦૨૫ ના રોજ પોલીસ હેડ કવાર્ટર ખાતે વ્યાજખોરોને સામે આગળ આવી ફરિયાદ સાંભળવા પોલીસ દ્વારા ખાસ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.

લોકદરબાર માં ઉપસ્થિત સૌને શબ્દોથી પોરબંદર નાયબ પોલીસ અધિક્ષક ગ્રામ્યના સુરજીત મહેંડું એ આવકારી જણાવેલ કે પોરબંદર સાહિત રાજ્યમાં વ્યાજખોરોના વિષચક્રમાં મા ફસયેલા લોકોની મદદ કરવા સરકાર તત્પર છે ત્યારે પોરબંદર જીલ્લા પોલીસ દ્વારા પણ વ્યાજખોરો સામે કડક પગલાં ભરવા અને વ્યાજખોરોની કોઈ ફરિયાદ હોય તો તેને સાંભળવા પોરબંદર પોલીસ દ્વારા આજે આ લોક દરબાર નું આયોજન કરવામાં આવ્યું છે.

વ્યાજખોરો અંગેના દુષણ ને તથા વ્યાજખોરો વિરૂધ્ધ ની રાજય સરકાર



તેમજ પોરબંદર જીલ્લા પોલીસ ની ઝૂબેશ અન્વયે સરકાર દ્વારા નિયત કરેલા નાણા ધીરધાર કરતા અધિનિયમ હેઠળ રજીસ્ટ્રેશન વગર વ્યાજે નાણા આપનાર ઈસમો, સરકાર દ્વારા નિયત કરેલા ધારાધોરણ કરતા બધું કે ઊંચા વ્યાજે રૂપિયા આપનાર ઈસમો, વ્યાજે આપેલા રૂપિયાની પઠાણી ઉઘરાણી કરતા ઈસમો કે કોઈ ગુંડા કે ધાક ધમકી આપતાં ઈસમો યા વ્યાજે આપેલા રૂપિયાના બદલામાં જંગમ સ્થાવર મિલ્કત પચાવી પાડનાર કે મિલ્કત પચાવી પાડવાના પ્રયાસો કરનાર ઈસમો વિરૂધ્ધ રજૂઆત કે ફરિયાદો કોઈ પણ જાતના ડર વગર નિર્ભય રીતે રજુ કરવા જીલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજાએ લોકદરબારમા ઉપ સ્થિત લોકો ને અનુરોધ કર્યો હતો.તેમજ સાયબર ક્રાઈમ થી બચવા અને તેનાથી સાવધ રહેવા જણાવાયું હતું.

લોક દરબારમા ઉપસ્થિત પોરબંદર નગરજનોમાંથી વ્યાજખોરો અંગેના મંતવ્ય અને રજુઆતો સાંભળવા માં આવી હતી. અને આવેલ અરજીઓની તાત્કાલિક અમલવારી કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

લોકદરબારમાં પોરબંદર શહેર વિભાગના મદદદનીશ પોલીસ અધિક્ષક સાહિત્યા વી. નાયબ પોલીસ અધિક્ષક ગ્રામ્ય વિભાગ પોરબંદર ના સુરજીત મહેંડું, પોરબંદર એલસીબી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર કે. કામ્બરીયા, કમલાબાગ પોલીસ સ્ટેશનના આર. સી. કાનમીયા, કુતિયાણા પોલીસ સ્ટેશનના પી.આઈ વી.પી.પરમાર,ઉદ્યોગ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર રીનાબેન રાઠોડ, કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર જે. જે. ચૌધરી, બગવદર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર એ.એસ.બારા, નવીબંદર મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.એસ. ગામેતી,રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એન. એન. તળાવીયા,પી.એસ.આઈ. હુંબલ, પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મીઓ, પોરબંદર જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ના અધિકારી સહિત ના ઉપસ્થિત રહ્યા હતાં.

લોક દરબારનું સફળ સંચાલન કમલાબાગ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.સી . કાનમીયાએ કર્યું હતું.

# તાલાલા અને કોડીનારના બે શખ્સને પાસાની સજા કરતા જિલ્લા કલેક્ટર

## ભૂજ અને સુરતની મધ્યસ્થ જેલમાં ધકેલાયા

**સમય મિરર । વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે અસામાજિક પ્રવૃત્તિ આચરતા ઈશમો પ્રતાપ થોભણ ડોડીયા, રહે.રાતિધાર, તા.તાલાલા અને ધીરૂ કાના દાહીમા, રહે. પનાદર, તા.કોડીનાર કે જેઓ વિરુદ્ધ વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ખાતે તેઓ સહઆરોપીઓ સાથે ટોળી બનાવી ગીર સોમનાથ જીલ્લામાં ઉનાળામાં સંભવિત પાણીની અછતને પહોંચી વળવા પાણી સપ્લાય કરતા કોન્ટ્રાકટર સાથે મારકુટ કરી, ગાળાગાળી કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો ગુન્હા નોંધાયેલ હતા.તે અવારનવાર પાણી જેવી અતિ આવશ્યક જરૂરિયાતને પૂરી પાડવા ટેન્કર ચલાવતા વ્યક્તિઓને



ધમકાવીને અટકાવતા હોવાની પણ પ્રવૃત્તિ કરતા હતા.

ઉપરાત ગુપ્ત સાહિદોના નિવેદનની વિગતે તેઓ આવી પ્રવૃત્તિ વારંવાર કરતા હોવાનું તેમજ લોકોમાં ભયનું વાતાવરણ ફેલાતું હોવાનું જણાવેલ હતું.આ આરોપીઓના ભયને કારણે લોકો તેના વિરુદ્ધમાં ફરિયાદ કરતા પણ ડરતા હોવાનું જણાવેલ હતું.

# કુતિયાણાના ધરસન ગામ નજીક તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે પકડ્યા

### રૂા. ૪૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરતી પોરબંદર પોલીસ

**સમય મિરર । ગોસા (ઘેડ)**

પોરબંદર ના કુતિયાણા તાલુકા ના ધરસન ગામ થી તરખાઈ ગામ તરફ જતા રસ્તે સાખ નદીના કાંઠે બાવળો ની કાટમાં જાહેરમાં તીન પતી રોન પોલીસ નામનો હાર જીતનો જુગાર રમતા પાંચ સખ્શો ને રૂ.૪૦૭૩૦ ના મુદ્દામાલ સાથે કુતિયાણા પોલીસે પકડી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

જૂનાગઢ રેંજના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાઓ દ્વારા પોરબંદર જિલ્લામાંથી પ્રોહી બીશન તથા જુગારની બદી દુર કરવા માટે સુચના આપેલ.

જે અન્વયે તથા નાયબ પોલીસ અધિક્ષક ઈન્ચાર્જ રાણાવાવ ગ્રામ્ય વિભાગના સુરજીત મહેડુંનાઓ ના માર્ગદર્શન હેઠળ કુતિયાણા પોલીસ



સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.પી.પરમાર ની સુચના અન્વયે કુતિયાણા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ માં હતા તે દરમ્યાન પોલીસ હેડ કોન્સ્ટેબલ પિયુષ રામજીભાઈ ઓડેદરા ને ખાનગી રાહે બાતમી મળેલ કે ધરસન ગામ થી તરખાઈ ગામ તરફ જતા રસ્તે સાખ નદીના કાંઠે બાવળોની કાટમાં જાહેરમાં અમુક ઈસમો તીનપતી રોન પોલીસ નામનો હાર જીતનો જુગાર રમે છે. ત્યારે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા સદરહુ જગ્યાએ તીનપતી રોન પોલીસ નામનો હાર જીતનો જુગાર રમતા લાખમણ હમીરભાઈ વાઘ ઉ.વ.૪૩ તથા સરમણ કરશનભાઈ વાઘ ઉ.વ.૩૫ રહે. બંને ધરસન તા.કુતિયાણા જી.પોરબંદર તથા રામભાઈ બાલુભાઈ વાઘ ઉ.વ.૪૭ રહે મીતી ગામ તા. માંગરોળ જી. જૂનાગઢ તથા પરબત ગાંગાભાઈ વાઘ ઉ.વ ૫૦ રહે રાતીયા ગામ તા.જી. પોરબંદર અને શૈલેષ બચુભાઈ મકવાણા ઉ.વ.૪૮ રહે આંબેડકર ભવન છાંયા,તા.જી. પોરબંદર વાળાઓ રોકડા રૂ. ૪૦૭૩૦ના મુદ્દામાલ સાથે મળી આવતા તમામ સામે જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.

કામગીરીમાં કુતિયાણા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.પી.પરમાર તથા પોલીસ પોલીસ હેડ કોન્સ્ટેબલ પિયુષ રામજીભાઈ તથા વાય. એસ. વાળા પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ ભોજાભાઈ ગોજીયા તથા વિજય ખીમાણંદભાઈ ગાગીયા તથા અશ્વિન વેજાભાઈ વરૂ તથા અક્ષયકુમાર જગતસિંહ ઝાલા તથા ,અલ્તાબ હુસેનભાઈ સમા , વિગેરે રોકાયેલ હતાં.

# ગીર સોમનાથ જિલ્લાના મહેસુલ કર્મચારીઆનો કાળી પટ્ટી બાંધી વિરોધ

## 30મીએ માસ સીએલ પર જવાની ચિમકી

**સમય મિરર । વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં મહેસૂલી કર્મચારીઓએ લાંબા સમયથી પડતર માગણીઓને લઈને આજે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો છે. જિલ્લા સેવા સદન, વેરાવળ તથા ઉના પ્રાંત કચેરી તેમજ તમામ મામલતદાર કચેરીઓમાં કર્મચારીઓએ કાળી પટ્ટી પહેરીને કામગીરી બજાવી હતી.

મહેસુલી કર્મચારીઓ મહામંડળના પ્રમુખ જામસંગ પરમારે જણાવેલ કે, કર્મચારીઓની માગણીઓ લાંબા સમયથી પેન્ડિંગ છે. કર્મચારીઓએ અગાઉ અનેક વખત સરકારને લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટર મારફતે સરકારને આવેદનપત્ર પાઠવી પડતર પ્રશ્નોના ત્વરિત ઉકેલની માગણી કરી હતી.



સરકારે અગાઉ માગણીઓ સંતોષવાની બાંહેધરી આપી હોવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

મહેસૂલી કર્મચારીઓએ ચેતવણી આપી છે કે જો તેમની માગણીઓનું નિરાકરણ નહીં આવે તો આગામી 30 એપ્રિલના રોજ સામૂહિક રીતે કેઝ્યુઅલ લીવ પર ઉતરી જશે. આ પગલાંથી જિલ્લાની સમગ્ર મહેસૂલી કામગીરી ઠપ થવાની શક્યતા છે.



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

## રાજકોટમાં એનએસયુઆઈ, વીએચપી અને બજરંગદળનું આતંકવાદ સામે વિરોધ પ્રદર્શન

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી દેશભરમાં ભારે આક્રોશ છવાયો છે ત્યારે રાજકોટમાં પણ આ કાયરતાપૂર્ણ ઘટનાને લઈને એનએસયુઆઈ, વીએચપી અને બજરંગદળના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યુ હતું. એનએસયુઆઈએ મીણબત્તી પ્રજવલિત કરીને માર્ચ કાઢી હતી. જેમાં હુમલામાં સદગતિને પામેલા આત્માઓને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. તેમજ ઘાયલ થયેલા યાત્રિઓના જલદીથી સ્વસ્થ થઈ જવાની કામના કરવામાં આવી હતી. બીજી તરફ બજરંગદળ અને વિશ્વહિન્દુ પરિષદના કાર્યકરોએ આતંકવાદીના પુતળાનું દહન કરીને જબ્બર આક્રોશ સાથે વિરોધ નોંધાવ્યો હતો અને કેન્દ્ર સરકારને જવાબદાર આતંકીઓ અને તેના સંગઠન સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. શ્રદ્ધાંજલિ રેલી તેમજ પુતળાદહન કાર્યક્રમ દરમિયાન શહેરીજનોએ પણ પોતાની લાગણી વ્યક્ત કરી આ વિરોધ પ્રદર્શનમાં મુક સહયોગ આપ્યો હતો.

# રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક

### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ

**સમય મિરર | ગાંધીનગર**

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને વધુને વધુ પ્રોત્સાહન આપવા અને તેનો વ્યાપ વધારવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને એક મહત્વપૂર્ણ વર્ચ્યુઅલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓએ સીએમ ડેશબોર્ડના માધ્યમથી ભાગ લીધો હતો. આ પ્રસંગે સંબોધન કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતુ કે ગ્લોબલ વોર્મિંગ આજે વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. વધતી જતી બીમારીઓ વચ્ચે શુદ્ધ ખોરાક, શુદ્ધ હવા અને ચોખ્ખું પાણી એ આપણી પ્રાથમિક જરૂરિયાત બની ગઈ છે. લોકોના સ્વાસ્થ્ય અને પ્રકૃતિનું રક્ષણ કરવાનો એકમાત્ર અસરકારક ઉપાય પ્રાકૃતિક કૃષિ છે. જૈવિક ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો મૂળભૂત તફાવત સ્પષ્ટ કરતાં રાજ્યપાલે કહ્યું હતું કે ઓર્ગેનિક ખેતીમાં ખર્ચ, મહેનત અને ઉત્પાદનની બાબતમાં કોઈ ખાસ ફરક પડતો નથી. તેનાથી વિપરીત, પ્રાકૃતિક કૃષિમાં ઓછા ખર્ચે વધુ અને સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન મેળવી શકાય છે. તે તેમણે જણાવ્યું હતું કે જો પ્રાકૃતિક કૃષિ પાંચ



આયામો સાથે કરવામાં આવે તો પ્રથમ વર્ષથી જ રાસાયણિક ખેતી જેટલું જ ઉત્પાદન મળે છે, જ્યારે ખર્ચ નહિવત હોવાથી ખેડૂતોને વધુ આર્થિક લાભ થાય છે.

આ ઉપરાંત, રાજ્યપાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા શરૂ કરાયેલા વીજળી બચાવો અભિયાનમાં સહભાગી થવા અને સૂર્યોદય પહેલા અને પછી સ્ટ્રીટ લાઈટો બંધ કરીને વીજળી બચાવવામાં યોગદાન આપવા પણ સૌને માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ વિડીયો કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓએ જિલ્લાના વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી ફાર્મની મુલાકાતે લઈ જઈને પ્રાકૃતિક ખેતીથી ઓછી આવક થાય છે તેવી ખોટી માન્યતા દૂર કરવામાં સક્રિય ભૂમિકા ભજવવી પડશે. તેમણે અધિકારીઓને ગામોની મુલાકાત અને ગ્રામસભા જેવા નિયમિત કાર્યક્રમો દરમિયાન પણ પ્રાકૃતિક ખેતીની સમીક્ષા કરવા અને વધુ ખેડૂતોને આ માટે પ્રેરિત કરવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાને દેશવાસીઓને આપેલા નવ સંકલ્પોમાં પ્રાકૃતિક ખેતી અને ખેત ઉત્પાદનના વ્યાપને વધારવાનો પણ સમાવેશ થાય છે અને આ માટે જિલ્લાના વડા તરીકે અધિકારીઓએ લીડ લેવાની જરૂર છે. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો ફેલાવો વધારવા માટે રાજ્યપાલ અને મુખ્યમંત્રી સતત પ્રયત્નશીલ છે તેમણે તમામ અધિકારીઓને તેમના જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતો માટે મોડેલ ફાર્મની મુલાકાતનું આયોજન કરવા, તાલીમની વ્યવસ્થા કરવા અને ઉત્પાદનો વેચવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે જગ્યા ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂક્યો હતો.

## રાજકોટમાં ડિસેબલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ

**સમય મિરર | રાજકોટ**

એપ્રિલ - રાજકોટમાં ડિસેબલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયા શરુ થઈ ગઈ છે. વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ માટે લાંબા ગાળાના કોર્ષ જેવા કે કોમ્પ્યુટર ઓપરેટર, હેર એન્ડ સ્કીન કેર, કટીંગ એન્ડ સુઈંગ, ડેટા એન્ટ્રી ઓપરેટર અને ટૂંકા ગાળાના કોર્ષ જેવા કે એન્વેલોપ મેકિંગમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in પર અરજી કરવાની રહેશે. અથવા અન્ય નજીકની આઈ.ટી.આઈ.માં જઈ ઓનલાઇન ફોર્મ જરૂરી પ્રમાણપત્રોની નકલો અને રજીસ્ટ્રેશન ફી સાથે જમા કરાવવાનર રહેશે. વધુ વિગત માટે ફોન નં. ૦૨૮૧-૨૩૮૯૦૬૬ અથવા યુનિવર્સિટી રોડ પર બી.ટી. સવાણી કિડની હોસ્પિટલની




પાછળ મહિલા આઈ.ટી.આઈ.ની બાજુમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા - ડિસેબલ ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે, તેમ ડિસેબલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે

## પ્રવાસીઓએ ગુલમર્ગ ટુરિઝમ ઓફિસ ખાતે ૨૪X૭ કાર્યરત ઈમર્જન્સી કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા સૂચના

## પહલગામમાં આતંકવાદી હુમલા અન્વયે કંટ્રોલ રૂમ - હેલ્પ ડેસ્ક શરૂ કરાયા




**સમય મિરર | રાજકોટ**

ગત રોજ જમ્મુ કાશ્મીરમાં પહલગામ ખાતે થયેલા આતંકવાદી હુમલામાં અસરગ્રસ્ત થયેલા પ્રવાસીઓની મદદ માટે જમ્મુ અને કાશ્મીર ટુરિઝમ દ્વારા ગુલમર્ગ ખાતે કંટ્રોલ રૂમ શરુ કરવામાં આવ્યો છે.

ટુરિઝમ અધિકારીના જણાવ્યા મુજબ જમ્મુ કાશ્મીરના પ્રવાસે આવેલા પ્રવાસીઓને કોઈ પણ પ્રકારની મદદ માટે કચેરી ખાતે રૂબરૂ તેમજ નીચે આપેલા હેલ્પ લાઈન નંબરનો સંપર્ક કરી શકાશે.

કંટ્રોલ રૂમ નં. - ૦૧૯૫૪ ૨૯૪૪૩૯ તેમજ આ મોબાઈલ નંબર પર ફોન તેમજ વોટ્સએપ નંબર ૯૪૧૯૦૨૯૯૯૭, ૯૭૯૭૭૭૩૭૨૨, ૬૦૦૬૨૨૫૦૫૫, ૭૦૦૬૪૮૧૧૦૮, ૯૭૯૭૫ ૫૯૭૬૬ પર સંપર્ક કરી શકાશે.

## ઓલ ઇન્ડિયા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવતા એ.એસ.આઈ. જયરાજસિંહ રાઠોડ

### ગુજરાત પોલીસનું ગૌરવ વધારતા જયરાજસિંહને અભિનંદન પાઠવતા ડી.જી.પી. વિકાસ સહાય

**સમય મિરર | રાજકોટ**

તાજેતરમાં કેરલમાં કોચી ખાતે સુરક્ષા વિભાગના ખેલાડીઓની ઓલ ઈન્ડિયા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં પોલીસ દળ ઉપરાંત સી.આર.પી.એફ., અર્ધ લશ્કરી દળ, આઈ.બી. સહિતના વિવિધ વિભાગના મળીને ૫૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં મૂળ રાજકોટના વતની અને હાલ તાપી, વ્યારા ખાતે ફરજ બજાવતા એ.એસ.આઈ. જયરાજસિંહ કે. રાઠોડે ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવી રાજકોટ તેમજ ગુજરાત પોલીસનું નામ રોશન કર્યું છે. તેમને ગુજરાત પોલીસ વડા ડી.જી.પી. વિકાસ સહાયે રૂબરૂ મળી અભિનંદન આપી ભવિષ્યમાં પણ આવી જ સિદ્ધિ પ્રાપ્ત કરે, એવી શુભકામના પાઠવી હતી

જયરાજસિંહ રાઠોડ હાલ તાપી જિલ્લાના કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવે છે. તેઓ સાત વાર નેશનલ ટુર્નામેન્ટ સહિત ટેબલ ટેનિસની અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ ચુક્યા છે. આ પૂર્વે તેઓ




રાજકોટ ખાતે સ્પોર્ટ્સ ટીચર તરીકે ફરજ બજાવેલી છે.

## ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ તરઘડીયા દ્વારા હવામાન આગાહી



**સમય મિરર | રાજકોટ**

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા હવામાન આગાહી કરવામાં આવી છે. જે મુજબ ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના રાજકોટ જિલ્લામાં તા. ૨૭ એપ્રિલ, ૨૦૨૫ સુધી હવામાન સુકું, ગરમ અને ચોખ્ખું રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમિયાન ૪૨ ડીગ્રીથી ૪૪ ડીગ્રી સેલ્શીયસ, લઘુત્તમ તાપમાન રાત્રિ દરમિયાન ૨૩ ડીગ્રીથી ૨૪ ડીગ્રી સેલ્શીયસ તથા મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૭૦ ટકાથી ૭૫ ટકા અને ૩૦ ટકાથી ૪૦ ટકા જેટલું રહેવાની સંભાવના છે. તેમજ પવનની દિશા વાયવ્ય, પશ્ચિમ અને ઉત્તર બાજુ અને પવનની ઝડપ ૧૧ કી.મી./કલાકથી ૧૪ કી.મી./કલાક રહેવાની શક્યતા છે.

## તા.૨૪ એપ્રિલથી આઈ.ટી.આઈ. ખાતે વિવિધ કોર્સમાં એડમિશન માટેની પ્રક્રિયા શરૂ

**સમય મિરર | રાજકોટ**

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) નાગેશ્વર મંદિર પાસે, શેઠનગર સામે, જામનગર રોડ, રાજકોટ ખાતે ઓગસ્ટ-૨૦૨૫ ભરતી સત્રમાં વિવિધ કોર્સમાં એડમિશન માટે ઈચ્છુક ભાઈઓ અને બહેનોએ તા. ૨૪/૦૪/૨૦૨૫થી ૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. જેનો સમય સવારના ૧૦:૦૦થી સાંજના ૫:૦૦ કલાક સુધીનો રહેશે. જેમાં ધોરણ ૮, ધોરણ ૧૦ની યોગ્ય લાયકાત અનુસાર કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (COPA), વાયરમેન (WM), મિકેનિક ડીઝલ (M.D.), ફિટર (FT), હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર (HSI),



એટેન્ડન્ટ ઓપરેટર કેમીકલ પ્લાન્ટ, કોસ્મેટોલોજી, ડ્રેસ મેકીંગ, ફીઝીયોથેરાપી ટેકનિશિયન સહિતના કોર્સ માટે અરજી કરી શકાશે. પ્રથમ રાઉન્ડની ફોર્મ ભરવાની તથા સ્વીકારવાની કાર્યવાહી ચાલી રહી છે. ઓનલાઇન પ્રવેશ ફોર્મ https://itiadmission.gujarat.gov.in વેબસાઈટ પરથી ભરવું અથવા આઈ.ટી.આઈ. હેલ્પ સેન્ટરની રૂબરૂ મુલાકાત લેવા અથવા વધુ માહિતી માટે ૯૯૭૯૭૧૧૮૯૬ ફોન નંબર પર સંપર્ક કરવા જામનગર રોડ રાજકોટ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યશ્રીની યાદીમાં જણાવાયું છે.

## વિંછિયાના ખડકાણા ગામમાં તળાવ ઊંડુ ઉતારતા શ્રમિકો માટે છાંયડા સાથે ઠંડકની વ્યવસ્થા

### ગરમીમાં કામ કરતા શ્રમિકોને પંચાયત દ્વારા આઇસક્રીમ વિતરણ કરાયું

**સમય મિરર | રાજકોટ**

હાલ ઉનાળાની આકરી ગરમીની અસરોથી બચવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક્શન પ્લાનનો અમલ થઈ રહ્યો છે. જે અંતર્ગત મનરેગા હેઠળ જોબકાર્ડ પર કામ કરતા શ્રમિકો માટે છાંયડા તેમજ તેમને ઠંડક મળી રહે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.વિંછીયા તાલુકાના ખડકાણા ગામે હાલ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (નરેગા) હેઠળ તળાવ ઊંડુ ઉતારવાની કામગીરી ચાલી રહી છે. અહીં જોબકાર્ડધારક શ્રમિકોને ગરમીની સામે રક્ષણ મળી રહે તે માટે કામના સ્થળ વિવિધ વ્યવસ્થાઓ કરવામાં



આવી છે. જેમાં છાંયડા સાથે સ્થળ પર જ પીવાનું ઠંડુ પાણી, મેડિકલ કિટ રાખવામાં આવી છે.

ઉપરાંત આઈસ્ક્રીમનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા પંચાયત વિંછીયા પ્રમુખશ્રી, સરપંચશ્રી ગ્રામપંચાયત સભ્યો વગેરે જોડાયા હતા.

### સંત શિરોમણી શ્રી લાલા બાપાની ૮૪ મી પુણ્યતિથિ મહોત્સવ રંગે ચંગે ઉજવાયો

## સાત હજારથી વધુ જ્ઞાતિજનોએ મહાપ્રસાદનો લાભ લીધો,સાંસદ પુરુષોતમ રૂપાલા રહ્યા ઉપસ્થિત

### પ્રખ્યાત લોકગાયિકા સરોજબેન ચૌહાણના મધુર કંઠે સંતવાણી સાંભળી સૌ કોઈ થયા મંત્રમુગ્ધ:૧૦૦થી વધુ કાર્યકરો લોકોની સેવામાં રહ્યા સતત ખડે પગે

**સમય મિરર | રાજકોટ**

પરમ પૂજ્ય સંત શિરોમણી ભક્તરાજ લાલા બાપાની ૮૪ મી પુણ્યતિથિ મહોત્સવ મુખ્ય સહયોગ અને સમાજના આદરણીય, આર્યન ફિલ્મ્સ ક્રિએશન, (ફિલ્મ પ્રોડ્યુસર) ગીરીશકુમાર દશાડિયા ( G D SARKAR ) અને સમસ્ત મોચી સમાજના તન, મન અને ધનના સહયોગથી વર્ષો પછી આયોજક શ્રી મોચી જ્ઞાતિ સેવા ટ્રસ્ટ, ગાંધીગ્રામ દ્વારા તા.૨૦/૦૪/૨૦૨૫ નારોજ રાજકોટના આંગણે રૂડો અવસર મોચી સમાજમાં થનગનાટ, આનંદ અને હરખની હેલી સાથે રંગે ચંગે ઉજવાયો.

આ પુણ્યતિથિ મહોત્સવ ૭૦૦૦ થી વધુ મોચી સમાજના ધર્મ પ્રેમી જ્ઞાતિજનો, વડીલો, આગેવાનો ભક્તિભાવ પૂર્વક દીપ પ્રગટ્ય સાથે મહાઆરતીમાં જોડાયા સાથોસાથ લોક ગાયિકા સરોજબેન ચૌહાણના મધુર કંઠે ભજન કીર્તન શ્રવણ કરી, સમૂહ મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.જ્ઞાતિજનોની સ્વયં શિસ્ત પ્રેરણારૂપ હતી.અતિથી વિશેષ તરીકે રાજકોટ સાંસદ સભ્ય શ્રી પરસોતમભાઈ રૂપાલા, ફિલ્મ પ્રોડ્યુસર - આર્યન ફિલ્મ્સ ક્રિએશન, ગીરીશકુમાર દશાડિયા ( G D SARKAR ), પ્રદીપભાઈ ઝાલા રાજકોટ, વિધાનસભા રાજકોટ ૬૯ ના ધારાસભ્ય શ્રીમતિ દર્શીતાબેન શાહ, રાજકોટ શહેર



ભાજપ ના પ્રમુખ શ્રી માધવભાઈ દવે પધારેલ હતા.પ્રાસંગિક ઉદ્દબોધન કરી આયોજકો અને જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કર્યા હતા. રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા, મોટીવેશનલ સ્પીકર ઉમેશભાઈ વાળાએ સંચાલન સાથે સમાજની એકતા અને અખંડીતતા માટે ઉદબોધન કરી સૌને માર્ગદર્શિત કર્યા હતા.મોચી સમાજ અગ્રણીમાં ચામુંડા મોચી સમાજ યુવા સેના રાજકોટ શહેર પ્રમુખ શ્રી દિનેશભાઈ આર ચાવડા, ગાંધીગ્રામ પૂર્વ પ્રમુખ શ્રી નવીનભાઈ ડાભી, રામજીભાઈ ગોહેલ, રાહુલ ઓર્નામેન્ટ શ્રી હસુભાઈ પરમાર, શ્રી હર્ષભાઈ મકવાણા, H3 કલેક્શન શ્રી દિનેશભાઈ જેઠવા, શ્રી નરેન્દ્રભાઈ સરવૈયા, શ્રી હેમંતભાઈ ચૌહાણ, વગેરે જ્ઞાતિ અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

પુણ્યતિથિ મહોત્સવને સફળ બનાવવા સંત શ્રી લાલા બાપા પુણ્યતિથિ મહોત્સવ કમિટી નીલેશ વાઘેલા માં ચામુંડા મોચી જ્ઞાતિ યુવા સેના રાજકોટ શહેર ટિમ, હાર્દિક ભાઈ ચૌહાણ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળ ની ટિમ, લાલજીભાઈ ગોહેલ લાલાબાપા સેવા સમિતિ ની ટીમ, નિલેશ ચાવડા, મયકભાઈ મકવાણા,વિવેક ચાવડા, રાજેશભાઈ, વિનુભાઈ ચાવડા,સેવા સમિતિ ગાંધીગ્રામ ની ટીમ,અને MPL ટુર્નામેન્ટ ની ટીમ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.મોચી જ્ઞાતિ સેવા ટ્રસ્ટ, ગાંધીગ્રામ રાજકોટ પ્રમુખ શ્રી કમલેશભાઈ ચાવડા, રમેશભાઈ પરમાર, વિપુલભાઈ વાઢીયા, મુકેશભાઈ મકવાણા, મુકેશભાઈ ચાવડા, રમાબેન વાઘેલા, જીજ્ઞાબેન ચુડાસમા જ્ઞાતિજનોનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ છે.

## પોલીસના માનવીય અભિગમથી યુવકનો જીવ બચ્યો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધીક્ષક હિમકર સિંહ તથા નાયબ પોલીસ અધીક્ષક જેતપુર વિભાગ રોહિતસિંહ ડોડીયા તરફ થી માનવીય અભિગમ જાળવી પ્રજા વચ્ચે કામગીરી કરવા માટેની સૂચના અનુસાર વીરપુર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ રાજકોટ



ગ્રામ્ય પોલીસ વિભાગની કચેરીના ૧૦૦ નંબર ઓપરેટર મહેન્દ્રસિંહ મહાવીર સિંહ ઝાલાએ ટેલિફોન થી જણાવેલ કે કૈલાશભાઈ ગોપાલભાઈ રાણોલિયા જે મેંદરડા તાલુકાના દત્રાણા ગામનો હોય તેમને ૧૦૦ નંબર ઉપર પોલિસ કંટ્રોલરૂમમાં ફોન કરી જણાવેલ અને કંટાળી ગયેલ હોય તેમ જ વીરપુર બસ સ્ટેન્ડ પાસે બેઠેલો હોય અને આત્મહત્યા કરવા માટે જવાનો હોય તેમ વાત કરેલ હોય તે બાબતની વર્ધિ વીરપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જી .રાઠોડને મળતા તેમના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ ભીખાભાઈ ચૌહાણ દ્વારા બસ સ્ટેન્ડ પર જઈ આત્મહત્યા કરવા આવેલા કૈલાશભાઈને સમજાવી સમજૂતી આપેલ અને પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી dream૧૧ એપ્લિકેશન માં અંદાજે ૭૦ થી ૮૦ લાખ રૂપિયા હારી જતા પોતાના સાથે મિત્ર સર્કલ નું દેવું થયેલ હતું જેને લઈને પરિવાર સંબંધો કાપી નાખેલ હતા ત્યારે યુવક ડિપ્રેશનમાં આવી ગયો હતો અને આત્મહત્યા કરવાનો વિચાર આવેલ હતો જે બાદ પોલીસ દ્વારા તેમનું કામ સિલિંગ કરી અને સમજાવી યોગ્ય કાર્યવાહી કરી અને માનવ જિંદગી બચાવી પ્રશંસનીય કામગીરી કરેલ છે તેમાં આત્મહત્યા કરવા આવનાર યુવક દત્રાણા ગામ નો હોવાનું અને કૈલાશભાઈ ગોપાલભાઈ રાણોલિયા નામ હોવાનું સામે આવ્યું હતું

# રાજકોટની અભિનેત્રીને ફિલ્મ ડાયરેકટરની ઓળખ આપી અમદાવાદી શખ્સે શોષણ કરી ૨૦ લાખ ખંખેર્યા

## મુંબઈની પાર્ટીમાં ઓળખ થતાં પરિચયમાં આવ્યા બાદ પત્નીને છૂટાછેડા આપી લગ્નની લાલચ આપી'તી

**સમય મિરર | રાજકોટ**

મુંબઈની પાર્ટીમાં ફિલ્મ ડાયરેક્ટર તરીકે ઓળખ આપનાર અમદાવાદના વાસણામાં રહેતા યુવકે રાજકોટની ગુજરાતી અભિનેત્રીનું બે વર્ષ શોષણ કરવા સાથે રૂ.૨૦ લાખ પડાવ્યાની પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી કરાઈ છે.

વધુ વિગતો મુજબ,રાજકોટમાં રહેતી ૩૦ વર્ષની યુવતીએ અમદાવાદમાં વાસણા બસ સ્ટેશન પાસે ગીતા એપાર્ટમેન્ટમાં રહેતા કૃણાલ મયંકભાઈ મચ્છર ઉર્ફે દુષ્યંતભાઈ ઝવેરી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર,૨૦૧૦માં તેના છૂટાછેડા થયા હતા અને ગુજરાતી સિરિયલમાં

### અંગત પળોનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી પૈસા પડાવ્યાની ફરિયાદ

કામ કરે છે. ઓગષ્ટ-૨૦૨૨માં મુંબઈ ખાતે એક બોલીવુડ પાર્ટીમાં કૃણાલે પોતાની ઓળખ ફિલ્મ ડિરેક્ટર અને પ્રોડ્યુસર તરીકે આપી હતી. આ પછી બન્ને વચ્ચે મિત્રતા થઈ હતી. કૃણાલ પત્ની સાથે છૂટાછેડા લેવાની વાતો કરી યુવતીને આર્થિક મદદ કરવાની વાત કરતો હતો. ફેબ્રુઆરી-૨૦૨૩માં યુવતી વાસણાના એક ફ્લેટમાં રહેવા આવી




હતી અને બન્ને સાથે રહેતા હતા અને સંબંધો બંધાયા હતા. પત્નીને છૂટાછેડા આપવા પાંચ લાખ રૂપિયાની જરૂર હોવાની વાત કૃણાલે કરતાં યુવતીએ પોતાના મિત્ર પાસેથી પૈસા લઈને આપ્યા હતા. પત્નીને પોતે કાઢશે તેવી વાત કરી યુવતીને પરત રાજકોટ મોકલી હતી. આ પછી કૃણાલે સંપર્ક ઓછો કરી દીધો હતો. બાદમાં કૃણાલે અંગત પળોના વિડિયો વાયરલ કરવાની ધમકી આપી પૈસા માગવાનું શરૂ કર્યું હતું. કૃણાલે કુલ ૨૦ લાખ રૂપિયાથી વધુ રકમ મેળવી લીધી હતી. એપ્રિલ-૨૦૨૪થી યુવતીએ કૃણાલને પૈસા આપવાનું બંધ કરી પોલીસમાં અરજી કરી હતી. પત્ની સાથે છૂટાછેડા લઈ લગ્નની લાલચ આપી ૨૦ લાખ રૂપિયા પડાવી લેવા અંગે વાસણા પોલીસે કૃણાલ મચ્છર સામે ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ સહિત રાજ્યના ૭૦ અધિક ન્યાયાધીશોને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે બઢતી સાથે બદલી

## ૫૦ જ્યુડિશિયલ ઓફિસરને એડિશનલ સેશન્સ જજ તરીકે પ્રમોશન અપાયા

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યની વિવિધ જિલ્લા અને નગર અદાલતોમાં ફરજ બજાવતા ૭૦ જેટલા અધિક ન્યાયાધીશોને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે બઢતી આપી છે. જ્યારે ૫૦ જ્યુડિશિયલ ઓફિસરને એડિશનલ સેશન્સ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમની નવી જગ્યાઓ પર બદલીના આદેશો જારી કર્યા છે. આ બદલીઓ આગામી ૨૮ એપ્રિલ, ૨૦૨૫થી અમલમાં આવશે જે. હાઈકોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશ અનુસાર ૬૫ ટકા પ્રમોશન ક્વોટા હેઠળના જુનિયર ન્યાયાધીશોને રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે જ્યુડિશિયલ ઓફિસરને એડિશનલ સેશન્સ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચેની અદાલતોમાં ૭૦ જ્યુડીશિયલ ઑફિસરને અન્ય કોર્ટમાં પ્રમોશન આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર કચ્છના ૨૮ જજો ને બઢતી અને બદલીના હુકમો કરવામાં આવ્યા છે જેમાં ભાવનગરના હેતલ દવેને અધિક તરીકે ભાવનગર સાવરકુંડલાના એચડી પંડિતને ફેમિલી કોર્ટ અમરેલી જૂનાગઢના આરજે મીરાણીને ખેડા સુરતના મિત્ર રસિકભાઈ ને મોરબી ભાવનગરના હાર્દિક શાહને અમદાવાદ ગ્રામ્ય એસ.બી ભટ્ટને મહેસાણા ગાંધીધામના એમ એચ ચૌહાણને વલસાડ ગાંધીધામના એમ એ શેખને પાટણ બોટાદના એ એન પટેલને સિટી સિવિલ કોર્ટ અમદાવાદ રાજકોટના બદરી કમલકુમાર વડોદરા, જામનગરના સંદીપકુમાર જામનગર, રાજકોટના જેએસ પ્રજાપતિ ને મહેસાણા, સુરતના દીપાબેન ઠાકરને ફેમિલી કોર્ટ રાજકોટ અમદાવાદના ટીજે દાવડા વેરાવળ સુરતના પીએન ખંડેરીયા ભુજ વ્યારા ના જેવી પટેલને સુરેન્દ્રનગર જામનગરના એસ.એમ કામદારને મોડાસા ભુજના હેમુ પી પટેલને દાહોદ ગોધરાના જેજી દામોદરા ને ભાવનગર, કેશોદના એચડી દામોદરાને જુનાગઢ સંતરામપુરના એ.આર રાણાને જુનાગઢ ને રાજકોટના પી જે કાયસ્થ ને રાજકોટ, હાલોલ ના ચેતના પટેલને રાજકોટ ધારીના રેખાબેન એલ જાડેજા ને મહેસાણા, વેરાવળના એપી રણધીરને વેરાવળ પાલનપુરના લલિત વાઘને ગાંધીધામ અને મોરબીના એમ જે ખાનને નવસારી ખાતે બઢતી સાથે બદલી કરવામાં આવી છે

# રાજકોટમાં રિસામણે બેઠેલી પુત્રીના ચારિત્ર્ય પર માતા પિતાએ શંકા કરતા આપઘાતનો પ્રયાસ

## સાસરીયામાં દંપતી વચ્ચે ડખ્ખો થતા પતિ ૧૦ દિવસ પહેલા જ માવતરે મૂકી ગયો'તો

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં બજરંગવાડી વિસ્તારમાં માવતરના ઘરે રિસામણે બેઠેલી પરિણીતાના ચારિત્ર પર માતા પિતાએ શંકા કરતા પુત્રીએ એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.




આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ટંકારાના કલ્યાણપુર ગામે રહેતી સોનુબેન સોહીલભાઈ ભાણું નામની ૧૯ વર્ષની પરિણીતા રાજકોટમાં બજરંગવાડી વિસ્તારમાં રહેતા પિતા કાસમભાઇ ઈસ્માઈલભાઈ જુણાચના ઘરે હતી ત્યારે એસિડ પી લીધું હતું સોનુબેન ભાણુને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં સોનુંબેન ભાણુના એક વર્ષ પૂર્વે કલ્યાણપુર ગામે રહેતા સોહીલ ભાણુ સાથે લગ્ન થયા હતા અને તેણીને સંતાન નથી દંપતિ વચ્ચે ઝઘડો થતાં દસ દિવસ પૂર્વે જ સોહીલ ભાણુ સોનુબેનને તેના માવતરના ઘરે મૂકી ગયો હતો સોનુબેનના ચારિત્ર્ય પર માતા પિતાએ શંકા કરતા એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ કેન્સર હોસ્પિટલના સુપરવાઈઝરે નોકરી પર સમયસર આવવાનું કહેતા કર્મચારીનો છરીથી હુમલો

## નાઈટ ડ્યુટીમાં મોડા આવવા મુદ્દે ઠપકો આપતા ઝઘડો કરી છરીના ઘા ઝીંકી દીધા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના, શહેરના રૈયા રોડ કોમ્યુનિટી હોલ પાછળ જય સોમનાથ સોસાયટી તુલસી પાર્ક-૧૧માં રહેતાં મુળ અમરેલીના બાબરા તાબેના ખંભાળા ગામના ભાવીનભાઈ મનસુખભાઈ મકવાણા (ઉ.વ.૨૬) નામના યુવાનની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે આંબેડકરનગરમાં રહેતાં ચિરાગ પ્રવિણભાઈ સોલંકી વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદી ભાવીનભાઈએ જણાવ્યું છે કે હું હાલ રાજકોટ રહી નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં હાઉસકિપીંગ સ્ટાફના સુપરવાઈઝર તરીકે નોકરી કરુ છું. ૨૧/૪ના રોજ મારે હોસ્પિટલમાં નાઈટ ડયુટી હોવાથી



સાંજે આઠ વાગ્યે હોસ્પિટલે હતો. આ વખતે હાઉસકિપીંગ સ્ટાફનો કર્મચારી ચિરાગ સોલંકી કામ પર મોડો આવતાં મેં તેને ઠપકો આપ્યા હતો અને કહ્યું હતું કે તારે સમયસર કામ પર આવી જવું. આ કારણે ચિરાગ ઉશ્કેરાઈ ગયો હતો અને મારી સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. તેમજ મને તેણે નીચે આવવા કહ્યું હતું પરંતુ હું નીચે ગયો ન હતો. આ પછી ચિરાગે મને ફોન કરી ગાળો દીધી હતી. જેથી મેં અમારા ફિલ્ડ ઓફિસર લલીતભાઈ શુક્લા અને ઓપરેશન મેનેજર રવિભાઈ સરવૈયાને આ બાબતની જાણ કરી હતી.

આ પછી સાગરભાઈ શુક્લાએ ચિરાગને સમજાવતાં તે વખતે તે જતો રહ્યો હતો. બીજા દિવસે મંગળવારે ૨૨મીએ ફરીથી ચિરાગે મને અવાર-નવાર ફોન કરવાનું ચાલુ કર્યુ હતું અને ગાળો દેવા માંડયો હતો. તેમજ ધાકધમકી આપતાં મેં કોલ રેકોર્ડ કરી લીધા હતાં. એ પછી મેં તેનો નંબર બ્લોક કરી દીધો હતો. ત્યારબાદ સાંજે સાતેક વાગ્યે હું સાગરભાઈ શુક્લા સાથે નોકરી પુરી કરી હોસ્પિટલ નજીક આવેલી પાનની કેબીને ફાકી ખાવા ઉભો હતો ત્યારે ચિરાગ સોલંકી સફેદ રંગનું એક્સેસ ટુવ્હીલર લઈને આવ્યો હતો અને મારો કાંઠલો પકડી ગાળો દીધી હતી. આ વખતે સાગરભાઈએ મને બચાવી લીધો હતો. આમ છતાં ચિરાગે પોતાના ટુવ્હીલરમાં પગ રાખવાની જગ્યાએ રાખેલી છરી ઉપાડી મને સાથળમાં એક ઘા મારી દીધો હતો અને ભાગી ગયો હતો. આથી મને સારવાર માટે સાગરભાઈ લઈ ગયા હતાં. મેં ચિરાગને નોકરીએ સમયસર આવવાનું કહેતાં ખાર રાખી મારા પર હુમલો કર્યો હોય જે અંગે આ ફરિયાદ નોંધાવી હતી. જેથી ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ પી. બી.પટેલે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં આર્થિકભીંસથી કંટાળી યુવકનો એસિડ પી આપઘાતનો પ્રયાસ

## રૈયાધારના યુવાને ફિનાઈલ પી લેતાં તબિયત લથડી

**સમય મિરર | રાજકોટ**

મહા મંદીના કારણે અનેક પરિવારોના માળા પિંખાઈ રહ્યા છે ત્યારે વધુ એક ઘટનામાં રાજકોટમાં સોરઠીયા પ્લોટમાં રહેતા યુવાને આર્થિકભીંસ કંટાળી જિલ્લા ગાર્ડન પાસે એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ સોરઠીયા પ્લોટમાં રહેતા મહેન્દ્ર શરદભાઈ છીના નામનો ૨૪ વર્ષનો યુવાન રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં જિલ્લા ગાર્ડન પાસે હતો ત્યારે એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મહેન્દ્ર છીનાના લગ્ન બે વર્ષ પહેલા થયા છે અને તેને સંતાન નથી મહેન્દ્ર છીના બે ભાઈમાં મોટો છે મહેન્દ્ર છીના આઈસ્ક્રીમ પાર્લરમાં નોકરી કરે છે. પરંતુ આર્થિકભીંસના કારણે એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત બીજા બનાવમાં રૈયાધાર વિસ્તારમાં રાધેશ્યામ ગૌશાળા પાસે રહેતા સંજય મહેશભાઈ સોલંકી નામનો ૪૬ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે સાંજના સાતેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જીએસટી ચોરી કૌભાંડમાં વધુ એક આરોપીને જામીનમુક્ત કરતી કોર્ટ

### પત્રકાર મહેશ લાંગાને સંડોવતા મસમોટા કૌભાંડમાં સંડોવણી ખુલતા ધરપકડ થઈ'તી

**સમય મિરર | રાજકોટ**

દેશભરમાં ચકચાર જગાવનર પત્રકાર મહેશ લાંગાને સંડોવતા મસમોટા જીએસટી ચોરીના કૌભાંડમાં વધુ એક આરોપી ઋષિ ભરત બગથરિયાના સેશન્સ અદાલત દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા છે.

આ ચકચારી કૌભાંડની કથિત કૌભાંડની હકીકત એવી છે. કે રાજકોટના ભગવતી પરામા બનાવટી ભાડા કરાર બનાવીને પરમાર એન્ટરપ્રાઈઝ'' નામની પેઢી ખોલી ખોટ ભાડા કરારનો ખરા તરીકે


એડવોકેટ

ઉપયોગ કરી જી. એક. ટી નંબર મેળવી બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે કુલ-૧૪ પેઢીઓના સંચાલકો સાથે મળીને ગુન્હા હિત કાવતરું રચી સાડા ત્રણ કરોડ રૂપિયાના બનાવટી બિલિંગ તેમજ બનાવટી દસ્તાવેજોના આધારે ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી સરકારને મોટું આર્થિક નુકશાન પહોંચાડતા જી.એસ.ટી વિભાગના ઉચ્ચ અધિકારીની ફરિયાદના આધારે ડી.સી.બી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયેલ હતો આરોપી ઋષિ બગથરિયાની ધરપકડ કરી જેલ હવાલે કરેલ હતો જે બાદ ઋષિ બગથરિયા એ પોતાના એડવોકેટ કુલદીપસિંહ જાડેજા મારફતે રાજકોટની સેશન્સ અદાલતમાં જામીન અરજી કરી હતી. જેમાં હાલના આરોપીએ કોઈ બોગસ પેઢી ઊભી કરેલ નથી આરોપીને પેઢી સાથે લેવા દેવા નથી. કે આરોપીના નામની પેઢી નથી જેથી જી.એસ.ટી ની કે બનાવટી દસ્તાવેજોની કોઈ કલમ લાગુ કરી શકાય નહિ. તથા હાલના કેસને સલગ્ન અન્ય હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના નોંધપાત્ર ચૂકાદાઓ પોલીસના સોગંદનામાઓ ધ્યાને લઈને હાલના આરોપીને જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે. આ કેસમાં ઋષિ બગથરિયા વતી રાજકોટના વકીલ કુલદીપસિંહ બી. જાડેજા, જ્યોત્સનાબા પી. જાડેજા, રવિરાજસિંહ પરમાર, નિતાબેન સારીખડાં રોકાયેલ હતા.

# રાજકોટમાં ૧૫ દિવસ વેચેલા દેશી દારૂના ૪૫૦૦ માંગતા આધેડને દારૂના ધંધાર્થીએ માર માર્યો

## હુમલામાં ઘવાયેલા આધેડને સારવાર માટે ખસેડાયા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં પુનિતનગરના પાણીના ટાંકા પાછળ આધેડે રોજના ૩૦૦ લેખે ૧૫ દિવસ દારૂ વેચ્યો હતો જે પંદર દિવસના રૂ.૪,૫૦૦ની ઉઘરાણી કરતા શેઠે ધોકા વડે માર માર્યો હતો. આધેડને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલ ચોકડી પાસે રહેતા નિલેશભાઈ બાબભાઈ ચૌહાણ નામના ૫૩ વર્ષના આધેડ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં પુનિતનગરના પાણીના ટાંકા પાછળ હતા ત્યારે મોહિત નામના શખ્સે ધોકા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા આધેડને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતા



માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં નિલેશભાઈ ચૌહાણ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. અને હુમલાખોર મોહિતનો દરરોજના ૩૦૦ રૂપિયા લેખે ૧૫ દિવસ સુધી દેશી દારૂ વેચ્યો હતો જે કામના રૂ.૪,૫૦૦ની ઉઘરાણી કરતા મોહિતે ધોકા વડે માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે આક્ષેપના પગલે માલવીયાનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જાદુઈ ચશ્માંના વળગણમાં ભાણેજનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના કેસમાં ત્રણ આરોપી જામીનમુક્ત

## સગા મામાએ સગીર ભાણેજનું અપહરણ કરી વેચી નાખતા હવસખોરોએ હવસ સંતોષતા ગુનો નોંધાયો'તો

**સમય મિરર | રાજકોટ**

વિછીયા પોલીસ મથક ખાતે સગીરાનુ અપહરણ તેનો સગો મામો જ કરી ગયો હોય તેવો ગુનો દાખલ થયો હતો. મુખ્ય આરોપી દિનેશ સગીરાને અમરેલીથી સગીરાને રેસ્ક્યુ કરી નરાધમ મામાની ધરપકડ કરી હતી. પોલીસની પૂછપરછમાં દિનેશે ચશ્મા પહેરવાથી દિવાલ તથા જમીનમાં ઊંડે સુધી બધું આરપાર જોઈ શકાય છે અને આ એન્ટિક ચશ્મા એક માણસ પાસે છે. જે ચશ્મા ખરીદવા રૂપિયાના બદલે કિશોરી આપવા સંયુક્ત રીતે પાંચે શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરું રચી દિનેશે તેની સગી ભાણેજનું અપહરણ કરી લઈ સામાજિક સંબંધોને કલંકિત કરી નાખ્યો હતો. પોલીસે મામલામાં દુષ્કર્મ અને પોક્સો એક્ટ સહિતની કલમોનો ઉમેરો કરી મામા દિનેશ, વિનુ હીરા સોલંકી, મેરામ પોપટ કણોત્રા, વલ્લભ બચુ સાપરા અને બાબુ ઉર્ફે ટીણો પોપટ મકવાણાની ધરપકડ કરવામાં આવી હતી. મેરામ કાણોતરા, વલ્લભ સાપરા અને બાબુ ઉર્ફે ટીણો મકવાણાએ જામીન પર મુકત થવા રાજકોટની સેસન્સ(સ્પેશ્યલ પોકસો) કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમા બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ


એડવોકેટ

દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા ચુકાદાઓ ધ્યાને લઈ અદાલતે મેરામ કાણોતરા, વલ્લભ સાપરા અને બાબુ ઉર્ફે ટીણો મકવાણાને જામીન પર મુકત કરવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, યોગેશ એ. જાદવ, ભરતભાઈ ધરજીયા, કેવીન એમ.ભંડેરી, વિરલ ચૌહાણ તેમજ મદદનીશમા અભય ચાવડા, વિશાલ રોજાસરા અને વિક્રમ કિહલા રોકાયા હતા.

# હત્યાની કોશિષના ગુનામાં આરોપીને નિર્દોષ મુક્ત કરતી કોર્ટ

## પૈસાની લેતીદેતીમાં મારી નાંખવાના ઈરાદે મિત્ર ઉપર કાર ચડાવી દેતા ગુનો નોંધાયો'તો

**સમય મિરર | રાજકોટ**

પૈસાની લેતીદેતીમાં મિત્ર ઉપર કાર ચડાવી દઈ હત્યાનો પ્રયાસ કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા કોર્ટે હુકમ કર્યો છે.


એડવોકેટ

આ કેસની હકીકત મુજબ પડધરીમાં રહેતા ભરતભાઈ ટીંબડીયાએ રામપર ગામના વતની જેન્તીભાઈ ભોજાણીને મિત્રતાના દાવે તેમના મોટાભાઈ કીરીટભાઈની સારવાર માટે રૂ.૪૦ હજાર આપ્યા હતા. જેન્તીભાઈએ રૂ.૧૦ હજાર આપવાના બહાને મોટા રામપર ગામામા રમેશભાઈની પાનની દુકાને બોલાવી ભરતભાઈનો કાઠલો પકડી ઝઘડો કર્યો હતો. ત્યા હાજર લોકોએ છોડાવતા ભરતભાઈ ત્યાથી ભાગીને પોતાના ઘરે જતા હતા. ત્યારે જેન્તીભાઈ પોતાની ઈકો ગાડી ભરતભાઈને ઠોકરે ચડાવી પછાડી ઈકો કાર નીચે કચડવાનો પ્રયાસ કરી ઈકો ગાડી માથે ચડાવી દીધી હતી. આ અંગે ભરતભાઈએ પડધરી પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી.

ચાર્જશીટ બાદ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ સેશન્સ જજ પી.જે.તમાકુવાળાએ આરોપી જેન્તીભાઈ પરશોતમભાઈ ભોજાણીને હત્યાની કોશિષના ગુનામાં નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી, વીજય સીતાપરા, વિવેક સોજીત્રા, દિવ્યાબા વાળા અને જેનીસ સરધારા રોકાયા હતા.

# '૯૯ મેરીગોલ્ડ'ના બિલ્ડરને ગ્રાહક તકરાર કમિશનમાં હાજર થવા હુકમ

## પ્રોજેક્ટના બ્રોશરમાં દર્શાવેલી ફેસેલિટીઝ અને એમેનિટીઝ સહિતની સુવિધા નહીં આપતા ફ્લેટ ધારકોએ ફરિયાદ કરી'તી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં નાનામવાના વિમલનગર મેઈન રોડ ઉપર રાધે હોલની સામે, આવાસ યોજનાની બાજુમાં '૯૯ મેરીગોલ્ડ' પ્રોજેક્ટનું બાંધકામ કરવા માટે સને-૨૦૨૧માં બાંધકામ પ્લાન રા.મ્યુ.કોર્પો.માં મંજુર કરાવ્યા બાદ કંમ્પલીશન સર્ટિફિકેટ તા. ૧૧/૧/૨૪ના રોજ મેળવ્યા બાદ આશરે ૭૦ જેટલા ફ્લેટના બિલ્ડરે વેચાણ દસ્તાવેજ કરી આપ્યા હતા.

દરમિયાન બિલ્ડરે ફ્લેટ વેંચાણ કરતી વખતે કરેલા બ્રોશરમાં વિવિધ ફેસેલીટી અને એમેનીટીઝ જેવી કે, ઓપન એર થિયેટર, ગઝેબો, મંદિર, વોકિંગ ટ્રેક, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, ફાયર ફાઈટીંગ સિસ્ટમ, ૨૪ કલાક સિક્યુરીટી, કોમન બોર, ઈલેક્ટ્રીક રૂમ, જનરેટર વિગેરે આપવાનો ઉલ્લેખ કરેલ. તેમજ દરેક બાબતે સારી ગુણવતાના મટીરીયલ્સના વપરાશ અને સુવિધાઓ બતાવી ફ્લેટ વેચાણ કર્યા હતા. ફ્લેટનો કબ્જો મેળવી સ્થળ ઉપર રહેવા જતા ફ્લેટધારકોને માલુમ પડેલ કે, ઓપન થિયેટરના નામે ચિલાચાલુ કંપનીનું પ્રોજેક્ટર આપી દીધેલ, તેની ઈલેક્ટ્રીક લાઈન કે વિઝયુઅલ સ્ક્રીન, ઓપન થિયેટર સ્પીકર વિગેરે આપેલ નથી. ગઝેબોના નામે લોખંડના પાઈપ ઉપર છાપરા નાખી ઝુંપડું બનાવેલ. અગાસી સહિતની ફ્લોરિંગ ટાઈલ્સમાં હલકું મટીરીયલ વપરાશ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ બ્રોશરમાં બતાવ્યા છતાં બનાવવામાં આવેલ નથી. ફાયર ફાઈટીંગ સિસ્ટમના કોઈ ગેરેંટી વોરંટી કાર્ડ ફ્લેટ ધારકોને આપવામાં આવેલ નથી, આ ઉપરાંત બ્રોશરમાં


એડવોકેટ

એમિટીઝ ફેસીલીટીસ નહીં અપાતા આ બાબતે બિલ્ડરને મળતા તેણે અલગ અલગ બહાનાઓ કરી સમય વ્યતિત કરેલ છે. અને છેલ્લે થાય તે કરી લેવા જેવો તોછડો જવાબ આપેલ છે. જેથી ૮૦માંથી ૬૭ ફ્લેટધારકોએ ગ્રાહક કમિશનમાં કુલ ૬૭ ફરીયાદ કરી છે. બહોળા સમુદાયના આ પ્રશ્નની ગંભીરતા ધ્યાને લઈ ગ્રાહક ફરિયાદ નિવારણ કમિશને ફ્લેટધારકોને અને બિલ્ડર યોગેશ વલ્લભદાસ ઘોડાસરાને આગામી મુદતે રૂબરૂ હાજર રહેવા આદેશ કર્યો છે. આ કામમાં ૯૯-મેરીગોલ્ડના ૬૭ ફ્લેટધારકો વતી એડવોકેટ દરજજે વિકાસ કે. શેઠ, અલ્પા શેઠ, પ્રકાશ બેડવા, ફાતેમાં ભારમલ રોકાયા છે.

# પત્નીને ખાધખોરાકી નહિ ચૂકવનાર પતિને ૫૦ દિવસની કેદ

**સમય મિરર | રાજકોટ**

પરિણીતાએ ચડત ભોરણ પોષણ મેળવવા કરેલી અરજી અદાલતે મંજુર કરી પતિને ૫૦ દિવસની જેલની સજાનો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ શહેરમાં રહેતી સરોજબેન નામની યુવતીના કલ્પેશ જગદીશભાઈ ભટ્ટી નામના યુવાન સાથે લગ્ન થયા હતા. બાદ દાંપત્ય જીવન વચ્ચે મનમેળ ન રહેતા પરણીતા પોતાના માવતરએ ચાલી ગઈ હતી. બાદ પરણીતાએ પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે અદાલતમાં અરજી કરી હતી .


એડવોકેટ

જેમાં અદાલતે પરણીતાનું વચગાળાનું ભરણ પોષણ મંજૂર કરી પરણીતાને માસિક ત્રણ હજાર ચૂકવવા હુકમ કર્યો હતો. જે હુકમનું સામેવાળા પતિ કલ્પેશ ભટી પાલન ન કરતા હોય આથી સરોજબેને પોતાના એડવોકેટ મારફતે પાંચ માસનું ચરત ભરણપોષણ ૧૫૦૦૦ મેળવવા અદાલતમાં અરજી કરતા જે અરજીમાં સામેવાળા કલ્પેશ ભટીને નોટિસની બજવણી કરવા છતાં અદાલતમાં હાજર રહેતા ન હોય કલ્પેશ ભટ્ટી વિરુદ્ધ પકડ વોરંટીસ્યુ કરવાનું કમ કરેલ તેમ છતાં પકડ વોરંથી ભાગેડુ ફરતો કેસ રેકર્ડ ને ધ્યાને લઈ તેમજ સામેવાળા રકમ ભરપાઈ કરતા ન હોય જેથી અરજદારના એડવોકેટ અમિત ગડારાય કરેલી દલીલો ધ્યાને લઈ અદાલતે ૫૦ દિવસ સાદી જેલની સજા નો હુકમ ફરમાવેલો છે. આ કેસમાં અરજદાર સરોજબેન વતી એડવોકેટ અમિત ગડારા રોકાયા હતા.

## કાશ્મીરમાં આતંકી હુમલા બાદ

# સોમનાથ, દ્વારકા, અંબાજી મંદિરની સુરક્ષામાં વધારો કરાયો

### મેટલ ડિટેક્ટર ઉપરાંત સ્નાઈપર સ્ટેન્ડ બાય, રેલવે સ્ટેશન અને એરપોર્ટની સુરક્ષામાં પણ વધારો કરાયો

**સમય મિરર । રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની જવાબદારી લશ્કર-એ-તૈયબાની વિંગ ધ રેઝિસ્ટન્ટ ફ્રન્ટ (TRF) સ્વીકારી લીધી છે. હુમલો કર્યા બાદ આતંકવાદીઓ ભાગી ગયા હતા. તેમને શોધવા માટે એજન્સીઓ એડીચોટીનું જોર લગાવી રહી છે. આતંકી હુમલા બાદ દેશની શાંતિ ખોરવાય એવી ઈન્ટેલિજન્સ બ્યૂરોને આશંકા છે. આ ઉપરાંત અંબાજી, સોમનાથ, દ્વારકા, પાવાગઢ સહિતનાં ધાર્મિક સ્થળોએ પોલીસની સ્પેશિયલ ટીમો તહેનાત કરી દેવાઇ છે. સોમનાથ અને દ્વારકા દરિયાકિનારે આવેલા હોવાથી ત્યાં હાઇ એલર્ટ આપી દેવાયું છે. અંબાજી મંદિરમાં સ્નાઈપર સ્ટેન્ડબાય કરી દેવાયા છે. જ્યારે એસઓજીની ટીમ પણ મંદિર ખાતે તહેનાત કરી દેવાઇ છે. ક્વિક રિસ્પોન્સ ટીમ પણ આજથી મંદિરમાં રહેશે. મંદિરમાં આવતા તમામ શ્રદ્ધાળુઓનું ચેકિંગ કરવામાં આવશે, જ્યારે કોઇ અનિચ્છનીય બનાવ ન બને એ માટેની તમામ તૈયારીઓ કરી દેવાઇ છે.

અંબાજી SOG પીઆઈ એચ.બી. ધાંધલીયાએ જણાવ્યું કે, પહેલગામમાં આતંકી હુમલો થયો છે તે ખુબજ દુઃખદ છે. આજે SOG, અંબાજી પોલીસ, ડોગ સ્કવોડ, દ્વારા અંબાજી મંદિરમાં સઘન સુરક્ષાની કામગીરી હાથ ધરાઈ હતી. અંબાજી મંદિર વિશ્વવિખ્યાત છે અને દેશભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો અંબાજી મંદિર આવે છે ત્યારે કોઈપણ જાતનો અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારીના ભાગ રૂપે સઘન ચેકિંગ કરવામાં આવ્યું છે. આ ચેકિંગ સમયાંતરે કરાશે. હાલ અંબાજી મંદિરમાં તૈનાત તમામ પ્રકારની સિક્યુરિટી અને પોલીસ



જવાનો સિવાય ક્વિક રિસપોન્સ ટીમ અંબાજી મંદિરમાં મૂકવામાં આવી છે. જેમાં અંબાજી મંદિરમાં એક PSI અને ૬ જવાનો ખડેપગે છે.

આતંકી હુમલાના સંકટ વચ્ચે રાજ્યનાં તમામ શહેરો અને જિલ્લાઓમાં શાંતિ જળવાઇ રહે એ માટે ગાંધીનગર ખાતે અધિકારીઓની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાય એવું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ગુજરાતના સંવેદનશીલ ગણાતા વિસ્તારો, જ્યાં છાશવારે કોમી છમકલું થાય એવા વિસ્તારોમાં સૌથી વધુ પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

અમદાવાદ શહેરમાં કોઇ અનિચ્છનીય બનાવ બને નહીં અને કોમી એકતા તૂટે નહીં એ માટે પોલીસે માઇક્રો લેવલનું પ્લાનિંગ કરી લીધું છે. શહેર પોલીસે ઠેર ઠેર બંદોબસ્ત ગોઠવી દીધો છે. જ્યારે સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધર્યુ છે. ક્રાઇમ બ્રાંચ, એટીએસ, લોકલ ક્રાઇમ બ્રાંચ સહિત સ્થાનિક પોલીસ ભેદી ગતિવિધિઓ પર નજર રાખી રહી છે.

**અમદાવાદ સહિતના શહેરોમાં કોમી હિંસા ભડકે નહીં એ માટે સઘન સુરક્ષા ગોઠવાઈ : આઈ.બી.ના ઈનપુટના આધારે ત્વરીત કાર્યવાહી**

પોલીસ તેમજ એજન્સીઓ સોશિયલ મીડિયા પર વોચ રાખીને બેઠા છે. કેટલાક વિઘ્નસંતોષીઓ સોશિયલ મીડિયામાં ભડકાઉ ભાષણ કે પોસ્ટ અપલોડ કરી શકે છે, જેના કારણે શહેરની શાંતિ ડહોળાય એવી શક્યતા છે. જો કોઇપણ વ્યક્તિ શાંતિ ડહોળે એવી પોસ્ટ અપલોડ કરે તો પોલીસ સીધો ગુનો નોંધીને તપાસ શરૂ કરશે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એલર્ટના પગલે બીજાં રાજ્યોથી આવતા લોકોના સામાનની તપાસ કરવામાં આવશે. ગીતામંદિર, કાલુપુર રેલવે સ્ટેશન તેમજ એરપોર્ટ પર આવતા પેસેન્જરોની તપાસ થશે. જે પેસેન્જરોની ગતિવિધિ શંકાસ્પદ લાગશે તેમની તપાસ કરાશે.

કાલુપુર રેલવે સ્ટેશન પર પોલીસ, લોકલ ક્રાઇમ બ્રાંચ, એસઓજી, રેલવે પ્રોટેક્શન ફોર્સ સહિતની ટીમો પણ એલર્ટ થઇ ગઇ છે. બહારનાં રાજ્યોથી આવતી ટ્રેનમાં મુસાફરોના સામાનનું ચેંકિંગ કરવામાં આવી રહ્યું છે.

### 1 એક એકને વીણી.. વીણી..ને જવાબ અપાશે : હર્ષ સંઘવી

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહિત ૨૭ લોકોનાં મોત થઇ ગયા છે. ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું, કે આતંકી હુમલામાં ત્રણ ગુજરાતી પ્રવાસીના મોત થયા છે. ધર્મના આધારે આતંકીઓએ કરેલો હુમલો કાયરતાનું પ્રદર્શન છે. કાશ્મીરથી ગુજરાતીઓને સહી સલામત લાવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એક એક આતંકવાદીઓને વીણીને જવાબ આપવામાં આવશે.

### 2 ભૂતકાળમાં પણ સરકારે પાછીપાની નથી કરી, અત્યારે પણ નહીં થાય : ઋષિકેશ પટેલ

ગુજરાત સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આ ઘટનાની કેન્દ્ર સરકાર અને પીએમ મોદીએ ગંભીરતાથી નોંધ લીધી છે. પીએમ સાઉદીનો પ્રવાસ ટૂંકાવીને પરત ફર્યા છે. તેમની ડેડ બોડી પરત લાવવા માટેની વ્યવસ્થા કેન્દ્ર સરકાર કરી રહી છે. ભૂતકાળની ઘટનાઓનો જડબાતોડ જવાબ આપ્યો છે અને આ ઘટનાનો પણ આવો જ જવાબ આપવામાં આવશે.

### 3 કાશ્મીરમાં ચાલતી મોરારિબાપુની રામકથાનું સમાપન : પાંચ લાખ સહાયની જાહેરાત

મોરારી બાપુએ માનસ શ્રીનગર નામની પોતાની કથાને ૫ માં દિવસે જ સમાપન કર્યું હતું. તેમણે મૃતકોને શ્રદ્ધાંજલી આપ્યા બાદ પોતાની કથા અહીં જ પુર્ણ થઇ રહી છે તેવી જાહેરાત કરી હતી. અત્રે ઉલેખનીય છે કે, ૩ મૃતકો પૈકી ૨ પિતા પુત્ર મોરારી બાપુની કથામાં જ ભાગ લેવા માટે કાશ્મીર ગયા હતા. આતંકી હુમલામાં હત્યા વિશે દુઃખ પ્રગટ કરતાં મોરારી બાપુએ શ્રીનગર-માં ચાલતી રામકથામાં કહ્યું હતું કે, મારી વ્યાસપીઠ સાથે જોડાયેલા તમામ શ્રોતાઓ વતી દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ પાઠવું છું તથા જે વ્યક્તિઓ ઘાયલ થયાં છે તેઓ વહેલા સાજા થઇ જાય તેવી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના.અહીં સંપૂર્ણ સુરક્ષા છે, પરંતુ મનમાં પીડા છે. રામકથા સાથે જોડાયેલા હોય કે ન હોય. હું મૃતકોને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરૂ છું અને દિવંગત વ્યક્તિઓના પરિવારોને રૂ. ૫ લાખ તુલસીપત્રરૂપે સહાયની જાહેરાત કરૂ છું.

---

**સુરતના યુવકનો આજે જન્મ દિવસ છે**

## ૩ હતભાગીઓના મૃતદેહ ગુજરાત આવી પહોંચ્યા

**સમય મિરર । રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ગઇકાલે (૨૨ એપ્રિલ)ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૭ લોકોનાં મોત થયા છે. જેમાં ત્રણ ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. ભાવનગરના પિતા-પુત્ર અને એક સુરતના યુવકનું મોત થયું હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. ભાવનગર જિલ્લા કલેક્ટરના જણાવ્યા મુજબ મૃતદેહોને હવાઇ માર્ગે શ્રીનગરથી મુંબઇ અને બાદમાં ભાવનગર લાવવામાં આવ્યા હતાં.

મૂળ અમરેલી જિલ્લાના વતની અને સુરત બાદ છેલ્લા એક વર્ષથી મુંબઈમાં રહેતા શૈલેષ કળથિયા તેમના પરિવાર સાથે કાશ્મીર ફરવા ગયા હતા પરિવાર ઘોડા પર બેસીને કુદરતના સૌદર્યને નિહાળતો હતો ત્યારે જ અચાનક આંતકવાદીઓએ ધડાધડ ગોળીબાર કરતા શૈલેશભાઈને ગોળી વાગતા મૃત્યુ થયું હતું. જન્મદિનની ઉજવણી કરવા માટે જ શૈલેષભાઈ કાશ્મીર ગયા હોય એવી શક્યતા છે.

## કાશ્મીર પ્રવાસન ક્ષેત્રને મોટો ફટકો : હુમલા બાદ ગુજરાતીઓના ૯૦ ટકા ટૂર પ્લાન કેન્સલ

### ઉનાળુ વેકેશનમાં કાશ્મીર ખાલીખમ : ટૂર ઓપરેટર અને એરલાઈન્સ પણ કેન્સલેશન ચાર્જ લેશે નહીં

**સમય મિરર । રાજકોટ**

કાશ્મીરમાં પ્રવાસીઓ પર થયેલા હુમલા બાદ અનેક પ્રવાસીઓ જ્યારે બુકિંગ કેન્સલ કરાવી રહ્યા છે, ત્યારે પ્રવાસીઓને કોઈપણ તકલીફ ન પડે તેના માટે અને આગામી નિર્ણય લેવા માટે અમદાવાદમાં ગુજરાત ટુર્સ ટ્રાવેલ એસોસિયેશનની બેઠક મળી હતી.

આ બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો કે છે કે મોટાભાગની એરલાઇન્સ અને હોટલને ચાર્જીસ રિફંડ આપવામાં માટે વાતચીત કરી છે. એરલાઇન્સો દ્વારા ક્રેડિટમાં રિફંડ અપાશે. આ ઉપરાંત ટૂર ઓપરેટરોએ પણ પ્રવાસીઓ માટે ઓપ્શન મૂક્યા છે. જો તેઓ કાશ્મીરનો પ્લાન કેન્સલ કરાવવા માગતા હોય અથવા તો તેઓ પ્લાન ચેન્જ કરીને હિમાચલ, કેરળ, દાર્જીલિંગ અને સિક્કિમ પણ જવા માગતા હોય તો કરાવી શકે છે. પહેલગામના આતંકી હુમલા બાદ કાશ્મીરનો પ્રવાસ કરનારા લોકો બુકિંગ કેન્સલ અથવા તો સ્થળ ચેન્જ કરી રહ્યા છે. રાજકોટમાં ટ્રાવેલ એજન્ટ એસોસિયેએશન ઓફ ઇન્ડિયાના સભ્ય ગોપાલ ઉનડકટે જણાવ્યું હતું કે કાશ્મીરમાં બનેલી દુઃખદ ઘટનાથી ટ્રાવેલ ઇન્ડસ્ટ્રીને ખૂબ જ મોટો ફટકો પડશે. ટ્રાવેલ અને ટૂરિઝમક્ષેત્રને આ મોટો ફટકો છે. એપ્રિલ અને મે મહિનામાં ઉનાળાની ઋતુ દરમિયાન સૌથી વધુ બુકિંગ ટૂરિઝમક્ષેત્ર પર થતું હોય છે. હાલની સ્થિતિ દરમિયાન ૫૦% જેટલું કેન્સલેશન નોંધાયું છે. આગામી તારીખ ૧૦ મે સુધી જે લોકોએ શ્રીનગરનું બુકિંગ કરાવ્યું હતું તે લોકો અત્યારે તેમનું બુકિંગ કેન્સલ કરાવી રહ્યા છે. સમર વેકેશન દરમિયાન ડોમેસ્ટિક લેવલે ગુજરાતીઓ મોટેભાગે એટલે કે લગભગ ૪૦% લોકો જમ્મુ-કાશ્મીર અને શ્રીનગરમાં ફરવા જવાનું પસંદ કરતા હોય છે. હાલમાં ભયની સ્થિતિ લોકોમાં જોવા મળી રહી છે, જેના કારણે લોકો બુકિંગ કેન્સલ કરાવી રહ્યા છે. કાલ રાતથી આજે બપોરના ૧૨ વાગ્યા સુધીમાં મારી પાસે રાજકોટ અને સૌરાષ્ટ્રના મુસાફરોનું ૧૦૦થી ૧૨૫ ટિકિટનું કેન્સલેશન આવી ગયું છે.

## રાજકોટના માંકડ અને નકુમ પરિવારના આઠ સભ્યો કાશ્મીરમાં સુરક્ષિત છે

### ફ્લાઈટનું ભાડુ ૪૦ હજારે પહોંચતા તુરંત નીકળવું મુશ્કેલ

**સમય મિરર । રાજકોટ**

રાજકોટમાં રહેતો અને પ્રાઇવેટ નોકરી કરતો યુવાન હેત માંકડ સહિત પરિવારના ૪ સભ્યો તો અન્ય કુલદિપ નકુમ સહિત ૪ લોકો કાશ્મીરમાં ફસાયેલા છે. જોકે હાલ તેઓ સુરક્ષિત હોવાનુ સામે આવ્યું છે. બંનેના પરિવારની માંગણી છે કે, અમારા પુત્રો સહિતનાને સરકાર સુરક્ષિત પરત લાવે.

જ્યારે અન્ય પરિવાર રાજકોટના કુલદીપ નકુમ સહીત ૪ લોકો શ્રીનગરમાં ફસાયા હોવાનુ સામે આવ્યુ છે. જમ્મુ કશ્મીરમાં આતંકી હુમલો થયો બાદમાં પ્રવાસીઓ ત્યાં ફસાયા છે. કુલદીપના પિતા રાજેશ નકુમે જણાવ્યું હતુ કે, સરકાર પાસે અમારી અપેક્ષા છે કે તાત્કાલિક અમારા બાળકોને અમારા સુધી પોહ્ચાડવા મદદ કરો. અમે ગઈકાલના જમ્યા નથી. અમારો દીકરો અને વહુ જલ્દી આવે તેવી માંગ છે. અમારા દીકરાએ કહ્યું ફલાઈટના ભાડા ૩૫ થી ૪૦ હજાર છે અને તેમાં પણ વેઈટિંગ છે. અન્ય વાહનો પણ મળતા નથી ,રસ્તાઓમાં જામ લાગી ગયા છે.

---

**ખેડૂતોની રજૂઆત બાદ બાગાયતી વિભાગે ૪ ટીમો બનાવી**

## ગીર પંથકમાં કેસર કેરીનો ૮૦ ટકા પાક નિષ્ફળ ગયો : રિ-સર્વે શરૂ કરાયો

**સમય મિરર । સોમનાથ**

ઉનાળામાં સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓથી માંડી દેશ વિદેશમાં ગીરની કેસર કેરી પહોંચી જાય છે. પરંતુ આ વખતે થોડા દિવસોમાં મે મહિનો શરૂ થવા જઈ રહ્યો છે. ત્યારે જે પ્રમાણમાં કેશર કેરીની આવક થવી જોઈએ તે પ્રમાણમાં આવક દેખાતી નથી ત્યારે ગીર પંથકના ખેડુતોએ તેમનો કેરીનો ૮૦ ટકા પાક નિષ્ફળ ગયો હોવાની રજૂઆત બાગાયત વિભાગને કરતા વિભાગ દ્વારા ચાર ટીમો બનાવી રિસર્વે શરૂ કરાવાયો છે.

તાલાલા તાલુકાના આંકોલવાડી આંબળાશ, માધુપુર, બામણા સા, જશાપુર,રસુલપરા, હડમતીયા, સુરવા, ભીમદેવળ સહિતના ગામોમાં બાગાયતી વિભાગ દ્વારા ચાર ટિમ બનાવી રિસર્વેની કામગીરી શરૂ કરી છે.અને સ્થાનિક સ્તરે સરપંચ અને ખેડૂતને સાથે રાખી આંબાના બગીચામાં ફરી કેરીના પાકની



સ્થિતિ ચકાસવામાં આવી રહી છે. તાલાલા તાલુકામાં નાયબ બાગાયત નિયામક સોજીત્રાની રાહબારી હેઠળ બાગાયત અધિકારી પ્રીતિબેન ગોહેલ અને અન્ય સભ્યોની ચાર ટીમ ગામડાઓ ખૂંદી રહી છે.આવતી કાલે સર્વે પૂર્ણ થશે અને સરકારમાં સર્વેનો રિપોર્ટ કરવામાં આવશે.ત્યારબાદ સરકાર દ્વારા કેરી ઉત્પાદકોને કેટલું વળતર આપવામાં આવે છે તેમના પર સૌની મિટ મંડાયેલી છે. તાલાલા પંથકમાં રિસર્વેની કામગીરી સંભાળતા બાગાયત અધિકારી પ્રીતિબેન ગોહેલ એ સર્વેમાં જોવા મળેલ સ્થિતિ અંગે જણાવ્યું હતું કે નવેમ્બર માસમાં ફૂટેલા મોર માં કેરીનું પાંચ થી દશ ટકા ફૂટ સેટિંગ થયું છે.જ્યારે ડિસેમ્બરમાં એસી ટકા મોર આવેલા તે વાતાવરણ બગડતા મોર નાશ પામતા કેરી બંધાઈ નથી.જ્યારે જાન્યુઆરી માસમાં આવેલા મોરમાં પાંચ-સાત ટકા જેટલું કેરીનું બંધારણ સેટિંગ થયું હોય ઓવરઓલ કેરીનો પાક વીસ ટકા જેટલો જ જોવા મળે છે. આથી બાગાયટી વિભાગ દ્વારા રિસ વેં શરૂ કરાયો.

## કચ્છમાં દાદા બન્યો હેવાન : ઘેની પીણું પીવડાવી પૌત્રીનિ કરી છેડછાડ

### અભયમની ટીમે કાઉન્સેલીંગ કરી ફરિયાદ કરાવી

**સમય મિરર । ભૂજ**

આજકાલ સ્ત્રીઓ પર વધી રહેલી દુષ્કર્મની ઘટનાઓ બાદ બાળાઓ પણ સુરક્ષીત નથી. તેવું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. તેવા સમયે એક પૌત્રીએ જ તેના દાદા સામે બિભસ્ત છેડછાડ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટના કચ્છમાં બનવા પામી છે.

એક પૌત્રી સાથે તેના દાદાએ જ છેડછાડનો પ્રયાસ કર્યો હતો. પીડિતાએ ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર મદદ માટે ફોન કર્યો હતો. ઘટના એ સમયની છે જ્યારે પીડિતાને રાત્રે તરસ લાગી હતી. તેણે રસોડામાં હાજર દાદા પાસેથી પાણી માંગ્યું હતું. પાણી પીધા બાદ તેને ચક્કર આવવા લાગ્યા અને બેહોશી જેવી સ્થિતિ થઈ હતી. પીડિતાને શંકા છે કે દાદાએ પાણીમાં નશીલો પદાર્થ ભેળવ્યો હતો. આ દરમિયાન દાદાએ તેની સાથે શારીરિક છેડછાડ પણ કરી હતી.

અભયમ ટીમના કાઉન્સેલર પ્રવિણાબેન, મહિલા પોલીસ અંજલીબેન સુથાર અને પાયલોટ ભાવેશભાઈ ખંભુ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પીડિતાની સ્થિતિ જોતાં તેને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પીડિતાની સ્થિતિ જોતાં ટીમે તેને બી-ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં દાદા વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવી હતી. પીડિતાના પિતાનું ૧૦ વર્ષ પહેલા અવસાન થયું હતું અને માતાએ બીજા લગ્ન કરી લીધા હોવાથી તે દાદા સાથે રહેતી હતી. હાલ પીડિતાને તેની મોટી બહેનને સોંપવામાં આવી છે. ૧૮૧ અભયમ ટીમની મદદથી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દાદા સામે છેડતીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

**હોસ્પિટલના ખર્ચ માટે બે શખ્સો પાસેથી નાણાં લીધા હતા**

## મોરબીના નાનીવાવડીમાં નાણાં ચૂકવી ન શકનાર યુવકની હત્યા નિપજાવાઈ

**સમય મિરર । મોરબી**

મોરબીના નાની વાવડી ગામમાં નદીના કાંઠે દશામાના મંદિર પાછળથી ગઈકાલે એક યુવકની ઈજાગ્રસ્ત હાલતમાં લાશ મળી આવી હતી. પી.એમ. દરમિયાન યુવકની હત્યા નિપજાવવામાં આવ્યું હોવાનું સામે આવતા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો અને તેમાં બે શખ્સોએ તેની હત્યા નિપજાવી હોવાનું સામે આવ્યું છે. જેની સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા તજવીજ શરૂ કરાઈ છે.

મોરબીના નાનીવાવડી ગામમાં દેવું ચૂકવી ન શકવાના કારણે એક યુવકની નિર્મમ હત્યા કરવામાં આવી છે. મૃતક દિપકભાઈ મકવાણા (૩૨) કડિયાકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. હોસ્પિટલના ખર્ચને પહોંચી વળવા માટે દિપકભાઈએ



હેમંત સોલંકી અને ગૌતમ ઉભડીયા પાસેથી રૂપિયા ઉધાર લીધા હતા. રૂપિયા પરત ન કરી શકતા બંને આરોપીઓએ તેમને દશામાના મંદિર પાછળ તળાવ કાંઠે બોલાવ્યા હતા. ત્યાં તેમના માથા અને શરીર પર બોથડ પદાર્થથી હુમલો કરી હત્યા કરી નાખી હતી. મૃતકના પિતા ભાણજીભાઈ મકવાણા (૭૫)એ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, તેમના મોટા દીકરા વસંતભાઈને હોસ્પિટલમાં હતા ત્યારે ચાદર મંગાવવા માટે દિપકભાઈને ફોન કર્યો હતો. આ ફોન આરોપી હેમંત સોલંકીએ ઉપાડ્યો હતો અને રૂપિયાની માંગણી કરી હતી. બંને આરોપીઓએ દિપકભાઈને મારી નાખવાની ધમકી પણ આપી હતી.

બીજા દિવસે સવારે રણછોડભાઈ મકવાણાના ફોનથી દિપકભાઈની હત્યાની જાણ થઈ હતી. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો. તાલુકા પોલીસ સ્ટેશને હત્યાનો ગુનો નોંધી બંને આરોપીઓની ધરપકડ માટે તપાસ શરૂ કરી છે. તાલુકા ડ્ઝી એસ.કે.ચારેલ અને તેમની ટીમ આ કેસની તપાસ કરી રહી છે.

---

# ઉનામાં વિકલાંગ સાળાએ બનેવી પર કાર ફેરવી મોતને ઘાટ ઉતાર્યો

**જંગલમાં પ્રવાસ દરમિયાન કચરો ફેંકતા સાળાને બનેવએ ગાડી માંથી ઉતારી દીધો, ગુસ્સે ભરાયેલા સાળાએ બનેવી પર મિત્રની કાર લાવીને ઉપર ફેરવી મોતને ઘાટ ઉતારી નાસી છૂટયો!!**

**સમય મિરર । ઊના**

ઉના શહેર નાં જી.ઈ.બી સોસાયટી વિસ્તારમાં રહેતાં બાવાજી શખ્શે તેનાં કોડીનાર નાં વેલણ ગામે રહેતાં બનેવી સાથે ગત ૨૦ એપ્રિલ નાં પરીવારજનો સાથે ગીર નાં જંગલ વિસ્તાર માં આવેલા કનકાઈ માતાજી ના મંદીર દર્શન કરીને ફરવા ગયેલા આ વખતે ઉના રહેતાં સાળા ને વડીલો એ નાં પાડવા છતાંય જંગલમાં કચરો ફેંકતા ઠપકો આપતાં ગુસ્સો કરી રીસાઈ ગાડી માંથી ઉતારી મુકતાં બસ મારફતે વિકલાંગ બાવાજી શખ્સ ઉના આવી ગયેલ અને સોસાયટીના ખુણે પોતાના મિત્ર ની ઈકો કાર ની ચાવી લઇ ને ગાડી માં બેસી પુરપાટ ઝડપે દોડાવી રોડ સાઈડ પર ચાલી આવતાં બનેવી ને ગાડી ની જોરદાર ટક્કર મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા અને ત્યારબાદ આ ઘટના ને મરણ જનાર નાં પુત્ર એ અકસ્માત માં ખપાવી દેવા ઉના પોલીસ માં ફરીયાદ નોંધાવી હતી .

અકસ્માત ની ઘટના અંગે પોલીસ અધિકારી મહેન્દ્રસિંહ રાણા ને ગળે નહીં ઉતરતા ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી અને ઘટના ના સ્થળે સીસીટીવી ફૂટેજ તપાસ કરતાં અને આજુબાજુના વિસ્તારમાં પુછપરછ કરતાં આ સમગ્ર ઘટના પર નું રહસ્ય બહાર આવ્યું અને હત્યા માં ઘટના પલટાય છે.

ગત તારીખ ૨૧ એપ્રિલ નાં ૧૧/૨૦ કલાકે રાત્રિનાં ભરતગીરી ઉર્ફે ભારતીગીરી પ્રભાત ગીરી ગૌસ્વામી ઉવ ૫૬ રે વેલણ તા કોડીનાર વાળા ને કોઈ અજાણ્યા ઈકો ચાલકે અડફેટે લઈ મોત નિપજાવેલ હોવાની ફરીયાદ ઉના પોલીસ સ્ટેશન માં મરણજનાર નાં દિકરા મીતગીરી ભરતગીરી ઉર્ફે ભારતીગીરી ગૌસ્વામી એ રે વેલણ તા કોડીનાર વાળા એ નોંધાવી હતી આ બનાવ ઉના જી ઈ.બી. સોસાયટી નાં શેરીના રસ્તા ઉપર બનેલ હોય બાહોશ ગુના ડિટેક કરતાં પોલીસ ઈન્સ્પેકટર એમ.એન.રાણા એ સ્થળ વિઝિટ કરતા અકસ્માત ની ઘટના નું સત્ય મૃતક નાં પરીવારજનો છુપાવતા હોય અને બનાવ કાંઇક બીજો બનેલ હોવાનુ પ્રાથમિક દ્રષ્ટી



(તસ્વીર : ફારુક કાજી ઉના)

જોવાં મળતાં પોલીસ ઈન્સ્પેકટર એમ.એન. રાણાએ રાત્રિ દરમિયાન બનેલાં આ ગુન્હાની સત્ય હકીકત શોધી કાઢવા ઉના સર્વલન્સ ટીમ ને કામે લગાડતાં તે દરમ્યાન સર્વલન્સ સ્કોર્ડ નાઈનચાર્જ.એસ.આઇ.શાંતિલાલ સોલંકી પો.કોન્સ.અનીલભાઇ ભુપતભાઇ જાદવ ને બાતમી મળેલ કે, મૃતક ભરતગીરીને તેના સાળા રોહીત ગીરી ઉર્ફે રીકી બાબુગીરી ગોસ્વામી રહે.જી.ઇ.બી. સોસાયટી, આનંદવાડી પાસે, વેરાવળ રોડ, ઉનાવાળા એ સંયુક્ત પરિવાર સાથે તા.૨૦ એપ્રિલ ૨૦૨૫ ના જંગલ નાં સાસણ અને ગીર નાં નેશ વિસ્તારમાં આવેલા કનકાઇ મંદિર સહિત પ્રવાસ વિસ્તારમાં ફરવા જતા હતા તે વખતે જંગલ માં કચરો ફેંકતા વિકલાંગ સાળા ને તેનાં બનેવી બહેનો અને પોતાના વડીલોના ના કહેવા છતા તેણે કચરો જંગલમાં ફેકી ગુસ્સે થઇ રીસાઇ ગયેલ અને કાર નીચે ઉતરી ગયેલ અને બપોરનાં સમયે જંગલમાં છોડી પરીવારજનો ફરવા ચાલ્યા જતાં અને મોડીરાત્રી ઉના નાં વેરાવળ રોડ પર આવેલ જી.ઈ.બી. કોલોની માં રહેતાં મૃતક નાં સસરા રોહિત ગીરી નાં ઘરે આવતાં હતાં આ પહેલાં વિકલાંગ બાવાજી શખ્સ ભરતગીરીને રોહીતગીરી પહેલાં ઉના આવી ગયેલ અને તેનાં મિત્ર ની ઈકો કાર નંબર જી.જે. ૦૩ ઈ. કે.૨૬૩૯ લાવીને સોસાયટી નાં નાકે બેઠેલ હોય તેનાં બનેવી બહેન અને પરીવાર નાં સભ્ય રોડ પર પગપાળા આવતાં હોય પુરઝડપે કાર ચલાવી ને ઈરાદાપૂર્વક મારી નાખવા ડ્રાઇવીંગ કરી બનેવી ભરતગીરી રોડની વચ્ચે ઉભા હોય તેનાં સાથે ઈકો કાર સામેથી અથડાવી ભરતગીરી રોડની વચ્ચે પડી ગયેલ તેની ઉપર ઈકો કાર ચડાવી શરીરે સામાન્ય તથા ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી હત્યા કરી નાશી છુટેલ હોવાની સનસનીખેજ વિગતો બહાર આવતાં તાત્કાલિક ઉના પોલીસે કોર્ટ ને સમગ્ર અકસ્માત ની ઘટના નહીં પરંતુ હત્યા ની ઘટના બની હોવાનો રીપોર્ટ કરીને નાશી છુટેલા ભરત ગીરી ને ભાવનગર રોડ પર આવેલ સનખડા આઉટ પોસ્ટ પોલીસ ચોકી પાસે થી ઈકો કાર સાથે પકડી પાડી ઉના પોલીસ સ્ટેશન લાવી પુછપરછ હાથ ધરી છે.

આમ સગા પુત્ર એ મામા રોહીતગીરી ઉર્ફે રોકી બાબુગીરી ગોસ્વામી એ કરેલી ઈરાદાપૂર્વક મારી નાખવા ની ઘટના અકસ્માત માં ખપાવવા પ્રયાસ કર્યો પરંતુ કાબેલ હોંશિયાર અને પોલીસ અધિકારી મહેન્દ્રસિંહ રાણા અને તેમના ચુનંદા સ્ટાફે ગણતરીના કલાકોમાં સમગ્ર રહસ્મય ભેદ ઉકેલી નાખીને આરોપી ની અટક કરીને તેણે ગુન્હાહિત કૃત્ય કર્યું તેમાં ઉપયોગ લીધેલી મારૂતિ સુઝુકી ઈકો કાર નંબર જી.જે.૦૩ ઈ કે ૨૬૩૯ કબજે કરી વધુંતપાસપો.ઈન્સ.એમ.એન. રાણા, પો.સબ.ઈન્સ.આર.પી.જાદવ,પો. સબ.ઈન્સ.એસ.બી.બોરીચા,એ.એસ.આઇ. શાંતિલાલ સોલંકી, જોરૂભા મકવાણા, પો.હેડ.કોન્સ.નાનજીભાઇ ચારણીયા, પો. કોન્સ.રવિસિંહ ગોહીલ,તથા ભાવસિંહ પરમાર, અનિલભાઇ જાદવ, લગધીરસિંહ સરવૈયા, અરવિદભાઇ બારડ, સુનિલભાઇ બાંભણીયા,તથા વિજયભાઇ રામ, વિજયભાઇ વાઢેળ, એ તપાસ માં જોડાયાં હતાં.

### પોલીસે આરોપી પાસે રીહસર્લ કરાવ્યું

આરોપી બાવાજી યુવાન અકસ્માત નાં કારણે વિકલાંગ હોવાથી તેણે કાર નો કેવી રીતે ઉપયોગ કર્યો હતો તે ઈકો કાર સાથે બનાવ સ્થળે આરોપી ને લઈ પોલીસ અધિકારી મહેન્દ્રસિંહ રાણા પહોંચી કાર આરોપી પાસે ચલાવી કેવી રીતે હત્યા કરી હતી તેનું રીયસલ ધટના સ્થળે કરાવ્યું હતું

### એક વર્ષ પહેલાં મકાન ભાડે રાખીને પરિવાર રહેતો

રોહિત ગીરી ગૌસ્વામી એ એક વર્ષ પહેલાં જી.ઈ.બી. કોલોની માં મકાન ભાડે રાખ્યું હતું તેમને સંતાન માં ત્રણ દિકરી અને એક પુત્ર હોય જેમાં બે દિકરી મુંબઈ રહેછે તેમજ એક દિકરી કોડીનાર નાં વેલણ ગામે લગ્ન કર્યા હતાં બધું પરીવાર હસી ખુશી થી ફરવા નિકળ્યા હતા પરંતુ આરોપી ભરતગીરી વારંવાર કચરો ફેંકતા પરીવારે ઠપકો આપ્યો અને પોતાનાં બનેવી ને પતાવી દેવા મગજમાં ગુસ્સો ભરી બેઠો હતો ઉના આવતાં ની સાથે ઝગડો કરીને કાર માથે નાખી નાશી છુટેલ આ હત્યા પછી પણ જરાપણ રંજ નહીં હોવાનું જોવાં મળ્યો હતો માતાપિતા ની આર્થિક સ્થિતિ ખરાબ હોવાથી બહેનો આર્થિક મદદ આરોપી ને કરતી હતી